# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 5

અન્ય પૃષ્ઠો પર...

02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

05 આમ બને ? હા, આમ પણ...
ડંકેશ ઓઝા

06 બંધારણ પણ મુંઝાય છે...
રમેશ ઓઝા

08 જગદીશભાઈ શાહ સાથેના...
રમણભાઈ ભોકલવા

09 8મી માર્ચ : આંતરરાષ્ટ્રીય...
હીમાંશી શેલત/સરુપ ધ્રુવ/ ગાર્ગી વૈદ્ય/સોનલ પરીખ/ હરનીશ જાની/મહેન્દ્ર મેઘાણી/આગ્નેશબહેન વાઘેલા

20 ન્યાયતંત્રની નબળાઈઓ
કૃષ્ણકાંત વખારીઆ

23 રાજકીય પક્ષો પારદર્શીતા...

25 રે... પાણી !

26 વ્યારાનો વીશીષ્ટ ગાંધી મેળો

27 પત્ર-સાર

28 નવું વાચન

32 કાવ્યોમાં સાંપ્રત

## “અભીવ્યક્તી એ અંતરસત્ત્વથી પ્રગટતો તણખો...”

હું માણસજાતના ભવીષ્ય વીશે ગાંભીર્યસભર નાનાવીધ મતમતાંતરો સાંભળું છું, વીચારોની આપ-લે કરું છું, ત્યારે મને લાગ્યા કરે છે કે આપણે આપણાં જ કારનામાંનાં ગુલામ છીએ. ખાસ કરીને યંત્રોનાં, મશીનના, જાણે હાથનાં કર્યાં હૈયે વાગ્યાં એવું. જોકે મેં તો પાશ્ચાત્ય શીક્ષણને જાકારો આપેલો. મારા મુળીયાંની ખોજ દ્વારા ઓળખની અવીરત મથામણને કારણે હું તો આમ પણ અતરાપી જેવી જ લાગું. 1949માં નૃત્યની શરુઆત કરી ત્યારે જોસેફ કેમ્પબેલની ભાષામાં કહું તો, ‘આપણી સામે, આસપાસ અને અંદર જે જીર્ણશીર્ણ ઘાટઘુટ છે તેનું હીંમતભેર ખુલ્લી આંખે નીરીક્ષણ કરવું.’ એ ઉક્તી યાદ રાખેલી.

નૃત્ય કે અન્ય કોઈ પણ અભીવ્યક્તી એ વ્યક્તીનાં અંતરસત્ત્વથી પ્રગટતો તણખો છે જે બાહ્યજગત માટે એક સ્વરુપ છે. જીંદગી એટલે ફક્ત હયાતી જ નથી. પ્રત્યેક ક્ષણે જીવંત હોવું, પ્રત્યેક પરીસ્થીતીમાં જીવવું એ જીવન છે. આ ભૌતીક પ્રગતીવાદી સદીમાં સાર્વત્રીક એકતા વીષયક શીખ બાળપણથી જ આપવી જરુરી છે. નાનાં ભુલકાંને વરસાદી ફોરાં, વીશાળ આકાશ, અંશથી બ્રહ્માંડ વીશે વીચારવા, માણવા તરફ વાળવાં જોઈએ. પ્રત્યેકને આંતરબાહ્ય સમ્યક્ દૃષ્ટી કેળવતાં શીખવવું જોઈએ. અંદરના અને બહારના અવકાશ અને આકાશને, પોતાના પરીવેશના સૌંદર્યસ્વરુપ માટે અને કદરુપાપણા માટે પણ સજાગ, સતર્ક વૈશ્વીક નાગરીક બનતાં શીખવું જોઈએ.

નૃત્ય માનવજાતનું મુળભુત સ્વયંસ્ફુરીત અભીવ્યક્તી સ્વરુપ છે. અનાદીકાળમાં અગ્નીની ફરતે મરાતા અસંખ્ય અસંબધ્ધ ઠેકડાથી લઈ આજ પર્યંતના સુફીયાણા ને પ્રોત્સાહીત સ્વરુપ સહીત અન્ય સર્જનકાર્યો પણ અકળ અનુભુતી જ છે. સાહીત્ય, નૃત્ય કે નાટક બલકે બધી જ કલામાં પ્રોત્સાહન જ અંતીમ ફળશ્રુતીનું સદાબહાર પ્રેરક તત્ત્વ છે. પરંતુ એ સ્ફુરણા પણ વર્ષોના અધ્યયન, ઉંડા જ્ઞાન અને તપશ્ચર્યાનું પરીણામ જ હોય છે.

પરંપરા એ સંસ્કૃતીનું એક પાસું છે. કલાશાસ્ત્રમાં પરંપરાવાદી હોવું એટલે જેણે કાળ સામે ટક્કર ઝીલી પોતાની પ્રમાણભુતીને જાળવી રાખી એની શાસ્ત્રીયતાને ઓળખવી. જેની વાસ્તવીક નકશેકદમ આકૃતી વર્ષોના અનુભવ પર રચાયેલી છે. પરંતુ તેથી એ કાંઈ અપરીવર્તનશીલ શાશ્વત પુર્ણતા પણ નથી...

**– મૃણાલીની સારાભાઈ**

[‘અંતર્નાદ’ની પ્રસ્તાવનામાંથી, ગ્રંથની વીગતો માટે જુઓ ‘નવું વાચન’] ❑

# સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

• ભારતનું આર્થીક પાટનગર મુંબઈથી લઈને અનેક મહાનગરોમાં થયેલી ચુંટણીનાં પરીણામો તા. 23મી ફેબ્રુઆરીએ જાહેર થયા જે એક જ મુદ્દો અધોરેખીત કરે છે : જ્યાં સબળ નેતૃત્વ અને સંગઠનશક્તી છે ત્યાં જે-તે પક્ષનો ઉમેદવાર વીજયી નીવડે છે. જ્યાં ભારતીય જનતા પાર્ટીનો વીજય થયો છે ત્યાં પક્ષનું સંગઠન **વત્તા** સંઘ પરીવારનું મજબુત પીઠબળ સત્તા હાંસલ કરવા માટે નીમીત્ત બન્યું છે. હવે મહારાષ્ટ્રમાં શું થશે તે રાજકીય વીશ્લેષકો માટે ઉંડા રસનો વીષય બની રહેશે. 2014થી મહારાષ્ટ્રમાં ભાજપ અને શીવસેનાની મીલીજુલી સરકાર છે; બંને પક્ષના અગ્રણીઓ એકબીજાની આકરી ટીકા કરવામાં પાછું વળીને જોતાં નથી... હવે એવી સ્થીતી પેદા થઈ છે કે બૃહદ મુંબઈ મહાનગરપાલીકામાં ભુતકાળ ભુલીને એળે નહીં તો બેળે, બંને પક્ષોએ ભેગાં બેસવું જ પડે... જોકે રાજકારણમાં કોઈ કાયમી દુશ્મન હોતા નથી કે કાયમી મીત્રો હોતા નથી... મીત્રોંઓંઓંઓંએ ભેગાં થવું પડે તે સમયનો તકાજો છે !

• 'યુનાઈટેડ સ્ટેટ્સ કમીશન ઓન ઈન્ટરનેશનલ રીલીજીયસ ફ્રીડમ' અમેરીકી સરકારે જ સ્થાપેલું પંચ (કમીશન) છે. આ પંચનો રીપોર્ટ ચીંતાજનક મુદ્દાઓ ઉજાગર કરે છે, જેમાં ભારત અંગે કહેવાયું છે. [ગુજરાત સમાચાર : 10-2-2017]

- નેશનલ અને સ્ટેટના કાયદાઓનો ઉપયોગ ધાર્મીક સ્વતંત્રતા વીરુદ્ધ થઈ રહ્યો છે.
- લઘુમતીઓ અને દલીતો પર અત્યાચાર થવા તે ભારતમાં નવી બાબત નથી.
- કોંગ્રેસ અને ભાજપ બન્નેની સરકારોમાં અત્યાચારો થતાં રહે છે.
- ભારત સરકાર જૈન, બૌદ્ધ અને શીખો પર હીંદુ ધર્મના કાયદા થોપવાનું બંધ કરે.
- દલીતો પર અત્યાચાર અને તેમનો બહીષ્કાર અટકાવવા ટ્રમ્પ મોદી સાથે વાત કરે.
- અમેરીકાથી ફંડ લઈ જઈ ભારતમાં કટ્ટરવાદ ફેલાવતા હીંદુ સંગઠનો પર પ્રતીબંધ.
- કેટલાક રાજ્યોમાં વીવાદીત કાયદા છે, જેને હટાવવા અમેરીકા ભારતને અપીલ કરે.
- અત્યાચાર સામે અવાજ ઉઠાવનારા સંગઠનો પર મોદી સરકારે નાખેલા પ્રતીબંધો તાત્કાલીક હટાવવા જરુરી.

આ કમીશન પોતાનો રીપોર્ટ અમેરીકાના રાષ્ટ્રપતીને પેશ કરે છે. એને કેટલું મહત્ત્વ અપાય છે તેની જાણકારી નથી. પરંતુ ભારતની આંતરીક બાબતોમાં તે દખલ કરવા જેવું ગણાય... મોદીસરકાર કેવો પ્રતીભાવ આપે છે તે જોવું રહ્યું.

• વાયરની 'જન કી બાત'માં ઘણા લાંબા સમયે વીનોદ દુઆ જોવા મળ્યા. વળી, 19-2- 2017ના 'ગુજરાત ટુડે'માં એ સમાચાર પણ પ્રગટ થયા છે. મધ્ય પ્રદેશની એટીએસએ પાકીસ્તાની ગુપ્તચર એજન્સી ISI માટે કામ કરવાના આરોપસર ધ્રુવ સક્સેના, કુશ પંડીત વગેરેની ધરપકડ કરી છે. વીનોદ દુઆ કહે છે કે, જેમની ધરપકડ થઈ છે તેમાંથી કોઈ મુસ્લીમ હોત કે જેએનયુનો સ્ટુડન્ટ હોત તો તમામ ચેનલોએ હોબાળો મચાવી દીધો હોત ! એવું પણ જણાવાયું છે કે, એમાં ભાજપ આઈટી સેલના કન્વીનર સામેલ છે, મધ્યપ્રદેશના અગ્રણીઓ સાથે ઘરોબો ધરાવે છે, મોંઘીકારના શોખીન છે વગેરે વગેરે. તપાસ એજન્સીઓએ રાજકીય પક્ષોના વાજીંત્ર બનવું ન જોઈએ. દેશની સુરક્ષા અને રાષ્ટ્રહીત જાળવવાના મામલે ન્યાયી, તટસ્થ અને મજબુત તપાસ થવી જોઈએ. સાધ્વી પ્રજ્ઞા, કર્નલ પુરોહીત વગેરે ગમે તે પક્ષની વીચારધારા ધરાવતા હોય; તેઓ દોષીત હોય તો સજા થવી જ જોઈએ.

• 'સૌનો સાથ સૌનો વીકાસ'થી પાંચ રાજ્યોની ધારાસભાની ચુંટણીમાં પ્રચારનું રણશીંગુ ભાજપે ફુંક્યું હતું. પછી જો ઉત્તર પ્રદેશમાં સંપુર્ણ બહુમતી સાથે ભાજપ જીતશે તો રામમંદીર બાંધીને જંપશે, એવું કહેવાયું. જેમ જેમ દીવસો વીતવા લાગ્યાં તેમ કોમી ધોરણે ધ્રુવીકરણની કોશીશ ચાલુ થઈ, તે છેક કબ્રસ્તાન - સ્મશાન સુધી આવીને અટકી ! ગુજરાતમાં દલીતો અને કેટલાક પછાતવર્ગો મૃતદેહને દાટે છે એટલે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે સ્મશાનની જમીન નીમ કરવાની માગણી થયેલી...

• ભારતીય જનતા પાર્ટીના પુર્વ સાંસદ દીનુ બોઘા સોલંકીને પોલીસ છાવરી રહી છે. એકવાર જસ્ટીસ પારડીવાલા સમક્ષ અને બીજીવાર જસ્ટીસ સોનીયાબેન ગોકાણી સમક્ષ કેસ રજુ થયો. જ્યારે જસ્ટીસ પારડીવાલાએ હુમલાની સીડી જોઈ ત્યારે 'હું હતપ્રભ થઈ ગયો હતો કે હું ગુજરાત રાજ્યમાં જજ છું કે અન્ય કોઈ રાજ્યમાં... હાલ આપણો દેશ ગુનાખોરી, ભ્રષ્ટાચાર, ભય, અથડામણો, રાગદ્વેષથી

ઘેરાઈ ગયો છે. ગુનો અને ભ્રષ્ટાચાર ચીરકાળથી આપણી સાથે છે અને તે જીદ્દી દાનવો જેવા છે. જે દેશની દરેક સરકાર સામે ગંભીર મુશ્કેલી સર્જે છે અને સમાજ ઉપર ભારે બોજા સમાન છે. સામાન્ય માણસ પોલીસ અને વહીવટી તંત્ર ઉપરથી વીશ્વાસ ગુમાવી રહ્યા છે...' આશા રાખીએ કે આરોપી પર યોગ્ય કાર્યવાહી થાય.

• કચ્છમાં નલીયાકાંડમાં ભાજપના હોદ્દેદારો સંડોવાયા છે, તેમની ધરપકડ પણ થઈ છે. વીધાનસભા સત્ર શરુ થયા પછી શાસક - વીરોધ પક્ષ વચ્ચે કંઈક સમજુતી થયાનું બહાર આવ્યું છે... માત્ર ભીનું સંકેલાઈ ન જાય તે જરુરી છે. એક પછી એક કાંડ બનતા રહે છે તેમાં જુના કાંડને અભેરાઈ પર ચડાવી દેવાય છે. ઉનાકાંડ વખતે દલીતોનો રોષ જોઈને ખાતરી અપાયેલી કે થાનગઢ ગોળીબાર અંગેનો રીપોર્ટ જાહેર કરીશું અને ફરાર આરોપીની ધરપકડ કરીશું. હજી કંઈ થયું નથી... નલીયાકાંડના અરસામાં જ કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી પણ ચમકી ગયાં. ઉમાજી ઉવાચ : બળાત્કારીની ચામડી ઉખેડીને તેના પર મીઠું-મરચું ભભરાવવું જોઈએ કે જેથી જીવતો રહેવા માટે તે તરફડીયાં મારે. એકવાર હું સીએમ હતી ત્યારે મેં આવું જ કર્યું હતું. [સંદેશ : 11-2-2017] આવું નલીયાકાંડના આરોપી સાથે થવું જોઈએ એવી માગ ઉઠી છે.

• મોદી સરકારની ગુલબાંગો વચ્ચે એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે. આર્થીક સ્વાતંત્ર્યના સુચકાંકમાં ભારત નોંધપાત્ર રીતે પાછળ ધકેલાઈ ગયું છે. આ સુચકાંકમાં ભારત 123 સ્થાને હતું, જે આ વર્ષે છેક 143મા સ્થાન પર પહોંચી ગયું છે. આ સુચકાંક જોકે વર્લ્ડ બેંક જેવી કોઈ સંસ્થાએ તૈયાર કર્યો નથી પણ હેરીટેજ ફાઉન્ડેશન નામની એક અમેરીકન થીંક ટેન્કે તૈયાર કર્યો છે છતાં તેને અવગણી શકાય નહીં. 'ઈન્ડેક્સ ઓફ ઈકોનોમીક ફ્રીડમ'ના રીપોર્ટમાં કયા દેશમાં આર્થીક બાબતોમાં કેટલું મુક્ત વાતાવરણ છે તે જણાવાય છે. આ સુચકાંકમાં ભારત ગયા વર્ષે હતું તેના કરતાં 20 આંક પાછળ ધકેલાયું છે ! [ગુજરાતમીત્ર : 21-2-2017નો તંત્રીલેખ]

• 26 સંસદસભ્યોએ પક્ષીય મતભેદો ભુલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કડક શબ્દોમાં લખેલા એક પત્રમાં સ્પેશીયલ કૉમ્પોનન્ટ પ્લાન (એસસીપી) અને ટ્રાઈબલ સબ પ્લાન (ટીએસપી)ના પુન:સ્થાપન માટે માગણી કરી છે, આ જુથો માટે વધારે ફાળવણી કરી હોવાની વાત છેતરામણી છે. અગાઉના વર્ષથી ગરીબ દલીત વીદ્યાર્થીને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ પેટે રૂ. 11,267-61 કરોડ ચુકવવાના બાકી છે.

• હવે પ્રામાણીક અને સીધોસાદો ઉમેદવાર સરકારી નોકરી મેળવી શકે એ વાતમાં માલ નથી. આ માટેની પરીક્ષાના પેપરો ફોડાય છે, ચોરીઓ કરાવાય છે, લાગવગ લગાડાય છે તે જાણીતી હકીકત છે. હવે હાઈટેક ચોરી અસ્તીત્વમાં આવી છે. દીવ્ય ભાસ્કર (15 - 2 - 2017)ના સ-તસવીર રીપોર્ટમાં આનો પર્દાફાશ થયો છે. એ મુજબ ભાજપ યુવામોરચાના પુર્વ હોદ્દેદાર રમેશને પત્ની, જ્યારે જયેશને મોટો ભાઈ ઘરેથી જ જવાબ લખાવતા હતા. ચોરી માટે ઓનલાઈન મળતા ગંજીની રૂ. બે હજારમાં ખરીદી કરવામાં આવી હતી. આ ગંજી સાથે કાનમાં લગાવવાનું બ્લ્યુ ટુથ, સીમકાર્ડ ઈન્સર્ટ થાય તેવું ડીવાઈસ અને વાયર આવે છે. મોબાઈલની જરુર પડતી નથી. માત્ર ઈનકમીંગ કોલ આવે છે. પોલીસે ચાર આરોપીને પકડીને કોર્ટમાં રજુ કર્યા હતા.

• ભાજપના કાર્યકરો કશા જ ડર વગર બેફામ બનતાં જાય છે. દીનુ બોઘા સોલંકી, નલીયા કાંડના આરોપીઓ, નલીયા ઉપરાંત બે-ત્રણ જગ્યાએ દુષ્કર્મની ઘટના બહાર આવી છે... હવે વીમો પકવવા માટે અનાથ બાળકની શંકાસ્પદ દત્તકવીધીથી લઈને તેના અપહરણના પ્રયાસ અને પછી હત્યાની ઘૃણાસ્પદ ઘટના બન્યાનું જાણવા મળ્યું છે. આ કમનસીબ બાળક માળીયા હાટીનાનો ગોપાલ છે. તા. 8મીએ તેને ઉઠાવી જવાયો, ભાડુતી મારાઓએ છરીના ઘા માર્યા અને 14મીએ તેણે દમ તોડી દીધો. જે શંકાસ્પદ આરોપી છે તે ભાજપમાં હોવાનું તાલુકા ભાજપા પ્રમુખે જાહેર કર્યું છે. વળી, એવું પણ બહાર આવ્યું છે કે એનઆરઆઈ દંપતીએ 1.30 કરોડનો વીમો પકવવા દત્તક બાળકની હત્યા કરાવ્યા બાદ ઈજાગ્રસ્ત બનેવીનું પણ મોત થવા પામ્યું છે !

• આટઆટલું ઓછું હોય તેમ ભાજપના જ આગેવાને બહુચરાજી પાસે આવેલાં રાંતેજ ગામમાં ગ્રામજનોને ઉશ્કેરીને દલીતોનો બહીષ્કાર કરાવ્યો. તા. 8-9 ફેબ્રુઆરીએ યોજાયેલ પ્રાણપ્રતીષ્ઠા મહોત્સવમાં દલીતો માટે અલગ જમણવાર કરતાં મામલો બીચક્યો. દલીતોએ મૃતપશુના નીકાલની કામગીરી બંધ કરી. 16મીએ ગ્રામજનોએ એવું નક્કી કર્યું છે કે, દલીતોને કરીયાણું અથવા જીવનજરુરીયાતની ચીજો આપવામાં આવશે તો રૂ. 2,100 દંડ ફટકારવામાં આવશે. દલીતોએ ચીજવસ્તુઓ મળી રહે તેમજ પોલીસરક્ષણ આપવામાં આવે તે માટે કલેક્ટરને રજુઆત કરી છે.

• સ્વનામધન્ય મહાનુભાવોની ડીગ્રીનો વીવાદ ઠંડો પડતો નથી. નરેન્દ્ર મોદીની ડીગ્રીની ચકાસણી કરવાનો આદેશ આપનાર માહીતી કમીશનરને માનવ સંસાધન મંત્રાલયમાંથી નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે... એ વાત સાચી છે કે વડાપ્રધાનથી લઈને મીનીસ્ટર્સ માટે ગ્રેજ્યુએટની ડીગ્રી જરુરી નથી પરંતુ જો સોગંદનામું ખોટું થયું હોય તો તેની તપાસ કરવામાં ખોટું શું છે ?

• આ લખાય છે ત્યારે ગુજરાત વીધાનસભામાં અશોભનીય દૃશ્યો સર્જાયાના સમાચાર આવ્યા છે. થોડા દીવસ અગાઉ તમીલનાડુ અને હવે ગુજરાત... લોકસભા અને વીધાનસભા લોકશાહીનાં મંદીરો છે એમાં મારામારી - ગાળાગાળી થાય તે વખોડવાપાત્ર છે... બંને પક્ષો જવાબદાર છે, 'એક હાથે તાલી ન પડે.'

• ચુંટણીમામલે નવો જ આઈડીયા : મણીપુરનાં સત્યાગ્રહી કર્મશીલ ઈરોમ શર્મીલાએ 'પીપલ્સ રીસર્જન્સ એન્ડ જસ્ટીસ એલાયન્સ' નામે પક્ષ રચ્યો છે. આ પક્ષ પાસે ચુંટણી લડવાનું ફંડ નથી. તેઓએ ઈન્ટરનેટ પર અપીલ કરી તો સામાન્ય માણસથી લઈને મમતા બેનરજી, અરવીંદ કેજરીવાલ, ભાગવત માન સહીતના નેતાઓએ ઓનલાઈન ફંડ મોકલી આપ્યું છે : આમ 'ઓનલાઈન ક્રાઉડફંડીંગ' હવે ભારતમાં પણ શરુ !

### અખબારી આયનામાં ગુજરાતની ભાજપ સરકાર

• કાઉન્સીલ ફોર સોશીયલ જસ્ટીસ સંસ્થાએ એવો આક્ષેપ કર્યો છે કે દલીત - આદીવાસીઓની ગ્રાન્ટ અન્ય કામ પાછળ ન વાપરી શકાય તેવો નીયમ હોવા છતાંયે રાજ્ય સરકાર તેનો અમલ કરતી નથી. સ્ટેચ્યુ ઓફ યુનીટીનું લોખંડ એકત્ર કરવાના અભીયાનમાં, વડગરની ફીલ્મ બનાવવા માટે, સરપંચ સંમેલનનું લાઈવ પ્રસારણ વગેરે સરકારની પ્રસીદ્ધી પાછળ કરોડો રુપીયાનો ખર્ચ કરાય છે પણ દલીત-આદીવાસીઓના વીકાસમાં સરકારને રસ નથી. (ગુજરાત સમાચાર : 16-1-2017)

• રૂ. 2,11,000 કરોડના રોકાણના 31 MOU સામે હજી એક રુપીયો આવ્યો નથી. કંપનીઓએ એમઓયુ કરી, શેરના ભાવ ઉંચકાવી કરોડો ઉસેટ્યા. 2003-2011 વચ્ચે વાસ્તવીક રોકાણ રૂ. 3,10,985ની સામે સફળતાનો ગુણોત્તર માત્ર 7.85 ટકા છે; કુલ રોકાણ 9.14 ટકા આવ્યું છે. 2013માં જાહેર થયેલું કે 52 લાખ યુવાનોને રોજી મળશે, તેની સામે માત્ર 10 ટકાને રોજગારી મળી છે. (ગુજરાતમીત્ર : 30-1-2017)

• પાવર સેક્ટરના 31 એમઓયુ માત્ર કાગળ પર રહ્યા. સૌરભ પટેલનું ધુપ્પલ. સાત વર્ષ બાદ એકપણ પાવર પ્લાન્ટ શરુ થયો નહીં. તપાસ કરવા અને આર્થીક લાભ લેનાર કંપનીઓ સામે પગલાં ભરવા માંગ. (ગુજરાત સમાચાર : 30-1-2017)

• ખારાઘોડાથી નીમકનગર સુધીના 50 કીમી જેટલા રણ વીસ્તારમાં ઢીંચણસમા પાણી. નર્મદા યોજનાનું કરોડો લીટર પાણી કચ્છના નાના રણમાં વહી જાય છે. સીંચાઈ પાણીના વીતરણ પાછળ પ્રતી હેક્ટર 2.27 લાખ રુપીયાનો અધધ ખર્ચ ? (ગુજરાત સમાચાર : 1- 2-2017)

• કેશમની ક્રાઈસીસની અસર ખેતમજુરી પર થઈ. નોટબંધી પહેલાં રૂ. 140 કમાતા ખેતમજુરો હવે 60 રુપીયામાં કામ કરવા તૈયાર ! (ગુજરાત સમાચાર : 2-2-2017)

• મધ્યાહ્ન ભોજન યોજનામાં લાભાર્થી બાળકો વધવા છતાં કેન્દ્રની ગ્રાન્ટમાં ધરખમ ઘટાડો ! 2014માં રૂ. 447 કરોડની ગ્રાન્ટ સામે સવા લાખ બાળકો વધ્યાં પરંતુ માત્ર રૂ. 232 કરોડ ફાળવાયા ! યુપીએના અન્યાયની કાગારોળ મચાવનારા હવે હરફ સુધ્ધાં ઉચ્ચારતા નથી. (ગુજરાત ટુડે : 6-2-2017)

• ઘનકચરા અને ગંદા પાણીના નીકાલ - શુદ્ધીકરણમાં સરકારની ઉદાસીનતા. લાખો ટન ઘન કચરાના મોટા પહાડો સર્જાય છે. મળયુક્ત લાખો લીટર પ્રવાહી ટ્રીટમેન્ટ વગર નદીઓમાં ઠલવાય છે. ગુજરાતમાં સ્વચ્છતા મીશનની પબ્લીસીટી પાછળ રૂ. 30 કરોડનો ધુમાડો. (સંદેશ : 6-2-2017)

• સરકારનો કાયદો સરકારે જ તોડ્યો : ગ્રામસભાની મનાઈ પછી જમીન સંપાદનનો વીરોધ કરનાર સામે ફરીયાદ. આદીવાસીઓની અટકાયત થતાં ભાજપના નેતાઓ દોડ્યા. (દીવ્ય ભાસ્કર : 11-2-2017)

• અદાણી, તાતાના લાભાર્થે ગુજરાતના સરકારી વીજમથકોમાં ઓછું ઉત્પાદન : કોલસા મંત્રાલયની ફાળવણી સામે ગુજરાત સરકારે 2016-17માં 56 ટકા, 2015-16માં 65 ટકા અને 2014-15માં 80 ટકા કોલસો ઉપાડ્યો. (સંદેશ : 12-2-2017)

• શાળાના પ્રવાસી શીક્ષકો પાંચ મહીનાથી પગારથી વંચીત. રોજના મહત્તમ રૂ. 300 મહેનતાણું ચુકવવામાં પણ ઠાગાઠૈયા. (ગુજરાત સમાચાર : 12-2-2017)

• સરપ્લસ વીજળી છતાં વીજજોડાણ માટેની દોઢ લાખ અરજીઓ પેન્ડીંગ. સુનાવણી દરમ્યાન સરકારી કંપનીઓમાં પડતર અરજીઓ સંદર્ભે ખુલાસો કરવા 'જર્ક'ની તાકીદ. (નવગુજરાત સમય : 13-2-2017)

• ગુજરાતમાં ખુલેલા 62 ટકા જનધન ખાતાં બોગસ હોવાની શંકા. કુલ 2.80 કરોડ ખાતાં પૈકી માત્ર 1.06 કરોડ આધાર કાર્ડ સાથે લીંક્ડ (સંદેશ : 13-2-2017)

• મંદી અને નોટબંધીના બેવડા મારથી ભાવનગર જીલ્લાનો હીરા ઉદ્યોગ બેહાલ : 75 ટકા કારોબાર તુટ્યો. (ગુજરાત સમાચાર : 14-2-2017)

• ક્યાંનું ગ્રોથ એન્જીન ? પારદર્શીતા, જવાબદેહીતા, પ્રાથમીક સુવીધાઓની પ્રાપ્યતા, આવકની સેવાઓ માટેના કુલ ખર્ચમાં દેશના અન્ય શહેરોની સ્પર્ધામાં ગુજરાત પાછળ. પ્રાથમીક સેવાઓમાં અમદાવાદ 7મા તેમજ પારદર્શીતા-જવાબદેહી-ભાગીદારીમાં 18મું સ્થાન. (નવગુજરાત સમય : 14-2-2017) ❑

# આમ બને ? હા, આમ પણ બને !

**ડંકેશ ઓઝા**

આજનો સમાજ એક તરફ આરોગ્ય વીશે વધુ ને વધુ સભાન થતો જાય છે તો બીજી તરફ તબીબી સેવાઓ અત્યંત મોંઘી થતી જાય છે. મેડીક્લેમ પ્રતીવર્ષ લેવો અનીવાર્ય થતો જાય છે ! સરકારે એટલી વ્યવસ્થા કરી છે કે વીમાની આ રકમ આવકવેરામાંથી બાદ મળે છે. બીજી તરફ ખુલ્લેઆમ એવું પણ થવા લાગ્યું છે કે જેમનો મેડીક્લેમ હોય તેમની સારવારની રકમ મોટી અને ન હોય તેની રકમ તેથી ઓછી ! આ વીમા કંપનીઓને લુંટવાની માન્ય પ્રક્રીયા બની ગઈ છે !

સરકારી આરોગ્ય સેવાઓનું ઠેકાણું નથી. ખાનગી હોસ્પીટલો પુષ્કળ પ્રમાણમાં વધવા લાગી છે. હમણાં મારે મહીસાગર જીલ્લાના જીલ્લામથક લુણાવાડા ખાતે સરકારી તાલીમ નીમીત્તે જવાનું થયું. ત્યાં મેં જોયું કે મુખ્ય માર્ગ પર સૌથી વધુ ખાનગી દવાખાનાં હતાં. અન્ય શહેરોમાં પણ ક્યારેક હોટલો કરતાં દવાખાનાની સંખ્યા વધુ જોવા મળે છે. આરોગ્ય વીશે સભાન થયેલો મનુષ્ય ખરેખર તંદુરસ્ત નથી તેના આ બધા પુરાવા છે. તબીબી સારવાર માટે હવે ટુરીઝમની માફક 'પેકેજ' શબ્દ વપરાય છે. ગુજરાતમાં માત્ર શીક્ષણ જ નહીં તબીબી સારવાર પણ એક વેપાર છે એમ કહીએ તો સહેજ પણ અતીશયોક્તી નહીં કહેવાય.

ગરીબો તો ઠીક મધ્યમ વર્ગના માણસને પણ માંદા પડવું પોષાય તેમ નથી. છતાં તે માંદો તો પડે જ છે. રોજના યોગ, પ્રાણાયામ, કસરતથી મોટા રોગો અને તેની સર્જરી ટાળી શકાતાં નથી. ઘરેણાં ગીરવે મુકવા પડે, પૈસા ઉછીના લેવા પડે, માણસ દેવાદાર થઈ જાય એવી પરીસ્થીતીનું નીર્માણ થાય છે.

આવા સમયમાં કોઈ એવું સ્વપ્ન જુએ કે માંદા પડીશું અને તબીબી સારવાર લેવાની થશે તો એક પણ પૈસો ખર્ચ્યા વીના તે મળી શકે તેવી હોસ્પીટલ હોય તો કેવું સારું ! સામાન્યપણે સ્વપ્નો સાકાર થતાં હોતાં નથી. પરંતુ સાવરકુંડલા ખાતે રચાયેલા શ્રી વીદ્યાગુરુ ફાઉન્ડેશને આ સ્વપ્નું સાકાર કરી બતાવ્યું છે. ત્યાંના શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદીરમાં વીના મુલ્યે કોઈપણ વ્યક્તી આરોગ્ય સેવા મેળવી શકે છે. ઉચીત રીતે કહેવાયું છે કે ત્રાજવાનો વ્યવસાય ધરાવતું આ શહેર આરોગ્યનો અતુલ્ય સેવાયજ્ઞ માંડીને બેઠું છે ! મફત સેવા માટે દર્દીએ ગરીબ હોવું જરુરી નથી. કોઈ પણ દર્દીને અહીં ઉપલબ્ધ બધી સેવાઓ મફત મળે છે.

7મી જાન્યુઆરી-2015ના રોજ જેનું લોકાર્પણ થયું તે આરોગ્ય મંદીરમાં 4845 કીડનીના દર્દીઓનાં ડાયાલીસીસ કરાયાં છે, 56228 પેથોલોજીકલ ટેસ્ટ કરાયા છે, રોજની એક કહી શકાય એવી 698 પ્રસુતીઓ કરાઈ છે જેમાં 568 નોર્મલ ડીલીવરી અને માત્ર 130 સીઝેરીયન ડીલીવરી છે. હોસ્પીટલ પાસે બે એમ્બ્યુલન્સની સુવીધા છે.

જાણવું જરુરી લાગે છે કે આ જમાનામાં આવું સપનું શક્ય કેવી રીતે બન્યું ? આપણા હાસ્યલેખક રતીલાલ બોરીસાગર સાવરકુંડલાના છે. તેમણે ત્યાં શીક્ષક તરીકે કામ કરેલું. સાતેક વર્ષ ઉપર બોરીસાગરનો અમૃતમહોત્સવ તેમના વીદ્યાર્થીઓએ ભેગા મળી ઉજવ્યો. ('અમારા બોરીસાગર સાહેબ' નામના પુસ્તકમાં તેમના પ્રતીભાવો જોવા જેવા છે.) સારી એવી રકમ ભેગી થઈ જેમાંથી પ્રતીવર્ષ સ્થાનીક પ્રતીભાને શીક્ષણનો અને સાહીત્યનો એવોર્ડ આપવો એવું નક્કી થયું. એવાં કામો તો થતાં રહે છે. પરંતુ આ ફાઉન્ડેશને નીઃશુલ્ક આરોગ્ય સેવાનું કામ હાથ પર લીધું છે તે અનન્ય છે. મોરારીબાપુના તેમને આશીર્વાદ છે અને સહાય પણ છે.

ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ ક્યારેક સાવરકુંડલામાં ભણ્યા છે અથવા તો આ નગર સાથે જોડાયેલા છે. મુખ્ય સુત્રધારોમાં મુંબઈના હરેશ મહેતા અને અમદાવાદના ડૉ. માનસેતા છે, જે આખો કાર્યભાર ઉપાડી રહ્યા છે.

જે કોઈ આ બાબત જાણે છે તેને સહાય કરવાનું મન થઈ જાય એવી આ પ્રવૃત્તી છે. હરેશ મહેતા મુંબઈમાં વેપાર સાથે સંકળાયેલા છે. તેમને મુંબઈના બીજા સાથીઓનો ભરપુર ટેકો સાંપડ્યો છે. તાજેતરમાં સાવરકુંડલા ખાતે જે પર્વસપ્તમીનો કાર્યક્રમ યોજાયો તેમાં હાસ્ય કલાકાર સાંઈરામે બે કલાકમાં રુ. 11 લાખનું દાન એકઠું કરી આપ્યું. નોટબંધીના દીવસોમાં પણ સૌરાષ્ટ્રના ડાયરાઓમાં નવી નોટો ઉછળતી જોવા મળી હતી ! પણ એક કાર્યક્રમમાં લોકડાયરાનો કોઈ કલાકાર પોતાના જોરે દાનના આટલાં આટલાં કમીટમેન્ટ મેળવી આપે એ વાત પણ અનન્ય છે.

મેં તો એમ પણ સાંભળ્યું કે સૌરાષ્ટ્રમાં જેમ મફત અન્નક્ષેત્રોનો તોટો નથી તેમ મફત આરોગ્ય સેવાનાં પણ થોડાં કેન્દ્રો તો છે જ. ટીમ્બી ખાતેની નીર્દોષાનંદજી હોસ્પીટલ કદાચ આવું જ એક બીજું ઉદાહરણ છે. બીજાં પણ થોડાં હશે.

આપણો સમય બહુધા નીરાશાનો સમય છે. નકારાત્મક વલણો અને ઘટનાઓ બેસુમાર જોવા મળે છે. નકારાત્મક સમાચારોનો કોઈ અંત નથી. તેમાં આવા સમાચાર જાણવા મળે, જોવા પણ મળે અને ખરેખર આવા પ્રયોગ સફળ થતા જોવા મળે ત્યારે તેના ઓવારણાં લેવા માટે શબ્દો ઓછા પડે. આ પણ આપણો જ સમાજ છે એક જ સમાજ છે. આશ્ચર્યજનક બાબતને તે સાકાર કરી બતાવે છે. સાચુકલા પ્રયોગને સર્વકોઈ સહાય કરવા તત્પરતા દાખવે છે. ટ્રસ્ટીઓ પણ પોતાના વ્યસ્ત કામોમાંથી સામાજીક અને સામુહીક કામ માટે દોડધામ કરે છે. એવા ધનપતીઓ છે જેઓ આ કામમાં SOS ટીમ તરીકે જોડાવા તૈયાર છે તેમનું કહેવું એટલું જ છે કે આ પ્રયોગ અટકવો ન જોઈએ.

પ્રતીવર્ષ મોરારીબાપુ તેમાં હાજરી આપે છે અને આવી ટીમનું સન્માન કરે છે. દાતાઓ અમારી સાથે જ હતા અને આપણા જેવા જ હતા. પરંતુ તેઓ પોતાની સંપત્તીમાંથી આ ઉપક્રમમાં સહભાગી બનવામાં ગૌરવ અનુભવતા હતા.

રોટી-કપડાં-મકાન હજી ઘણાને નસીબ નહીં હોય ત્યારે ભણતર અને આરોગ્ય વીનામુલ્યે પ્રાપ્ત થાય એવાં સ્વપ્નો દુરનાં જ કહેવાય. આજના અખબારો એમ કહે છે કે માત્ર આઠ લોકો પાસે અડધી દુનીયાની સંપત્તી છે. ભારત પણ આવા જ ધનીકો ધરાવે છે. આવા સમાચાર એ દર્શાવે છે કે આપણો સમાજ અને આપણું વીશ્વ કેવી અસમાનતાઓથી ભરેલાં છે. આવા સમયમાં કાર્યરત વીદ્યાગુરુ ફાઉન્ડેશનના કાર્યકરો, રતીલાલ બોરીસાગર, તેમના વીદ્યાર્થીઓ અને સર્વ દાતાઓ સમાજના અભીનંદનના અધીકારી છે.

લોકશાહી વીચારની સફળતાનો જ આ પ્રયોગ કહી શકાય. આમાં સરકાર ક્યાંય વચ્ચે આવતી જ નથી. આવે છે તો કેટલીક મંજુરીઓ અને નીયમોની જાળવણીની રીતે. બાકીનું બધું કેટલાકને સુઝે છે, બાકીના તેને યોગ્ય ગણીને ઉપાડી લે છે. જેની પાસે બહુબધી સંપત્તી નથી તે આવાં સ્વપ્નાં જુએ છે અને વીચાર આપે છે જે બધાના પ્રયાસોથી સફળતાને વરે છે. સીદ્ધ એ થાય છે કે બન્નેની એટલી જ જરુર છે. આને મણીકાંચનયોગ કહી શકાય. સોનામાં સુગંધ, સેવાની સુગંધ, ભળી એમ કહી શકાય.

સાવરકુંડલાના રેલ્વે સ્ટેશન સામે આવી હૉસ્પીટલ ખુદની આંખે જોવી એ પણ આજના સમયમાં લ્હાવો જ ગણાયને ! ❑

# બંધારણ પણ મુંઝાય છે…

**રમેશ ઓઝા**

ન્યાયતંત્રના ઈતીહાસમાં પહેલીવાર સર્વોચ્ચ અદાલત, વડી અદાલતના સેવારત (સીટીંગ) જજ સી. એસ. કરનાન સામે અદાલતનો તીરસ્કાર કરવાનો ખટલો ચલાવશે. આમ તો હજુ છ મહીના પહેલા સર્વોચ્ચ અદાલતમાં સર્વોચ્ચ અદાલતના જ નીવૃત્ત ન્યાયમુર્તી માર્કન્ડેય કાત્જુ સામે અદાલતના તીરસ્કારનો ખટલો માંડવામાં આવ્યો હતો, પરંતુ કાત્જુ નીવૃત્ત ન્યાયમુર્તી છે; જ્યારે કરનાન હજુ જજ તરીકે સેવામાં છે. સર્વોચ્ચ અદાલતે પોતાની મેળે જ ન્યાયમુર્તી કરનાન સામે કેસ દાખલ કર્યો હતો અને ખટલો સાંભળવા માટે મુખ્ય ન્યાયમુર્તી જે.એસ. ખેહરે વરીષ્ઠતમ સાત જજોની બેંચ રચી છે.

દરમ્યાન ન્યાયમુર્તી કરનાનને ચુકાદો ન આવે ત્યાં સુધી દરેક અદાલતી જવાબદારીઓમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. તેઓ કોઈ ખટલો સાંભળશે નહીં કે કોઈ આદેશ બહાર પાડી શકશે નહીં. આવતી 13મી તારીખે ન્યાયમુર્તી કરનાનને ખુદ અદાલતમાં હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. સર્વોચ્ચ અદાલતમાં વડી અદાલતના સેવારત ન્યાયમુર્તી અભીયુક્ત તરીકે પીંજરામાં ઉભા હોય એવું દૃશ્ય પહેલીવાર જોવા મળશે. ન્યાયમુર્તી સી. એસ. કરનાને કહ્યું છે કે તેઓ અદાલતમાં હાજર રહેશે અને પોતાની દલીલ પોતે કરશે.

વાત એમ છે કે ન્યાયમુર્તી કરનાને 23મી જાન્યુઆરીએ સીધો વડાપ્રધાનને પત્ર લખીને ફરીયાદ કરી હતી કે ન્યાયતંત્ર ભ્રષ્ટાચારથી ખદબદે છે અને સરકારે પગલાં લેવાં જોઈએ. તેમણે સર્વોચ્ચ અદાલતના અને વડી અદાલતોના 20 જજોના નામ પણ આપ્યા હતાં. આવો જ આરોપ કેટલાક સમય પહેલા ન્યાયમુર્તી કાત્જુએ કર્યો હતો અને એ પહેલાં સર્વોચ્ચ અદાલતના વરીષ્ઠ વકીલ અને ભુતપુર્વ કાયદાપ્રધાન શાંતી ભુષણે કર્યો હતો. ઉપલા સ્તરે ન્યાયતંત્રને ભ્રષ્ટાચારનો એરુ આભડી ગયો છે એવું પહેલીવાર કહેવામાં આવ્યું છે એવું નથી, સેવારત ન્યાયમુર્તીએ કહ્યું હોય એવું

પહેલીવાર બની રહ્યું છે એટલું જ. સ્વાભાવીકપણે સર્વોચ્ચ અદાલતે આ ઘટનાને ગંભીરતાથી લીધી છે.

ત્રણ પાસાં છે આ ઘટનાના. એક છે, શીસ્ત અને ન્યાયતંત્રની ગરીમાનું અને બીજું પાસું છે, તથ્યોનું. ન્યાયતંત્ર આ બન્નેમાંથી કોઈની ઉપેક્ષા ન કરી શકે. ઘટના શીસ્તભંગની હોય, પણ કરવામાં આવેલા આરોપમાં તથ્ય હોય તો સંબંધીત જજે મુખ્ય ન્યાયમુર્તીનું ધ્યાન દોરવું જોઈએ, આમ વડાપ્રધાનને સીધો પત્ર લખવો અને પછી એની પસંદગીની વીગતો જાહેર કરવી એ કેમ ચલાવી લેવાય ? ત્રીજું પાસું સજાનું છે. ધારો કે ન્યાયમુર્તી કરનાને અંગત રાગદ્વેષથી પીડાઈને તથ્યવીહોણા આરોપ કર્યા હતા અને એ રીતે ન્યાયતંત્રની પ્રતીષ્ઠાને હાની પહોંચાડી હતી એમ સાબીત થાય તો સર્વોચ્ચ અદાલત વડી અદાલતના સેવારત ન્યાયમુર્તીને સજા કરી શકે ખરી ? બંધારણમાં સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયમુર્તીઓને સુરક્ષાકવચ આપ્યું છે. સંસદમાં મહાઅભીયોગ (ઈમ્પીચમેન્ટ) ચલાવ્યા વીના કોઈ ન્યાયમુર્તીને હટાવી શકાય નહીં. 1977માં સર્વોચ્ચ અદાલતે પોતે જ ભારત સરકાર વીરુદ્ધ સાંકળચંદ શેઠના ખટલામાં ચુકાદો આપ્યો હતો કે ન તો સર્વોચ્ચ અદાલત કે ન તો રાષ્ટ્રપતી સર્વોચ્ચ અદાલતના કે વડી અદાલતના સીટીંગ જજને હટાવવાનો કે દંડવાનો અધીકાર ધરાવે છે.

તો પછી કરવું શું ? મર્યાદાભંગ ચલાવી ન લેવાય. અંગત રાગદ્વેષને કારણે કરવામાં આવતી કોઈની અને એ પણ સીટીંગ જજોની બદનક્ષી તો જરાય ચલાવી ન લેવાય. ન્યાયતંત્રની પ્રતીષ્ઠા અને ભવીષ્યનો સવાલ છે. આ બાજુ દોષીત સાબીત થયેલા જજને હટાવવાનો નહીં તો સજા કરવાનો સર્વોચ્ચ અદાલતને અધીકાર છે કે કેમ એ પ્રશ્ન છે. માની લો કે ન્યાયમુર્તી કરનાન ખુલ્લી અદાલતમાં સુનાવણીનો આગ્રહ રાખે તો ? અને ગુનેગાર સાબીત થયેલા અને સજા પામેલા સીટીંગ જજ મામલાને જાહેરમાં લોકો સમક્ષ લઈ જવા માટે મહાઅભીયોગ ચલાવવા માટે સામે ચાલીને માગણી કરે તો ? મામલો નાજુક છે એટલે ન્યાયમુર્તી ખેહરે સાત સર્વોચ્ચ ન્યાયમુર્તીની બેંચની રચના કરી છે અને કહ્યું છે કે અદાલત ઉતાવળે કોઈ નીર્ણય નહીં લે. તેમણે ભારત સરકારના એટર્ની જનરલ અને સીનીયર એડવોકેટ કે. કે. વેણુગોપાલની પણ મદદ માગી છે.

મુળભુત સવાલ એ છે કે આવી સ્થીતી પેદા થઈ જ કેમ ? ન્યાયમુર્તી કરનાને તોફાન કર્યા હોય એવી આ પહેલી ઘટના નથી. તેઓ જ્યારે મદ્રાસની વડી અદાલતમાં ન્યાયમુર્તી

*મામલો નાજુક છે એટલે ન્યાયમુર્તી ખેહરે સાત સર્વોચ્ચ ન્યાયમુર્તીની બેંચની રચના કરી છે અને કહ્યું છે કે અદાલત ઉતાવળે કોઈ નીર્ણય નહીં લે.*

હતા ત્યારે પણ તોફાનો કરતા હતા. તેમની જ્યારે મદ્રાસથી કલકત્તાની વડી અદાલતમાં બદલી કરવામાં આવી ત્યારે તેમણે પોતે જ પોતાની બદલી સામે સ્ટે આપ્યો હતો. તેમણે બ્રધર જજો સામે એટ્રોસીટીનો કેસ માંડ્યો હતો. પોતે દલીત છે એટલે સવર્ણ બ્રધર જજો હેરાન કરી રહ્યા છે એવા જાહેરમાં આરોપ કર્યા હતા. દેખીતી રીતે તેઓ જ્યારે નીચલી અદાલતમાં હશે કે વડી અદાલતમાં વકીલાત કરતા હશે ત્યારે પણ તેમણે પોત તો પ્રકાશ્યું જ હશે. જેમના વીચાર અને વહેવાર સ્વસ્થ નથી એવા લોકો ન્યાયતંત્રમાં દાખલ થઈ જાય અને વડી અદાલતો કે સર્વોચ્ચ અદાલત સુધી પહોંચી જાય તો નીમણુક અને બઢતીની પ્રક્રીયામાં જ કોઈક ખામી છે. ખોટા સીક્કા ચલણમાં ઘુસી જાય તો આડા આવેને ? બંધારણમાં દંડવાની કોઈ જોગવાઈ એટલા માટે નથી કરવામાં આવી કે એનો દુરુપયોગ ન થાય. બંધારણ ઘડનારાઓએ એવી કલ્પના તો સપનામાં પણ નહોતી કરી કે ખોટા માણસો ન્યાયતંત્રમાં ઘુસી જશે.

થોડા દીવસ પહેલા મુંબઈની વડી અદાલતના જજે એક નીર્દોષ મુસલમાન એન્જીનીયરની હત્યામાં સંડોવાયેલા આરોપીને જામીન આપતા દલીલ કરી હતી કે આરોપી તો બીચારો ઉશ્કેરાઈ ગયો હતો, જ્યારે ઉશ્કેરનારો કોઈ બીજો હતો. તેમણે બીજી દલીલ એ કરી હતી કે મૃતકે પણ મુસલમાન તરીકે ઓળખાઈ જાય એવા કપડાં પહેર્યા હતા એટલે બીચારાનો જાન ગયો હતો. વાહ રે જજસાહેબ ! મેં જ્યારે આ કોલમમાં જજસાહેબની ટીકા કરી ત્યારે એક વાચકે ફેસબુક પર કમેન્ટ કરી હતી કે આ રીતે તો બળાત્કારના દરેક આરોપીને જામીનનો જન્મસીદ્ધ અધીકાર મળવો જોઈએ. પુરુષને ઉત્તેજીત કરનાર સીનેમા કે સાહીત્યકૃતી જેવું બાહ્ય પરીબળ હોય છે અને સ્ત્રી સ્ત્રી તરીકે ઓળખાઈ જાય એવા કપડાં પહેરે છે. આરોપી તો બાપડો ઉત્તેજીત થઈ ગયો હતો, બાકી એ દુષ્ટ ઈન્સાન થોડો જ છે ?

આમ સમસ્યા ફીલ્ટરીંગની છે અને અવસર આવ્યો છે તો ગળણીને હજુ વધુ બારીક કરવા વીષે વીચારવું જોઈએ.

[સૌજન્ય : 'ગુજરાતમીત્ર' 12-2-2017]

❑

# જગદીશભાઈ શાહ સાથેના મારા સંભારણાં

**રમણભાઈ ભોકલવા**

**शैले शैले न माणिक्यम्, मौक्तिकम् न गजे गजे ।**
**चंदनम् न वने वने, सज्जना न हि सर्वत्र ।।**

અર્થાત્ દરેક પર્વત ઉપર માણેક, દરેક હાથીના ગંડસ્થલમાં મોતી અને દરેક જંગલમાં ચંદન હોતા નથી, એમ સારા માણસો દરેક સ્થળે હોતા નથી. આપણે સજ્જનોને શોધવા પડે છે. એ પણ પ્રભુકૃપા હોય તો જ મળે છે. અમદાવાદમાં આવ્યો - ગામડેથી. એમ. જે. લાયબ્રેરી અને ગુજરાત વીદ્યાપીઠમાં આવીને સૌથી પહેલું ભુમીપુત્ર વાંચ્યું. મને સ્વાભાવીકપણે એમાં આવતી વાતોમાં ખુબ જ રસ પડતો. એક ફોર્મ છપાયેલું - લોકસેવક બનવા માટેનું. તે જગદીશ શાહને ભરીને મોકલવાનું હતું. મેં મોકલ્યું. સુંદર અક્ષરોવાળો પત્ર સામેથી આવ્યો. અમારા બંનેનું જોડાણ ચાલુ થયું. તેમનો પ્રેમ અને વીચારશીલતાએ મને જકડી રાખ્યો. છેવટે નવરંગપુરાની પી.ડબલ્યુ.ડી.ની સરકારી નોકરી છોડીને વીદ્યાપીઠમાં ભણવા લાગ્યો. ત્યાર પછી પણ તેઓશ્રીનું માર્ગદર્શન-હુંફ સતત મળતાં રહ્યાં.

જે. પી. ફંડમાંથી મને સાબરકાંઠા ક્ષેત્રમાં સંગઠક તરીકે પગાર તેઓ મોકલતા. મારો હીસાબ ઝીણવટપુર્વક જોઈને જરુરી માર્ગદર્શન આપતા. ક્યારેક માઠું લાગે તેવું કડક રીતે પણ મને લખતા. મારા અહેવાલોમાંથી સુચન કરવા જેવું લાગે તો પણ કરે. માતાનો પ્રેમ અને પીતાની કડકાઈનું મીશ્રણ તેમનામાંથી મને મળતું રહ્યું.

મેં જ્યારે પત્ર લખ્યો કે, હવે હું મેઘરજ તાલુકો છોડવાનો વીચાર કરું છું. અને મુ. વલ્લભભાઈ દોષી મને કન્યા વીદ્યાલય શરુ કરવાની જવાબદારી આપવાની વાત કરે છે. તેઓ વડોદરાથી રુબરુ આવ્યા. મને જે કાંઈ મુંઝવણો હતી તે બેસીને ઉકેલી. મને કહ્યું, ‘હું આખા ભારતમાં ફરું છું. ઘણાં બધાં ખાદીધારી કાર્યકર્તાઓને ઓળખું છું પણ આ વલ્લભભાઈ સાચા ખાદીધારી છે. તેમની સાથે સહયોગ કરવાનો - મતભેદ થાય તો પ્રગટ કરવાનો પણ તેમને તમારે છોડવાના નહીં. સંપુર્ણ ક્રાંતી અને આ આપણું ઉત્તર બુનીયાદી શીક્ષણ અલગ નથી. ગામની દીકરીઓ ભેગી તમારી દીકરીઓ પણ ભણશે. તમે ભરવાડ, હું વાણીયો પણ હું તમારો મોટોભાઈ, તમે મારા નાનાભાઈ. કંઈ પણ મુશ્કેલી હોય તો હું બેઠો છું.’ તેમની આ વાતને કારણે હું આદીવાસી ક્ષેત્રમાં 33 વરસ બેઠો. જીવન ધન્ય ધન્ય થયું.

ઘણી શીબીરો-સંમેલનો-પદયાત્રાઓ-ગોહત્યા બંધી સત્યાગ્રહોમાં, પવનાર, વર્ધા, પીંડવળ, વેડછી, ગુજરાત વીદ્યાપીઠ સ્થળોએ વારંવાર મળવાનું થતું. જીવનનો સંતોષ વધતો ગયો. મારા પોતાના મોટાભાઈની જેમ મને માર્ગદર્શન પુરું પાડતા. એકવાર મહેસાણા જીલ્લાની પદયાત્રામાં જુદી જુદી ટુકડીઓ પડતી હતી ત્યારે એમની ટુકડીમાં મને ખાસ સાથે રાખ્યો. એમાં અમે બે જ હતા. રાધનપુર, ફતેપુર, શંખેશ્વર. ફતેપુરમાં ઝેબર છોકરીને ઘેર ગયેલા, જે છોકરીએ બહાદુરીપુર્વક ઘણાં લોકોને રુપેણ નદીના પુર વખતે બચાવેલા અને રાષ્ટ્રપતી એવોર્ડ મેળવેલો. રાત્રે ગ્રામસભામાં ક્યારેક અનીષ્ટ તત્ત્વો સાથે ગરમાગરમ ચર્ચાઓ થતી. મને પોતાને ડર લાગી જતો કે, ‘આપણે બે જ જણાં છીએ. અજાણ્યો પ્રદેશ-ગામ અને તમે આટલું ઉકળીને ચર્ચા એવા લોકો સાથે કરો છો.’ તેઓ મને કહેતા કે, ‘રમણભાઈ ચોર લોકોના પગ ઢીલા હોય છે આપણે કોઈનાથી પણ ડરવાનું નહીં. ગાંધી-વીનોબાજીએ આપણને નીર્ભયતા શીખવી છે.’ આવા આવા અનેક પદાર્થપાઠ તેઓ મને શીખવતા. બબલભાઈનું ‘મારું ગામડું’ પુસ્તક વાંચ્યા પછી હું મારા ગામમાં જઈને સફાઈકામ કરતો, તો લોકો કહેતા કે, ‘ભણી ભણીને ભંગી થયો.’ એના પર જગદીશભાઈએ મારો ઉલ્લેખ કરીને લેખ ભુમીપુત્રમાં લખ્યો. એવી રીતે મને પ્રોત્સાહન આપતા.

હીન્દી-શીખ ભાઈ-ભાઈ યાત્રામાં મને, કપીલને, ચૈતન્યને અને પેથાપુરના દીલીપ પટેલને વીમલાતાઈના માર્ગદર્શન હેઠળ પંજાબમાં મોકલેલા. ત્યાં ગયા પછી ઈન્દીરાજીની હત્યા થઈ. શીખવીરોધી તોફાનો થયાં, પંજાબ અને ભારત વચ્ચે જોડાણ કરતો વ્યવહાર બસ - રેલવે વગેરે બંધ. બધા ખુબ જ ચીંતા કરે. જગદીશભાઈ સતત પરીવારજનોને સમાચાર પહોંચાડતા રહે. દીલ્હીમાં આવીને શીખ લોકોના કેમ્પમાં સેવા કરવા મળી.

આખા ગુજરાતના સર્વોદય કાર્યકરોને પરીવાર સાથે પવનાર વીનોબાના સાન્નીધ્યમાં એક અઠવાડીયું રહેવા મળ્યું. એ બદલ એમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો.

(સપ્રેસ)

❑

# ૪મી માર્ચ : આંતરરાષ્ટ્રીય નારી દીવસ

## જીવી જવાની આ સ્ત્રીઓની કાબેલીયત...

**હીમાંશી શેલત**

કુળ-મુળની કથા માંડી હોય ત્યારે હવે જેનું સ્તુતીગાન કરવું છે તે મારા ભર્યાભાદર્યા પરીવારની - બા અને બાપુજી બેય પક્ષના કુટુંબકબીલાની - પ્રાણવાન અને અવનવી સ્ત્રીઓની. પાથરી છે છબીઓ ચોમેર, સેપીયા અને શ્વેતશ્યામ. થોડી રંગીન પણ છે, એ તાજા ઈતીહાસની ગણાય. આ ઓટલે બેઠાં છે, ભરતભરેલી સાડીમાં, એ મંગીબા, મારાં નાની કે આજી જે કહો તે. એમનાં માની છબી જોઈ નથી. મારે એ ખાસ જોવી છે. કદાચ હશે જ નહીં એ છબી. પણ મંગીબા કહેતાં કે એ પોતે એમની મા જેવાં દેખાતાં.

વડનાનીનું નામ ? શીવગંગા કે શીવગૌરી ? કમાલ છે ને ! હવે તો કોઈને પુછીને ખાતરી કરી શકાય એવુંયે એકાદ બચ્યું નથી - તો વડનાની જુવાનીમાં જ બળી મુઆં. હતાં તો ભારે કામગરાં, ને હાથમાં જાતભાતની કારીગરી, તોયે કમાણી ન થાય. ન તાલીમ, ન ભણતર. પતી મરી જાય અને ચારપાંચ સંતાનો ઉછેરવાનાં હોય, સાસરા-પીયરનો મજબુત ટેકો ન હોય, તો એમાં ભલભલી સ્ત્રીઓ તુટી પડતી. વડનાનીએ છોકરાં ને ઘરનો ટબારો નીભાવવા ઉછીનાં લીધાં હશે. આપનારે પાછાં માગ્યાં હશે, અને મંગીબાના કહેવા મુજબ, આકરાં વેણ કહ્યાં હશે. (તું વેચાઈ જા, પણ પૈસા પાછા આલ...) લાચાર વડનાની ખમી નહીં શક્યાં હોય, તે ચુપચાપ સળગી ગયાં. દીકરો નાનો, દીકરીઓ સાસરે, એકેય બારણે જવા જેવું નહીં હોય ત્યારે જ આમ દેહને કાંડી ચાંપે ને ? મંગીબા કહેતાં કે બારણાં બંધ કરીને ભડકો કર્યો તે પછી એકેય ઉંહકારો કાઢ્યો નહીં, જાણે જીભ જ નહોતી એમને.

આમ તો આ વાત મંગીબા પાસે અનેકવાર સાંભળી હશે. સાડલાનો છેડો આંખે દાબતાં જા, અને ભીને સાદે બોલતાં જાય. હું બળતરા ખમું વગર ભડકે. અને હજી આજેય એ યાદ આવે ત્યારે ચચરાટ વેઠી લઉં. મંગીબા કમોતે પાછી થયેલી માને સંભારીને, અને પોતાની વીવશતાને ભાંડીને શોક કરે. છેલ્લે છેલ્લે સંજોગોના દબાણને લીધે મોતને વળગી પડ્યાં હશે, બાકી મારાં મંગીબા અને એનાં બા બેય ગાતાં પંખી. વડનાનીનો અવાજ કલ્પનામાં, પણ મંગીબાનો કંઠ તો બરાબર યાદ છે. લગ્નગીત, ફટાણાં, ભજન, ગરબા અને લોકગીતો ગાવાનું ટાણું ચુકે નહીં. લગનટાણે નાતના મોભીઓ વચાળે તાતાં તીર છોડી શકે એવાં મોજીલાં હશે એ મા -

*મારા તે બાપે વ્હાણે ચડી,*
*વર જોયા,*
*મુરખ મન મોહ્યા,*
*મુળાભાજી વેચતા રે !*



ફોડ પાડીને દેખાડી ન શકાય એવી આપદામાંયે આ સ્ત્રીઓ પોતાની રમુજવૃત્તી તાજી રાખતી અને ઘરભીતરના પોતાના સામ્રાજ્યમાં હળવાશનો માહોલ અકબંધ રહે એવી તકેદારી જાળવતી.

*મારા તે બાપે કંઈ કંઈ*
*ઘડભાંજો કીધી,*
*ને દીકરી દીધી,*
*ઉંડો કુવો બુરવા રે !*

સો ટકા ખાતરી છે કે આ વેણ સ્ત્રીઓના પેટાળમાંથી જ પ્રગટેલાં. કુવે પડેલી દીકરીને કોઈ હતભાગી મા બીજી કઈ રીતે સંભારવાની ? ઓડ-ઉમરેઠના ઉંડા કુવા જોયેલા - માત્ર જોયેલા. કેટલાંના જીવતર તો એ ગળી ગયા હશે. ગામે જઈએ ત્યારે રેલવેસ્ટેશનને પાટેપાટે અમારું આખું કુટુંબ મીત્રમંડળી સમેત ફરવા જાય. અમે બા કે ભાઈની (બાપુજી) આંગળી ઝાલી કૌતુકભરી આંખે બધું જોતાં હોઈએ. એક ભેંકાર સ્થળનો પડતર કુવો દેખાડી કોણ બોલ્યું હતું કે આમાં રતીલાલની રેવા પડી મુએલી ? અમે એ કુવા પાસે જતાં બહુ ડરતાં.

લગ્ન ગોઠવવામાં બાપના બોલનું વધારે વર્ચસ્વ રહેતું હશે, કે એ વળી અમારી જ્ઞાતીનું કોઈ ખાસ લક્ષણ હશે, ખબર નથી. પણ કહેવા ધાર્યું હોય, અને નહીં કહેવાયું હોય, એ બધું આમ અવળવાણીમાં વહી આવ્યું હશે. પીતૃસત્તાક સમાજમાં વ્યક્ત થવાના આ મૌલીક સર્જનાત્મક ઉપાયો. એને કંઈ - વાદી અને - કેન્દ્રીનાં ચીટ્ઠાં-ચબરખાંની ગરજ ન હોય. આમેય વ્યક્ત થવાની સ્ત્રીઓ પાસે ઝાઝેરી રીત, પછી વ્યક્ત થવું ન હોય અને સઘળું ઉંડે પટારે બંધ રાખવું હોય તો વળી જુદી વાત.

મંગીબાના સાસરે એક જાજરમાન સન્નારી તે અંબાફોઈ. એકાદ જનોઈપ્રસંગની તસવીરમાં અલપઝલપ દીઠાં છે. આમ તો બાલ્યકાળમાં એમને સદેહે પણ જોયાં જ છે, છતાં ખબર નહીં શાથી, છબીવાળા અંબાફોઈ પાકાં યાદ રહી ગયાં છે. વયે યુવાન અને વીધવાનો વેશ. ગોરો વાન અને નેણ-નાક તીખાં. માથે ઓઢેલો ધોળો સાડલો જરાયે ખસવા ન દે. એ જમાનામાં હતું તેમ સંતાનસંખ્યા સારી. એમાંનાં એકાદબે ઠીકઠાક હોત તો તો કશી ઉપાધી ન હોત. પણ બધાંયે નબળાં, કોઈ શરીરથી, કોઈ બુદ્ધીથી, તો કોઈ વળી મનથી. અંબાફોઈનો સંસાર ખોડંગાતો ચાલ્યો, અને ખોડંગાતો સમેટાયો છેલ્લે છેલ્લે તો આંખે દેખાતું નહીં, અને ખોરડુંયે ખખડધજ. આવી સ્ત્રીને જીવતર વીશે બળાપો કરવાનો અધીકાર, એમાં કોઈ વીરોધ ન ચાલે. એનો વાંક પણ ન કઢાય. આશ્ચર્ય એવું કે અંબાફોઈ એમની કરમકહાણી લગભગ સાક્ષીભાવે વર્ણવે. વચ્ચે વચ્ચે એમની વક્રવાણીના કે રમુજના તીખારા ઉડતા રહે. પોતાની, પતીની કે સંતાનોની મુર્ખતા કે અણઆવડત પર ખડખડ હશે. બોખા મોંએ છોકરાઓના કમાણી કરવાના નુસખાઓ અડવાની પરાક્રમ ગાથા જેમ વર્ણવે. પછી બજરની ચપટી ભરે નજાકતથી, અને સમાપનમાં આવે, 'એ તો, બોન, શું કે જમ્યાં સોળ, અને બધાંયે ડફોળ ! બોલ, ચ્યમનું'ક કરવું ?'

મંગીબા આ કથાનક રજુ કરે એમની રીતે, તોયે મને એમનામાં અંબાફોઈ પ્રવેશેલાં ભળાય. આ કહેતી વેળા હસતાં હસતાં અંબાફોઈની આંખમાં પાણી આવ્યાં હશે ? મને તો આવી જતાં.

*

બોલવામાં તો મંગીબા પણ પાછાં ન પડે. અમારા નાના કહેતાં આજા, વ્યવહારમાં શુન્ય. ભણતર સારું અને નોકરીયે સારી, છતાં હદ વળોટી જતી બેપરવાહી અને બેદરકારી. એકનો એક દીકરો, બારેક વરસનો, સાવ ટુંકી માંદગીમાં ખોયો, એટલે મન વેરાગી થઈ ગયેલું. નોકરી છોડી દીધી, કેમ તો કે' મન નથી લાગતું. પેન્શનના કાગળ કોઈને સોંપ્યા, અને છેવટે ફરતા ફરતા એ ખોવાઈ ગયા. પછી પણ ખંતપુર્વક મંડ્યા હોત તો કાગળ બનાવી શકાત, પેન્શન બંધાત અને મંગીબાને રાહત થાત. એવી મજુરી નાનાથી ન થાય. ગાયકવાડી ઠાઠ અને એવો જ તોર. એમાં ભુલકણો અને તરંગી સ્વભાવ. ચીજવસ્તુઓ ગુમાવી દેવાનું તો ઉપરવાળાનું બેય હાથમાં વરદાન. કામના દસ્તાવેજ, પૈસા, આપેલી જણસો, કે સાઈકલ - નાનાના હાથમાં જે ટકે તે ચમત્કાર જાણવો.

નાના દ્વારા થયેલા આવા કરતબને હસી કાઢ્યા વીના બીજો મારગ નહીં, રડ્યે કંઈ પાર આવે ?

'... અમારું તો ભ'ઈ એવું કે આગેવાન આંધળો, ને લશ્કર એય ને હડુડુડુ કુવામાં !'

- મંગીબા મલકતાં મલકતાં મમરો મુકે.

વડી, પાપડ, સેવ, પાપડી, મઠીયાં કે ચાલુ રસોઈ, મંગીબા અન્નપુર્ણા. જે બનાવે તે અત્યંત સ્વાદીષ્ટ, નાનાને પોતાના સદ્‌ભાગ્યની ખબર હશે કે કેમ, નથી જાણતી,

છતાં સાસરીયાંઓએ મંગીબાની આવડતનાં ઓવારણાં લીધાં જાણ્યાં નથી. ગામમાં પીયર અને ગામમાં સાસરું એટલે બે ઘરની છોકરી ભુખી રહે કે ઉણે પેટ રહે. (એ બહુ ઉપવાસ અને એકટાણાં કરે અને હું એ બાબતે એમની આકરી ટીકા કરું એ વાદવીવાદ દરમીયાન રહસ્ય ખુલી ગયું.) પીયરમાં એમ હોય કે ઘેરથી આવી છે તે જમીને આવી હશે, અને સાસરે એમ કહે કે માવતરને ત્યાંથી કંઈ જમ્યા વીના આવે ! મંગીબાનું પેટ છેવટ સુધી ચપ્પટ રહ્યું, એને ચરબીનો આછોપાતળો થર પણ ક્યાંથી હોય ! પાછલાં બારપંદર વરસ તો એ ચણીયાનો ભાર સુધ્ધાં ખમી નહોતાં શકતાં. ગાંઠે સાડલો પહેરે, અને કોઈ આવવાનું હોય ત્યારે જ ચણીયે સાડલો ખોસાય.

પ્રભુભક્તી પ્રેરીત વૈરાગ્ય અને સંસારની માયાની આંટીઘુંટી વચ્ચે મંગીબા પુરેપુરાં ફસાયેલાં. કરતાં હોય આરતી ને જીવ હોય આજાને બાધરુમમાં કેમ વાર લાગી એ કોયડામાં. ભગવાનને સ્નાન કરાવતી વખતે પણ એમની કીકી રસોડાના બારણાની સામે આવેલી નહાવાની ઓરડીને બંધ બારણે ચોંટી રહે. આમ તો એમનું ‘હાં રે વહાલા વાગે વાગે રે બ્રહ્મબંસરી’નું ગાન તન્મયતામાં ઝબકોળાયેલું હોય, ત્યાં અચાનક આજા ચીત્તનો કબજો લઈ લે. બ્રહ્મબંસરીના સુર અદૃશ્ય થઈ જાય, અને તરત ‘ઓ બહેન ! આ તારા દાદા હજી કેમ માંયથી નીકળતા નથી ?’ જેવો સવાલ એમને ઘેરી વળે. આજાની સ્નાનવીષયક ચીંતા દુર થયા પછી જ એમનો જીવ પાછો બ્રહ્મબંસરી ભણી વળે. ભવીષ્યકથનમાં ભારોભાર ભરોસો, અને એ પ્રવૃત્તીના જાણકાર એકેય ભુદેવ મંગીબાને ઘેરથી, અને એમના અવસાન પછી માશીબાને ઘેરથી, ખાલી હાથે ન જાય. પાઠપુજા અને અભીષેક, સીધુસામાનનાં દાન નીયમ મુજબ થતાં રહે. વીટંબણાના વંટોળમાં ટકી રહેવાના આ બધા હાથવગા કીમીયા. રોજ સાંજે મંગીબા એમનાં એક બહેનપણી - સાવીત્રીબહેનને ઘેર જાય. દીવાબત્તી થાય ત્યાં લગી રસાળ વાર્તાઓ ચાલે, સુખદુઃખ વહેંચાય, વંશાવળીઓ ખુલે. આવી બેઠકોમાં, હું જો વડોદરા પહોંચી હોઉં તો, મનેય સામેલ થવાનું મળે. હળવાં થવાની બંનેની ખાસ રીત. પુરુષવર્ગની ભારે જોહુકમી અનુભવી હશે એટલે, કે પછી કોઈ અન્ય કારણસર, વહુઘેલાઓ પર બંને જણ પસ્તાળ પાડતાં. આવી નવાજેશની શબ્દાવલીઓ મજેદાર. ‘પુછીને પાણી પીએ એવો છે’ ત્યાં લગી તો ઠીક, પણ ‘વહુને સાંભળવા બેય કાનનાં સુપડાં

*દુઃખની યાદીમાં ઉમેરણ ઝાઝાં અને બાદબાકી ઓછી, તોયે આજે મને જે યાદ છે તે એમનો ઉલ્લાસ, ઉત્સાહ અને ઉમળકો. એ સમયે તો Art of Living સાંભળવામાંયે ક્યાં ?*

કરીને ખડો રહે’ કે પછી ‘વહુના ગરબા ગાવામાંથી ઉંચો નથી આવતો’ જેવા ચીત્રાલેખનથી એમની, અને ક્યારેક મારી સાંજોમાંયે જીવ આવી જતો !

- અને માત્ર બોલવામાં જ હળવાં થવાય એવું થોડું ? આંગળીઓના કસબ એમના સાથીદાર. ભરત-ગુંથણ, મોતીનાં તોરણ, સીવણ, અથાણાં, ગણી ગણાય નહીં એટલી વાનગીઓ અને એની સાથે સંકળાયેલાં અઢળક કામો. અડોશપડોશની સ્ત્રીઓ આવે, કામમાં વાતો ભળે અને વાતોમાં કામ, બધુંયે લયમાં, અને સુરીલું. નવાં ભજનો મોંએ કરવાનાં, રાગ બેસાડવાના, અર્થ સમજવાના, અને પછી એનું રટણ. મંગીબા પાસે કરતાલ અને મંજીરા છેવટ સુધી હતાં. તીવ્ર આરતથી ગાય.

દુઃખની યાદીમાં ઉમેરણ ઝાઝાં અને બાદબાકી ઓછી, તોયે આજે મને જે યાદ છે તે એમનો ઉલ્લાસ, ઉત્સાહ અને ઉમળકો. એ સમયે તો Art of Living સાંભળવામાંયે ક્યાં ?

આ સ્ત્રીઓને જીવવાનો જે કસબ હાથ લાગ્યો એ મનેય હાથ લાગે એવું હું કાયમ ઈચ્છતી. કહ્યું હશે નાની-વડનાની કે પછી એમનીયે પહેલાં કોઈ પ્રાણવાને ‘તથાસ્તુ’ ?

*

આ તરફ દાદાજીના કુટુંબમાં પણ સ્ત્રીઓનાં અનેક રસઝરતાં વાર્તીકો સાંભળવા મળેલાં. મારાં દાદી - જેમને અમે બામા કહેતાં - તે બોલતાં ઓછું પણ કોઈક વાર એ એમનાં સાસરીયાંઓની કથા માંડતાં, અને હું ચકીત થઈને એ સાંભળતી. જો કે એ ઉંમરે થોડું ન સમજાય એવુંયે એમાં આવતું. દાદાજી સમેત એમનાં કુટુંબમાં છ ભાઈઓ. એમાં ત્રણ તો એકથી વધારે વખત પરણેલા. બહોળો પરીવાર, એના વીવીધ પ્રકૃતીના સભ્યો અને એમનાં જાતજાતનાં કામકાજ. એમાંની એક ઘટના મને ખુબ ગમી ગયેલી, અને આજે પણ એનું ખેંચાણ ખરું.

મોટા કુટુંબની અનેક વહુઓમાંથી એકાદ બહુ મનસ્વી છે, આઝાદ છે, કહ્યામાં રહે તેવી નથી, એવી કહેણી પ્રસરી.

સાસુમાને આવતાં જતાં તમામ વળ ચડાવે, જો, જો, સાચવજો, કકરા રહેજો, છુટ ન આપતાં, દાબમાં રાખજો, નહીં તો માથે છાણાં થાપશે ! વહુ જરા હોંશીયાર, અને બે અક્ષર ભણેલી, ચીલાચાલુ વીચારોથી સહેજ અલગ પડે, એમાં આ બધી ધમાલ. પછી સાસુમાના ઉધમાત જોઈ એણે જાતે જ જબરું નાટક રચ્યું. ખરેખર છટકેલ મીજાજની હોય, અને વળગાડ હોય એમ વર્તવાનું ચાલુ કરી દીધું. એમાં બીજું કશું ન કરે, માત્ર સાસુમાને બાઝીને રડે, એ બહેનપણી હોય એમ ધબ્બા લગાવે. અને અચાનક હરખની હેડકી આવતી હોય એમ સાસુને ગાલે વહાલપના ચીમટા ભરી લે, એમ કરવામાં ક્યારેક ગાલ લાલ થઈ જાય તો વળી ગાલે હાથ ફેરવી લે, કે જરીક ટપલી મારી દે !

એ કાળે વહુના આ જબરદસ્ત નાટકનું અચરજ થતું, આજે આ નવીન પ્રતીકાર-પદ્ધતીથી વાહ વાહ નીકળી જાય છે.

દાદાનાં એક ભાભી (બીજા નંબરના ભાઈનાં બીજી વારનાં પત્ની, અને બંને વચ્ચે મોટો વયભેદ. એ લગ્ન વખતે દાદાજીએ બહુ વીરોધ કરેલો પણ એમનું કશું ચાલ્યું નહોતું.) બળી મરેલાં. આત્મહત્યા કરી ત્યારે એ વીધવા હતાં એ તો જાણે કહેવાનું ન હોય. એમનો, એમની છલકાતી હોંશનો, અને ઘરકામની ઝડપનો ખાસ્સો પરીચય. એમને બા જોડે ફાવતું અને રજાઓમાં અમારે ત્યાં આવીને રહેતાં. બધાં બાળકો માટે અપાર સ્નેહ. આવું ઉલ્લસીત વ્યક્તીત્વ ધરાવતી સ્ત્રી ચાળીસ-પીસ્તાળીસની ઉંમરે કેમ સળગી મરી હશે ? રહસ્ય અકબંધ. ઉમરેઠ તરફ સ્ત્રીઓની વીશીષ્ટ ભાષામાં કહું તો દૈ જાણે ! (દૈ = દેવ)

જીવી લેવાની, જીવી જવાની, આ સ્ત્રીઓની કાબેલીયત યાદ કરવાના આ દીવસો છે. એકલપંડે રસ્તા ખોળવાના છે, પાછલું ન ગમતું ભુલી જવાનો સમય છે, અનાવશ્યક જવાબદારીઓ ખંખેરીને હળવાં થવાનો તબક્કો છે. મારા મુળની મહીલાઓ પુરુષસત્તા કે પુરુષપ્રધાન્યને કેવી રીતે નીસ્તેજ કરી મુકતી એ થોડું થોડું સમજાય છે. દુર્વાસાની સ્મૃતી તાજી કરાવે એવા કોઈના ક્રોધને, નરસીંહ મહેતા સમી કોઈની વ્યવહારશુન્યતાને, પાંચ-દસ સંતાનો પેદા કરીને અવળી પુંઠે ઉભા રહેતા કોઈ જોગીજતીને, અક્કલની વહેંચણીને દહાડે ચાળણી લઈને દોડેલા, પણ મીજાજમાં હાથીયા થોર જેવા કોઈ અડબંગને, પોતાના જીવનમાં જામી પડેલા જોઈને, રડવાને બદલે હસવાનું વહાલું કરવું, એ કોઈ જેવી તેવી બાબત નથી. એમને બેય હાથે સલામ કરીને જોતી રહું છું આ સેપીયા-શ્વેતશ્યામ છબીઓને.

[સૌજન્ય : **‘મુક્તી-વૃત્તાંત’**નું એક પ્રકરણ. ખુબ નજીકના ભુતકાળની આ કથનીઓ છે... એકલનારીઓની, વીધવાઓની. તે વેદનાપુર્ણ ભુતકાળ નથી; ચાલુ વર્તમાનકાળ હોવાનું આજેય જોવા મળે છે. - **તંત્રી**]

## અનાયાસ ઉપલબ્ધી

**સરુપ ધ્રુવ**



એક બપોરે ટપાલમાં મુ. શ્રી મોહનભાઈ દાંડીકરનો પત્ર મળ્યો. નીચે નામ વાંચીને આશ્ચર્ય થયું. એમના અનુવાદો વર્ષોથી વંચાતી આવી છું પણ નથી તો પ્રત્યક્ષ મુલાકાત થઈ કે ન તો કોઈ પત્ર-વ્યવહાર રહ્યો. શું હશે આ પત્રમાં ?.. અને વાંચતાં જ આશ્ચર્યમાં આનંદ ભળ્યો. એમણે ‘उम्मीद होगी कोई’ વાંચી લીધી હતી અને એના વીશે ખુબ સંવેદનશીલતાપુર્વક, ખુબ હૃદયસ્પર્શી પ્રતીભાવ તો આપ્યો જ હતો, ઉપરાંત એ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનો પ્રસ્તાવ પણ હતો. કહો કે, સંપુર્ણ તૈયારી સાથેની, વીનંતી સાથેની માંગ હતી. એ બપોર ખરેખર હુંફાળી બની રહી.

પછી તો એક-બે ફોનથી જ બધું નક્કી થઈ ગયું અને આખો દોર સુશ્રી પારુલબેન અને સ્નેહી રજનીભાઈ દવેએ સંભાળી લીધો. થોડાક જ મહીનામાં અનુવાદ તૈયાર હતો. યજ્ઞ પ્રકાશને છાપવાનું સાહસ પોતાને માથે જ લઈ લીધું હતું. આ દોઢેક વરસમાં બધી પ્રક્રીયા સત્વરે અને સરળતાથી પતી ગઈ અને પછી તો આ જે - આપણા હાથમાં છે તે, અનાયાસ ઉપલબ્ધી.

2002ના ગોધરા-અનુગોધરા હત્યાકાંડનાં પાંચ વર્ષ વીત્યાં ત્યારે આ પ્રક્રીયા શરુ કરેલી. આટઆટલો સંત્રાસ, ધીક્કાર વેઠ્યા પછી ગુજરાતનાં મુસલમાનો શી રીતે જીવી રહ્યા છે અને કઈ તાકાતે એમને ટકાવી રાખ્યાં છે, એ શીખવાની -

જાણવાની અને સર્જક તરીકે, સાંસ્કૃતીક કર્મશીલ તરીકે એમાંથી કંઈક હીંમત અને તાકાત ઉપરાંત જીવવાની આશા મેળવવાની ખેવના અને ખોજની આ નાનકીડ કોશીશ હતી. એ જ્યારે ચારેક વર્ષની પ્રક્રીયા પછી 2009માં 'उम्मीद होगी कोई'ના રુપે પ્રગટ થઈ ત્યારે ઘણાં સંવેદનશીલ ગુજરાતીભાષી સહૃદયોનો સવાલ હતો - 'આ તમે ગુજરાતીમાં કેમ ન લખી ?' અને પ્રસ્તાવના લખતાં ડૉ. સુધીરચંદ્રે બહુ સચોટ રીતે ચીંધેલું કે આ પણ એક સર્જક - કર્મશીલનું વીસ્થાપન છે ! આજે જ્યારે આ ગુજરાતી અનુવાદ પ્રગટ થઈ રહ્યો છે ત્યારે, લેખકનું તો ઠીક છે - પણ ચૌદ ચૌદ વર્ષથી ઘરવટો-વતનવટો વેઠી રહેલાં ગુજરાતનાં મુસલમાનોનાં તન-મનનાં પુનઃસ્થાપનની શી હાલત છે, એ પ્રત્યે આપણે પુનઃપુનઃ સભાન થતાં જઈએ એટલી ઉમ્મીદ તો રાખી શકાય ને !

આજે આ સવાલ કંઈ કોઈ આ કે તે કોમના વીસ્થાપન-સ્થાપનનો નથી રહ્યો એ આપણે સૌ જાણીએ છીએ. હવે તો નેવનાં પાણી મોભે પહોંચ્યાં છે. વૈશ્વીક ફલક ઉપર હીંસા અને અસહીષ્ણુતાના કાળા ઓળા વધુ ને વધુ ઘેરા બનતા જાય છે. બુદ્ધીનીષ્ઠો, ધર્મ-નીરપેક્ષો અને સર્જકોની સ્વતંત્રતા કસોટીએ ચડેલી છે, દુરીત સામે ઉઠતા અવાજને રુંધવામાં આવી રહ્યા છે ત્યારે આ કથાનકોનું ભાષાંતર ગુજરાતી વાચકોના હાથમાં આવે છે એની પ્રસ્તુતતા અમારે મન કંઈક અદકી છે.

ખેર, આ અને આવાં ઘણાંય પ્રયોજનો અંકે કરીને તો મુ. મોહનભાઈ દાંડીકરનો આભાર માનું એટલો ઓછો. પારુલબેન અને શ્રી રજનીભાઈ દવેની સાથોસાથ યજ્ઞ પ્રકાશનનો પણ આભાર; જેમની ખંત અને ચીવટે અમને ફરી ફરીને જાણે હીંમત બંધાવી છે, ઉમ્મીદ જગાડી છે.

આ સાથે બીરાદર હીરેન ગાંધી અને 'દર્શન'ના સાથીઓ - કીશોરભાઈ અને નીયતીબહેનનો સતત સહકાર પણ કેવી રીતે ભુલાય ?

**'ઉમ્મીદ'**ના જેકેટ ઉપર જગપ્રસીદ્ધ ચીત્રકાર અને વડીલમીત્ર શ્રી ગુલામમોહમ્મદ શેખનું વીખ્યાત ચીત્ર 'સીટી ફોર સેલ' છપાયું હતું. ગુજરાતી અનુવાદના આ પુસ્તક ઉપર એને જ રાખવાનો મારો આગ્રહ હતો. મુ. શેખ સાહેબે તેની ફરીથી મંજુરી આપી છે; એમનો આભાર કયા શબ્દોમાં માનું ? બસ, કૃતજ્ઞ છું.

[**'અણસાર ક્યાંક આશાનો'** (ગુજરાત : 2002-2006) પુસ્તકમાંથી સાભાર. 2002ના રમખાણો વીશે ઘણું ઓછું લખાયું છે. તા. 16-2-17ના અંકના પ્રથમ પૃષ્ઠ પર ઉલ્લેખ છે પછી આ બીજું નોંધપાત્ર પુસ્તક. સરુપ ધ્રુવ લીખીત, મોહન દાંડીકર અનુવાદીત આ પુસ્તક સહુએ વસાવવું રહ્યું. પ્રાપ્તીસ્થાન : યજ્ઞ પ્રકાશન, ભુમીપુત્ર, હુજરાત પાગા, વડોદરા- 390001, મુલ્ય : 130.]

# નારીને નબળી નીરુપવાની પરંપરા ક્યાં સુધી ચાલશે ?

**ગાર્ગી વૈદ્ય**

બ્રાહ્મણ ધર્મના ઘણા મહીમાશાળી ગ્રંથ 'ગીતા'ને વીસ્તારપુર્વક સમજાવતા એક ગ્રંથમાં આ પ્રમાણે કેટલાંક વીધાન વાંચવા મળ્યાં : "મહાભારત વીશે ઘણી સરસ વાત કહેવામાં આવી છે. સાડા ત્રણ 'કૃષ્ણ' એટલે કાળી વ્યક્તીઓનું કામ એટલે મહાભારત. (એ મહાકાવ્યના રચનાર) કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ કાળા, અર્જુન પણ કૃષ્ણ જ કહેવાતા તે કાળા, કૃષ્ણ તો કૃષ્ણ એટલે કાળા હતા જ; અને એ ત્રણ પુરુષો આખા અને કૃષ્ણા કહેવાતાં દ્રૌપદી સ્ત્રી હતાં એટલે અડધાં... આમ સાડા ત્રણ માનવીનું કર્તવ્ય એટલે મહાભારત."

આવાં વીધાન કોણે ક્યારે વહેતાં કર્યાં એનો તાગ મળવો મુશ્કેલ છે, પરંતુ સેંકડો (કદાચ હજારો) વર્ષોથી સ્ત્રીને અર્ધ માનવી ગણવાનું અબજો અબજો લોકોને શીખવવામાં આવ્યું છે. અને મહાભારત જેવા ધર્મગ્રંથ કહેવાતા ગ્રંથોના કે એની કથાઓના સંદર્ભમાં જ નહીં, કહેવતોમાં, ભાષામાં, શબ્દોના લીંગ એટલે જેન્ડર નક્કી કરવામાં અને નીત્યના વ્યવહારમાં સ્ત્રીને હીણી અથવા અબુધ અથવા અર્ધમાનવ ગણવામાં આવી છે. અરે, એક મહાપુરુષે તો સ્ત્રીને માટે સંસ્કૃત ભાષામાં એક નપુંસકલીંગી શબ્દ પણ પ્રયોજ્યો છે. એ શબ્દ છે 'કલત્ર' અને પ્રયોજનાર આદી શંકરાચાર્ય કહેવાયા છે. એ શબ્દનો વાક્યમાં પ્રયોગ કરવો હોય તો આમ થાય : 'મારું ક્લત્ર ભારે બોલકણું છે !' અથવા 'મારું ક્લત્ર ઉત્તમ રસોઈ બનાવે છે !'

અલબત્ત, જો સંસ્કૃતમાં નારી માટે નપુંસકલીંગી શબ્દ પ્રયોજાય તો ગુજરાતી પુરુષો શા માટે પાછળ રહે ? એમણે પણ સ્ત્રી માટે નપુંસકલીંગી શબ્દ 'બૈરું' પ્રયોજ્યો છે. 'અલ્યા તારું બૈરું ભારે વઢકણું છે, હોં !'

ગુજરાતી (અને કેટલીક અન્ય ભારતીય ભાષાઓ) ઝડપી, જોરાવર, કાર્યદક્ષ ઘટનાઓ કે પદાર્થો માટે પુલ્લીંગી પ્રયોગ કરે છે અને ધર્મ, અલ્પબળ કે અદક્ષ માટે સ્ત્રીલીંગી પ્રયોગ કરે છે. ઉદાહરણ તરીકે, ટ્રેઈનોમાં એક્સપ્રેસ અને

મેઈલ ટ્રેઈન માટે પુલ્લીંગી પ્રયોગ કરે છે. 'એક્સપ્રેસ આવ્યો' અથવા 'મેઈલ આજે મોડો પડવાનો છે.' પરંતુ પેસેન્જર ટ્રેઈન કે ફ્રેઈટ ટ્રેઈન સ્ત્રીલીંગી બની જાય છે. 'આજે પેસેન્જર ઘણી ધીમી ચાલે છે' અથવા 'આ માલગાડી ઘણી લાંબી છે', વગેરે. (મરાઠીમાં 'તો એક્સપ્રેસ' અને 'તો મેઈલ' તથા 'તી પેસેન્જર' અને 'તી માલગાડી'.)

આવી જ રીતે જુના જમાનામાં કેટલાક શબ્દો પુલ્લીંગી હતા તે દૃશ્ય ભાષાઓમાં સ્ત્રીલીંગી બની જાય છે, અને એમ કરીને એમનો મહીમા કમ કરાય છે. 'અગ્ની' શબ્દ સંસ્કૃતમાં પુલ્લીંગી છે, પણ હીન્દીમાં એ સ્ત્રીલીંગી બની ગયો ! (જો કે ગુજરાતીમાં હજુ એ પુલ્લીંગી છે. પરંતુ એના પરથી જે દૃશ્ય શબ્દ 'આગ' બન્યો તે હીન્દીમાં અને ગુજરાતીમાં સ્ત્રીલીંગી છે.)




'વાયુ' અને 'વ્યક્તી' સંસ્કૃતમાં પુલ્લીંગી છે; પણ ગુજરાતીમાં 'વ્યક્તી' સ્ત્રીલીંગી બની જાય છે. 'વાયુ'ના અર્થનો શબ્દ પણ 'હવા' લગભગ બધી ભારતીય ભાષાઓમાં સ્ત્રીલીંગી છે.

આ ઉદાહરણો પરથી આપણે એક તારણ કાઢી શકીએ કે સંસ્કૃત ભાષાના વડપણના યુગ પછી ઘણા પુલ્લીંગી શબ્દોને સ્ત્રીલીંગ બનાવીને એમના ઉચ્ચારમાં પણ કોમળતા આણવામાં આવી છે.

જે કાંઈ નાનું ને નબળું હોય તેને માટે સ્ત્રીલીંગી શબ્દ વાપરવાની પાછળ સમાજની એ માનસીકતા રહેલી છે કે સ્ત્રી નબળી હોય, નીર્બળ હોય, નાજુક હોય. અને આવું કાંઈ આપણા જ દેશમાં નથી. એક ઉદાહરણ ફ્રાન્સનું જોઈએ. ત્યાં ઑટોમોબાઈલ એટલે કે મોટરવાહન સર્વપ્રથમ આવ્યાં ત્યારે ઘોડાગાડી જેવાં હયાત વાહનો કરતાં એ ઘણાં શક્તીશાળી લાગ્યાં. અને જે શક્તીશાળી હોય એ તો નર એટલે કે પુલ્લીંગી જ હોય ને ! એટલે મોટર વાહન માટે 'લે વેહીકલ' શબ્દ બન્યો. 'લે' પુલ્લીંગસુચક છે. પરંતુ પછી નાની, નાજુક, રુપાળી, રણકતી મોટરગાડીઓ બનવા લાગી. તરત જ એમને ફ્રેન્ચ લોકોએ 'લા વેહીકલ' કહેવાનું શરુ કર્યું ! 'લા'થી સ્ત્રીલીંગ સુચવાય છે.

આ બાબતમાં બંગાળી ભાષા એકદમ લોકશાહી પદ્ધતી ધરાવે છે. ત્યાં નપુંસક લીંગ યાને નાન્યતર જાતી છે જ નહીં ! બસ, સ્ત્રીલીંગ અને પુલ્લીંગ જ છે ! એટલે કશાને માટે ક્ષુદ્રતાસુચક કે લઘુતાસુચક શબ્દ નથી. ગુજરાતીમાં 'છોકરું', 'ગાંડીયું', 'વેંતીયું', 'બૈરું' જેવાં શબ્દો છે એમનો સમાનાર્થી શબ્દ બંગાળીમાં ન જડે !

આ બધી ચર્ચાનો સાર એ છે કે શબ્દોમાં કે ભાષામાં જ જાતીભેદ યા લીંગભેદ જોવા મળે તે માટે એ ભાષા નહીં; જે-તે પ્રદેશ કે રાષ્ટ્રની સંસ્કૃતી જવાબદાર છે. જે દેશનાં શાસ્ત્રો પણ સ્ત્રીને અર્ધી મનુષ્ય (હાફ હ્યુમન) ગણતાં હોય ત્યાં જે કાંઈ અપુર્ણ કે નબળું કે નરમ હોય એને માટે સ્ત્રીલીંગ કે નપુંસકલીંગી શબ્દ વપરાય છે.

પરંતુ હવે સ્થીતી બદલાઈ રહી છે. જે નારીજાતીને ભારતીય શાસ્ત્રો અને સમાજ નીર્બળ ગણતાં આવ્યાં છે તે ભાષા ભણવામાં નરજાતી કરતાં, છોકરાઓ કરતાં વધુ સક્ષમ પુરવાર થાય છે. હવે ક્રમશઃ વધુ ને વધુ યુવતીઓ ભાષાની શીક્ષક કે અધ્યાપક બની રહી છે. એકથી વધારે ભાષાઓ પર કાબુ મેળવવામાં પણ છોકરીઓ વધારે કાબેલ સીદ્ધ થવા લાગી છે. એટલું જ નહીં, સ્ત્રીનાં જે જે લક્ષણોના ઉપલક્ષમાં એને નાજુક, નીર્બળ કે નીઃસહાય ગણવામાં આવતી હતી તે તમામ લક્ષણોને એ ત્યાગવા લાગી છે. જે ક્ષેત્રો હજારો વર્ષોથી માત્ર પુરુષસુલભ ગણાતાં હતાં તેમાં સ્ત્રીઓ પુરા જોશથી અને પુરી ક્ષમતાથી ઝુકાવી રહી છે. ભારે યંત્રો કે વાહન ચલાવવાં, મોટી કંપનીઓનો વહીવટ સંભાળવો, નાગરીક સુરક્ષાની (એટલે પોલીસની) અને રાષ્ટ્રીય સુરક્ષાની (એટલે લશ્કરની) નોકરીમાં સ્ત્રીઓ પુરુષોના જેટલી જ ક્ષમતાથી દાખલ થઈ રહી છે. અને સક્ષમતાથી કામ કરવામાં પુરુષોની ટક્કર લઈ રહી છે. વૈશ્વીક વ્યાપ ધરાવતી કંપનીઓ અને એવો જ વ્યાપ ધરાવતી કેટલીક સંસ્થાઓમાં સર્વોચ્ચ સ્થાનો પર મહીલાઓ પુરી દક્ષતાથી કામ કરે છે. અરે, આપણો દેશ આઝાદ થયા પછી દેશને જે સૌથી સક્ષમ વડાપ્રધાન મળ્યા એમાં ઈન્દીરા ગાંધી એક છે. એ જ રીતે,

અનેક રાજ્યોનાં મુખ્ય મંત્રી તરીકે અનેક મહીલાઓએ ઘણી કાબેલીયતથી કામ કર્યું છે. અને આ તમામ વીગતોનો નીર્દેશ એ છે કે જાહેર જીવન, રાજકારણ અને અર્થકારણમાં તો સ્ત્રીને માનભર્યું સ્થાન મળે છે; પરંતુ સમાજમાં, ભાષામાં અને ઘણે અંશે ધર્મક્રીયાઓમાં હજુય સ્ત્રીને બીજા વર્ગનું પ્રાણી ગણવામાં આવે છે.

અલબત્ત, પ્રગતીશીલ સમાજચીંતકોને આશા છે... અરે, ખાતરી છે કે આ સ્થીતી લાંબો સમય નહીં રહે. 'મોર્ગન્સ લો' નામે સમાજશાસ્ત્રનો એક સીદ્ધાન્ત છે કે માનવ-ઈતીહાસ જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ નરોમાં વધુ નારીત્વ આવતું જશે અને નારીઓમાં વધુ નરત્વ ! વાસ્તવમાં, આજ સુધીનો ઈતીહાસ નર દ્વારા નારીને નીમ્ન સ્થીતીમાં રાખવાનો રહ્યો છે. પરંતુ તે ક્યાં સુધી ?

અંતમાં જણાવીએ કે નારીને નીમ્નતામાંથી ઉંચે ઉઠાવવામાં વીજ્ઞાન ગજબની સહાય કરી રહ્યું છે. હવે તો સંતાનજન્મ માટે પણ નારીને નરની જરુર ન રહે એવી સ્થીતી દુર નથી. પછી શાને માટે નરનું આધીપત્ય ?

## પૈસાની પહોંચ ક્યાં સુધી - 'વૉટ મની કાન્ટ બાય' પુસ્તક શું કહે છે ?

**સોનલ પરીખ**

'યું ખીંચ ન મુઝે અપની તરફ બેબસ કર કે, ઐસા ન હો કી ખુદ સે ભી બીછડ જાઉં ઔર તુ ભી ન મીલે' : આજે આ પંક્તીનો ભાવાર્થ એવો થવાનો સંભવ વધારે છે કે કવીને એટીએમની લાઈનમાંથી દુર પડેલી સો રુપીયાની નોટ દેખાઈ રહી છે. કવીને એ લેવાનું મન થાય છે, પણ તે વીચારે છે, નકલી હશે તો નોટ પણ જશે ને લાઈન પણ - ખુદ સે ભી બીછડ જાઉં ઔર તુ ભી ન મીલે...

વીમુદ્રીકરણે દેશને જબરજસ્ત હલાવી નાખ્યો છે. માણસ નવેસરથી પોતાનો પૈસા સાથેનો સંબંધ વીચારતો થયો છે. યોગાનુયોગ આ દીવસોમાં હાથમાં એક પુસ્તક આવ્યું : 'વોટ મની કાન્ટ બાય - ધ મોરલ લીમીટ્સ ઑફ માર્કેટ' આજે તેની જ વાત કરીએ. આ પુસ્તકના લેખક માઈકલ સેન્ડલ અમેરીકાના પોલીટીકલ ફીલોસોફર અને હાર્વર્ડ યુનીવર્સીટીના પ્રોફેસર છે. તેઓ કહે છે કે આપણે એક એવા સમયમાં જીવી રહ્યા છીએ જેમાં પૈસો સર્વસ્વ છે.

*લેખક સમાજવાદી નથી. માર્કેટીંગની વીરુદ્ધ પણ નથી. માર્કેટીંગની મદદથી ઉત્પાદન-વીતરણનો વ્યાપ અને સમૃદ્ધી જે રીતે વધી છે તેનો તેમને ખ્યાલ છે.*

લગભગ બધું જ ખરીદાય છે ને બધું જ વેચાય છે. જન્મ, કારકીર્દી, પરીવાર, પ્રવાસ, બીમારી, વૃદ્ધત્વ, મૃત્યુ... જીવનના દરેક તબક્કે તમારી સાથે સોદા થાય છે. એક તરફ સુવીધાઓ પુરી પડાય છે, બીજી તરફ સંવેદનાની સુકવણી થાય છે. દુનીયાભરમાં બજાર અને રોકાણ, નાણાં અને ખરીદવેચાણની ધાંધલ ચાલે છે. નૈતીક મુલ્યો ક્યાં હડસેલાઈ ગયાં છે તેનો પત્તો લાગતો નથી. એક તરફ ફ્રી માર્કેટ ફાન્ડામેન્ટલીઝમ અને બીજી તરફ નીતીશુન્યતા વચ્ચે માનવજાત પીસાઈ રહી છે. બજાર, જે બજારુ નથી તેવાં ક્ષેત્રો - આરોગ્ય, શીક્ષણ, કાયદો, રાજકારણ, કલા, રમત પર પણ સવાર થઈ ગયું છે.

'વૉટ મની કાન્ટ બાય' ઉદાહરણ આપે છે : 1999માં વૉલમાર્ટ કંપનીનો કર્મચારી ગ્રાહકને ટીવી કાર સુધી પહોંચાડવામાં મદદ કરતો હતો ત્યારે પડી ગયો. અઠવાડીયા પછી તેનું મૃત્યુ થયું. વીમા કંપનીએ ત્રણ લાખ ડોલર ચુકવ્યા - કર્મચારીના પરીવારને નહીં, વૉલમાર્ટ કંપનીને ! કેસ થયો ત્યારે બહાર આવ્યું કે વૉલમાર્ટે હજારો કર્મચારીઓના નામે વીમાપોલીસી ખરીદી હતી. એટલે કે જ્યારે કોઈ કર્મચારી મૃત્યુ પામે, કંપની કમાણી કરી લેતી હતી. વીમા કંપનીઓ આવી પોલીસી પણ વેચે છે, જે તમારા નામે, પણ બીજા કોઈના ફાયદા માટે ખરીદાઈ હોય. જેમ કે એઈડ્ઝના દર્દીઓએ જે વીમાપોલીસી પહેલા કઢાવી હોય તે ઈન્વેસ્ટરો ખરીદી લે. બદલામાં એઈડ્ઝના દર્દીને એક રકમ સારવાર માટે આપી દે. દર્દી મૃત્યુ પામે ત્યારે પોલીસીની રકમ ઈન્વેસ્ટરને મળે. દેખીતું છે કે દર્દી જેટલું વધારે જીવે તેટલો ઈન્વેસ્ટરને ફાયદો ઓછો. વીમા કંપનીઓ, જે મૃતકના સ્વજનોના લાભ માટે ઉભી થઈ હતી તેની શકલ બજાર આ રીતે બદલાવી નાખે છે અને એક વાર નીતીમત્તાની સીમા ઓળંગાઈ જાય પછી બજાર ક્યાંય અટકતું નથી.

આવાં અનેક ઉદાહરણો આપી, ક્યારેક કઠોર પ્રહાર કરીને તો ક્યારેક હળવા ઈશારાથી લેખક માઈકલ સેન્ડલે સ્પષ્ટ કર્યું છે કે છેલ્લા થોડા દાયકાઓમાં બજારે જે રીતે

જીવનને ભરડો લીધો છે તેવું પાછળની સદીઓમાં ક્યારેય નહોતું બન્યું. લેખક સમાજવાદી નથી. માર્કેટીંગની વીરુદ્ધ પણ નથી. માર્કેટીંગની મદદથી ઉત્પાદન-વીતરણનો વ્યાપ અને સમૃદ્ધી જે રીતે વધી છે તેનો તેમને ખ્યાલ છે. પણ એની જે કીમત દુનીયા ચુકવે છે તે તેમને દેખાડવું છે. પહેલા જરુરીયાતોને લક્ષમાં લઈને ઉત્પાદન થતું. આજે પહેલા ઉત્પાદન થાય છે, પછી ઈચ્છાઓ ઉભી કરાય છે. લેખક કહે છે, 'આ પરીવર્તન ઘણું મોટું અને તેટલું જ જોખમી છે, પણ ખરું જોખમ અમર્યાદ રીતે વધેલા લોભનું નથી, ખરું જોખમ છે બજારના વધતા ગયેલા વ્યાપનું. ખરું જોખમ છે સંબંધો, નાગરીક કર્તવ્યો, માનવીય નીસબત જેવાં, જ્યાં બજાર હોય જ નહીં તેવાં જીવનનાં પાસાંઓ પર પણ માર્કેટીંગની વધતી જતી પકડનું.' ત્યારે તેમની સાથે સંમત થયા વીના રહેવાતું નથી.

પણ આ પુસ્તક શબ્દોનો હુમલો કરવા લખાયું નથી. લેખકના વીચારો સ્પષ્ટ છે. એટલી જ સ્પષ્ટ તેમની દલીલોની દીશા છે. ખુબ બધાં ઉદાહરણો સાથે તેઓ ધીરે ધીરે આગળ વધે છે અને અંતે આપણને પહેલા કદી નહોતું દેખાયું તેટલું ચોખ્ખું દેખાય છે કે આપણે કેટલા મુલ્યહીન વીશ્વમાં જીવી રહ્યા છીએ અને બજારે આપણી જીંદગીની અંદર કેવાં મજબુત મુળીયાં નાખી દીધાં છે.

અર્થશાસ્ત્રની વાત કરતાં તેઓ 'અર્થશાસ્ત્ર મુલ્યોથી પર, નીષ્પક્ષ ને ઉપયોગીતાનીર્ભર છે, ધનનો પ્રવાહ વહેતો રહે તે અર્થશાસ્ત્ર માટે પ્રોત્સાહક ઘટના છે, માનવવર્તન પર તેનો શો પ્રભાવ પડે છે તેની સાથે અર્થશાસ્ત્રને સંબંધ નથી' તેવા પ્રચલીત સીદ્ધાંતનું ખંડન કરે છે. તેઓ ભારપુર્વક કહે છે કે બજાર દેખાય છે તેવું નીષ્પક્ષ કદી હોતું નથી. આજે અન્યાય અને ભ્રષ્ટાચારથી વ્યક્તી, સમાજ અને રાષ્ટ્ર ખદબદે છે, તેની પાછળ બજાર જ છે. લોકશાહીમાં પુર્ણ સમાનતા નહીં હોય તો ચાલશે, પણ તેમાં નાગરીકોના જીવન સમધારણ હોવા જોઈએ. બજાર જુદી જુદી પશ્ચાદ્‌ભુમીકાવાળા, જુદી જુદી સામાજીક સ્થીતીવાળા નાગરીકોને એકબીજાની વીરુદ્ધ ખડા કરી દે છે અને જ્યારે એક જ દેશના નાગરીકોનાં હીતો એકબીજા પર ચડી જવા લાગે ત્યારે લોકશાહી શબ્દ પોતાનો અર્થ ગુમાવી દે છે.'

અંતે તેઓ કહે છે, બજારની સમસ્યા મુળભુત રીતે એ સમસ્યા છે કે આખરે આપણે કેવી રીતે જીવવું છે. બજારની સીમાઓને સમજીને આપણે વીચારી લેવાનું છે. આપણે એવો સમાજ ઈચ્છીએ છીએ જ્યાં બધું ખરીદી વેચી શકાતું હોય - જ્યાં લાભાલાભ અને ગણતરીઓ જ સર્વસ્વ હોય ? કે પછી આપણે એવો સમાજ જોઈએ છે જેના પાયામાં એવાં ચોક્કસ મુલ્યો અને કર્તવ્યો હોય જેને પૈસા કદી ખરીદી ન શકે ? આ પ્રશ્ન સાથે તેઓ પુસ્તકનું સમાપન કરે છે. નક્કી આપણે જ કરવાનું છે.

[સૌજન્ય : **'આપણું વીચારવલોણું'** : જાન્યુઆરી 2017]

## આધુનીક અમેરીકન વીરાંગનાઓ...

**હરનીશ જાની**

વીનીતા ગુપ્ત નામ યાદ રાખજો. આવતા વરસોમાં આ નામ ખુબ પ્રખ્યાત થવાનું છે. આ છોકરી સામા વહેણે તરવાવાળાઓમાંની એક છે. ગાંધીજીને પણ તેમની આ ટેવે મી. ગાંધીમાંથી મહાત્મા ગાંધી બનાવ્યા હતા. સાઉથ આફ્રીકામાં તેમને ફર્સ્ટ ક્લાસમાંથી થર્ડ ક્લાસના ડબ્બામાં જવાનું કહ્યું ત્યારે તેમની જગ્યાએ સામાન્ય વ્યક્તી હોત તો તેમ કર્યું હોત અને વાત પુરી. કારણ કે સવારે મી. ગાંધીએ કોર્ટમાં કેસ લડવા હાજર થવાનું હતું. તે ઓછું હોય તેમ સીગરામમાં બહાર ડ્રાયવરના પગ પાસે બેસવાની ના પાડી અને માર ખાધો. આમ પોતાના સીદ્ધાંત ખાતર લડનારા જુદી માટીના હોય છે.

વીનીતા ગુપ્ત, ફીલાડેલ્ફીયાના ઈન્ડીયન ઈમગ્રંટ્સની લોયર દીકરી છે. પાંચ ફુટની ઝીણકી, પણ ભલભલા ગોરા અમેરીકન પોલીસોને એનો ડર લાગે છે. આ બહેન 2001માં ન્યુ યોર્ક યુની.ની લો ડીગ્રી લઈ અને કોઈ લો ફર્મમાં જુનીયર અપ્રેન્ટીસ તરીકે જોડાવા કરતાં તેણે પોતાની જાતે સીવીલ લીબર્ટીઝ યુનીયન (કાળા અમેરીકનોના હક્ક માટે લડતી સંસ્થા)ને મદદ કરવા તેમનો કેસ હાથમાં લીધો. હવે આ કેસમાં એમ હતું કે 40 કાળા અમેરીકનો જેમાં 6 લેટીન અમેરીકનો હતા, તેમને ટેક્ષાસના ટુલીયા ગામની જેલોમાં ખોસી દીધા હતા. વીનીતાથી આ સહન ન થયું. પોતે રહે ન્યુ યોર્કમાં અને કેસની તૈયારીઓ ટેક્ષાસમાં કરવાની. બે વરસ તે અપડાઉન કરતી હતી. તેણે શોધી કાઢ્યું કે ચાલીસે ચાલીસ જણને એક સરખા ચાર્જથી એક જ પોલીસ ઓફીસરની જુબાની પર ત્રણ ચાર વરસમાં પકડી અને ગીલ્ટી ઠરાવવામાં આવ્યા હતા. વીનીતાએ તેમના બધા કેસનો સ્ટડી કર્યો અને તેને લાગ્યું

કે પોલીસ ઓફીસર રોન કોલમેન રંગદ્વેષી છે. ગોરા લોકોની બનેલી જ્યુરીની સામે દરેક કેદી માટે હેરોઈન નામની ડ્રગ રજુ કર અને ખોટા પુરાવા ઉભા કરી નીર્દોષ કાળાઓને જેલમાં પુરી દીધા છે. વીનીતા કેદીઓના ફેમીલીને મળવા લાગી અને તે લોકો વીનીતાને મદદ કરવા લાગ્યા. એરપોર્ટ પરથી પીક અપ કરતા અને વીનીતા કેદીઓના કુટુંબ સાથે રહેતી હતી. તેણે કોર્ટમાં પાછો કેસ ખોલાવ્યો. તેણે ચાલીસે ચાલીસને નીર્દોષ જાહેર કરાવ્યા અને તેમને ગવર્મેન્ટ પાસેથી નુકસાન અને પીડા પેટે 60 લાખ ડોલર અપાવ્યા. જરા કલ્પના કરો કે આ તેનો પહેલો કેસ હતો.

મારે 2005માં વીનીતાને ન્યુ યોર્ક યુની.માં મળવાનું થયું હતું ત્યારે તો તેની કીર્તી આસમાનને આંબતી હતી. ત્યારે તે લોયર નહીં પણ એક સ્કુલ ગર્લ જેવી લાગતી હતી. અમેરીકાના ઈંગ્લીશ ન્યુઝ પેપર ‘ઈન્ડીયા એબ્રોડ’નો તેને ‘પર્સન ઓફ ધ યર’નો મેડલ પણ મળ્યો હતો. મેં તેની સાથે અને તેના માતાપીતા સાથે જાતજાતની વાતો કરી હતી. તેમાં ખાસ કરીને મારી જીજ્ઞાસા એ હતી કે કેસ દરમીયાન તેને ડર નહોતો કે પોલીસ કે પેલો રોન કોલમેન તેને કોઈ મારપીટમાં સંડોવી દે ! પરંતુ તેણે કેદીઓના ફેમીલીના પ્રોટેક્શનની વાત કરી.

આટલું કરીને વીનીતા બેસી રહી નહોતી. તેણે એટર્ની તરીકે ડોન હુટો નામની ફેસીલીટીને સુધારાવી કે જેમાં દેશનીકાલવાળા ઈમીગ્રંટ્સની રહેવાની વ્યવસ્થા હતી, જે ઢોરને પણ ન રખાય તેવી હતી. વીનીતા પ્રેસીડન્ટ ઓબામાની નજરે ચઢી. આજે તે વોશીંગ્ટન (ડીસી)માં કેબીનેટ પોસ્ટ પર આસીસ્ટન્ટ એટર્ની જનરલ છે. આ ઉંમરે કે કોઈ પણ ઉંમરે આ સીદ્ધી જેવી તેવી ન ગણાય. તેટલું ઓછું હોય તેમ, એક્ટ્રેસ હેલી બેરીને લઈને, વીનીતાના જીવન પર હોલીવુડમાં ફીલ્મ બની રહી છે.

આવી જ બીજી વ્યક્તી અમેરીકન લેડી એરીન બ્રોકોવીચ (Erin Brockovich) જે કેલીફોર્નીયાના હીન્કલી ગામમાં રહેતી હતી; એક સામાન્ય ગૃહીણી જેણે કદી લો ડીગ્રી પણ લીધી નહોતી. સુપર માર્કેટમાં કામ કરતી હતી. તે છોડીને એક લોયરને ત્યાં ક્લાર્ક તરીકે જોડાઈ.

આ ગાળામાં તેણે જોયું કે હીન્કલી ગામમાં, ઘણાં લોકોને કેન્સર થતા હતા. તે વીચારવા લાગી કે આમ કેમ ? ફક્ત હીન્કલીમાં જ લોકોને કેન્સર કેમ થાય છે ? તેણે તેના બોસલોયરને કહ્યું, જેણે કાંઈ ધ્યાન ન આપ્યું. તો તેણે જાતે કેન્સરપીડીત લોકોના ઘરના પીવાના પાણીના નમુના લઈ અને પ્રાઈવેટ લેબોરેટરીમાં ટેસ્ટીંગ કરાવ્યું. તેમાં હેક્ઝાવેલન્ટ ક્રોમીયમ નીકળ્યું જે શરીરમાં જાય તો કેન્સર થાય. તે હતી સામાન્ય ગ્રેજ્યુએટ, પણ સામે વહેણે તરવાવાળી. એના બોસ એને ના પાડે પણ એ મંડી પડી શોધવા કે આ ક્રોમીયમ ક્યાંથી આવે છે, તો ગામમાં એક કેલીફોર્નીયાની પેસીફીક ગેસ એન્ડ ઈલેક્ટ્રીક કંપનીના કોમ્પ્રેસર કુલીંગ સીસ્ટમમાં વપરાતા ક્રોમીયમ પર તેની નજર ગઈ. હવે આ બધું એજ્યુકેશન તેણે લોકોને પુછી પુછીને લીધું. કુલીંગમાં વપરાયેલું ક્રોમીયમ એક તળાવમાં છોડી દેવાતું હતું. તળાવમાંથી જમીનમાં અંડર ગ્રાઉન્ડ જઈને લોકોના પીવાના પાણીમાં જતું હતું. પછી એરીનબેન મચી પડ્યા લોકોના ઈન્ટરવ્યુ લેવા. આ સ્ટેજ પર તેના લોયરનો પણ સપોર્ટ મળ્યો. એરીને 196 કેસ ઉભા કર્યા. તેમને એને તેમના ફેમીલીને ધરપત આપી અને પેસેફીક ગેસ અને ઈલેક્ટ્રીક કંપની સામે પોતાની લો ફર્મ તરફથી દાવો માંડ્યો. આ દરમીયાન તેના પતીએ કંટાળીને ડીવોર્સ લીધા. તેની આ પ્રદુષણ સામે લડવાની ટેવને લીધે ત્રણ ત્રણ ડીવોર્સ થયા. સાથે સાથે ત્રણ નાના નાના બાળકોને એકલે હાથે સંભાળવાના ! એક નાનકડા ગામ હીન્કલીના મામુલી લોયરે, મોટી ઈલેક્ટ્રીક કંપનીને હરાવીને 3330 લાખ ડોલર લોકોને માટે મેળવ્યા. તેમાં તે લોયરને 1330 લાખ ડોલર મળ્યા. અને તે લોયરે આ સામાન્ય કલર્કને 25 લાખ ડોલર આપ્યા. વાત આટલેથી નથી અટકતી. પછી તો એરીને વાતાવરણ પ્રદુષણમુક્ત રાખવા પોતાની એજન્સી રાખી અને બીજી ઈલેક્ટ્રીક કંપની વહીટમેન કોર્પોરેશનના 1200 કસ્ટમરનો કેલીફોર્નીયાના વીલીટ ગામનો કેસ જીતી અને 3350 લાખ અપાવ્યા. આજે તે એન્વાયોમેંટલ ચેમ્પીયન છે અને ડઝનબંધી કેસ જીતી છે. 2000ની

## बेटियां

(1)

कली की मुस्कान
फूल की खुशबू
फल की मिठास
होती हैं
बेटियां ।

(2)

बीज के लिए धरती
पौधे के लिए मिट्टी
दरख़्त के लिए हवा
होती हैं
बेटियां ।

(3)

बच्चे की रगों का खून
जवान की छाती का दिल
बुज़ुर्ग की रूह का सुकून
होती हैं
बेटियां ।

● डॉ॰ अज़रा 'नूर'

સાલમાં તેના જીવન પર આધારીત તેના જ નામની એરીન બ્રોકોવીચ ફીલ્મ બની. જેમાં જુલીયા રોબર્ટ્સે કામ કર્યું હતું અને ઓસ્કાર નીમીત્તે એરીન હાજર પણ રહી હતી.

આ વાત કરવાનો અર્થ એટલો જ કે સામે વહેણે તરવાવાળા જગતનો ઈતીહાસ બદલે છે. પોતે જે સીદ્ધાંતમાં માનતા હોય તેને ખાતર જાત ખુવાર કરી દે છે. પછી બીજા લોકો એમના જીવન-કવન પર ફીલ્મો બનાવે છે.

[સૌજન્ય : 'ગુજરાતમીત્ર' તા. 25-1-2017]

## નારી - જીવનનાં તેજ-છાયા

**પ્રેષક : મહેન્દ્ર મેઘાણી**

**ક્યારેય પણ સ્ત્રીઓએ સમાનતા ભોગવી હોય,**
**એ માનવું મુશ્કેલ જેવું છે.**
**આજે પણ પ્રામાણીક માણસોએ પુછવા જેવું છે કે,**
**સ્ત્રીઓની આટલી બધી સેવાઓ લેવાનો**
**આપણને હક છે ?**

**- ઉમાશંકર જોશી**

*

**કયા રસથી સ્ત્રી-સમુદાયને નીરખવો ?**
**શરદચંદ્રે એ દૃષ્ટીકોણ આપ્યો.**
**શરદચંદ્રનાં સ્ત્રીપાત્રોએ જાણ્યો છે તેવો સ્નેહ તો કોઈએ જાણ્યો નથી.**
**પણ એ બધી સંયમની મુર્તીઓ છે.**
**આ સંયમ વડે તેઓ પ્રેમને મહીમાવંત કરે છે.**
**તેમના ચીત્તની અલૌકીક સમૃદ્ધીના તેજમાં**
**શરીરની વાસનાઓ ક્ષીણ થઈ જાય છે.**

**- મનુભાઈ પંચોળી**

*

**ગાતાં ગાતાં**
**આંગણું લીંપે ને ગુંપે,**
**બીજના ચાંદ જેવી ઓકળીઓ આંકે,**
**તે તો કોઈ બીજુંય હોય;**
**પણ ભીના ભીના લીંપણમાં**
**નાનકડી પગલી જોવાના કોડ કરે -**
**તે તો મા જ !**

**- જયન્ત પાઠક**

*

**આપણે આપણી પત્નીઓ પાસે**
**કેટલી મોટી અપેક્ષાઓ રાખીએ છીએ !**
**એક માત્ર ગુનો કહો તો**
**કદી ફરીયાદ કરવાનો સ્વભાવ હોતો નથી;**
**એટલે આપણે તેને માણસ નહીં**
**પણ મશીન જ માનતા હોઈએ છીએ.**

**- ગુલાબદાસ બ્રોકર**

*

**મારા ઘેર આવજે, બેની !**
**નાની તારી ગુંથવા વેણી.**

**આપણા દેશમાં નીર ખુટ્યાં ને**
**સળગે કાળદુકાળ;**
**ફુલ વીના, મારી બેનડી ! તારા**
**શોભતા નો'તા વાળ**
**બાગબગીચાના રોપ નથી, બેની,**
**ઉગતા મારે ઘેર...**
**પ્હાડ તણે પેટાળ ઉગેલાં**
**લાલ કરેણીનાં ઝાડ;**
**કેસુડલાં કેરી વાંકડી કળીઓ**
**વીણીશ છેલ્લી ડાળ...**

**સાંજ વેળા મારી ગાવડી ધોળી**
**આવીશ દોટાદોટ,**
**ગોંદરે ઉભીને વાટ જોતી બેની**
**માંડશે ઝુંટાઝુંટ.**

**- ઝવેરચંદ મેઘાણી**

*

**તને મેં ઝંખી છે -**
**યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી**

**- સુંદરમ્**

*

**સંસારમાં પ્રયોજન વગર**
**આપણે કોઈને ચાહીએ છીએ ?**
**એક માત્ર માને.**
**સંતાન જ્યારે માને ચાહે છે ત્યારે પુછતું નથી કે,**
**મા, તું શું રુપસી છે ? કે વીદુષી છે ?**
**તે મા છે, એ જ તેનું ઐશ્વર્ય.**
**સદાની ભીખારણ મા -**
**તેને છોડીને તેનું શીશુ**
**લંબાવેલા હાથવાળી રાણીને ખોળે પણ જતું નથી.**

**- અચીંત્યકુમાર સેનગુપ્તા**

(અનુ. મોહનદાસ પટેલ)

# આ સમય પણ ચાલ્યો જશે

**આગ્નેસબહેન વાઘેલા**

બે મહીલાઓની આ વાત છે. સગપણે મા-દીકરી છે. દીકરીના જીવનમાં ઝંઝાવાત આવ્યો. એ નાસીપાસ તો નહોતી થઈ, નીરાશ હતી. જીવનમાં એક મહત્ત્વનો નીર્ણય કરી રહી હતી. નીર્ણય લેવામાં કશ-મ-કશ અનુભવી રહી હતી. ત્યારે માતાએ કહ્યું, 'દીકરા, પરીવર્તન એ જીવનનો નીયમ છે. પરીવર્તન સાથે કદમ મીલાવવા અનીવાર્ય છે. એટલું જ નહીં, સમયના વહેણ સાથે કામ કરવાની પદ્ધતી, વીચારો અને રણનીતીમાં પણ સમય સાથે તાલ મેળવતાં રહેવું જોઈએ. જીવવા માટે ખોરાક-પાણી-મકાન જ નહીં, જોમ, ધગશ, કુનેહ અને આવડત પણ આવશ્યક છે. ખોરાક-પાણીથી માણસના શ્વાસ ચાલી શકે, જીવતર નહીં. જીવવા માટેનો વહેવાર નોખો છે. એ માટે નીર્ણય લેવાનું સાહસ, એને વળગી રહેવાની મક્કમતા, સહનશક્તી અને ધીરજ જીવવાના ચાલક બળ છે. જીંદગી ઝુઝવા-ઝઝુમવાનું નામ છે. પણ ઝઝુમવું એ રમત વાત નથી. એમાં થાકી જવાય, હાંફી જવાય, ક્યારેક સાવ ભાંગી પણ પડાય. પણ ઝઝુમવાની ખુમારી હોય, સંકલ્પ અડીખમ હોય, તો ફરીથી બેઠું થઈ શકાય છે. વહેલું કે મોડું, પોતાનું ધાર્યું સીદ્ધ થઈ શકે છે. સમાજની સાડાબારી રાખ્યા વીના તું શાંત ચીતે નીર્ણય લે. તારો જે નીર્ણય હશે તેને મારો પુરો ટેકો છે.' માતાની વાત દીકરીને સ્પર્શી ગઈ. એનામાં નવો પ્રાણ પ્રગટ્યો. જીવવા માટે સંજીવની જડી ગઈ. દીકરી મક્કમ નીર્ધાર સાથે દુનીયાને નવેસરથી જોવા તૈયાર થઈ ગઈ.

જેની વાત કરું છું તે માતાની વય આજે તો 77 વર્ષની છે. પાંચ સંતાનોની માતા છે. પતીનો ટુંકો પગાર, કામના લાંબા કલાકો વચ્ચે સમતુલા રાખીને સંતાનોને મોટાં કર્યાં, ભણાવ્યાં, ગણાવ્યાં, પગભર કર્યાં અને પરણાવ્યાં. જીવનની તડકીછાંયડી વચ્ચે ખુમારીભેર જીવતી આ માતાની મારે વાત કરવી છે.

જે જમાનાની વાત કરું છું તે પાંચેક દાયકા પહેલાંની છે. સરકારી કર્મચારી એવા પતી સાથે સાત સભ્યોનું મધ્યમવર્ગીય કુટુંબ સંતોષ અને આનંદની મુડી સાથે કીલ્લોલ કરતું હતું. સરકારી મકાન હતું. વાહનમાં સાયકલ હતી. તે જમાનામાં આજની જેમ મહીલા મનફાવે તેમ અને ત્યારે ઘરની બહાર જઈ શકતી નહોતી. સામાન્ય રીતે, પતી ઘરની જરુરીયાતની વસ્તુ, સીધુ-સામાન ખરીદી લાવતો. પરંતુ પતીની નોકરીનાં દીર્ઘ કલાકોને કારણે, ઘરે પરત આવવાનો નીશ્ચીત સમય નહોતો. એટલે ઘણી વખત પતીનાં કામ પત્નીને કરવા પડતાં. સામાજીક વહેવાર, બાળકોના ભણતર-ગણતરની જવાબદારી વગેરે. બહારગામ તો કોઈ સગાનાં લગ્ન કે મરણપ્રસંગે જ નીકળાતું. રેલવેમાં પતીની નોકરી હોવા છતાંય, બાળકોનાં સ્કુલના વેકેશનમાં પણ જોવાલાયક કે હવા ખાવાના સ્થળો પર પ્રવાસ કરવો એ આર્થીક રીતે પણ પરવડે નહીં. જાત્રાએ તો નીવૃત્તી પછી જ જઈ શકાય. એય સગવડ હોય તો. પતી-પત્નીને સીનેમાનો શોખ ખરો. બાળકો સાથે નજીકના સીનેમાઘરોમાં સીનેમા જોવા જાય. નજીકના બગીચામાં બાળકો સાથે ફરવા જાય. એ એમનાં આનંદપ્રમોદનું માનીતું સ્થળ. સામાજીક વહેવારો, મહેમાનોની આગતાસ્વાગતા, પાંચ બાળકોનાં ભણતરનો ખર્ચ, એ બધાંમાં મધ્યમવર્ગીય સરકારી કર્મચારી પાસે એ અરસાના પગાર પ્રમાણે ખાસ બચત પણ શાની હોય ? મહીલા પોતાની સુઝબુઝ અને કરકસરથી બે છેડાં માંડ ભેગાં કરી શકતી. માતાપીતા પોતાનાં બાળકોને ઉત્તમ સંસ્કાર અને ભણતર મળી રહે તેની ખાસ તકેદારી રાખતાં. જીવનની નાની નાની વાતોમાંથી પરીવાર આનંદ શોધી લેતો.

આ મહીલાનું બાળપણ દુ:ખદ અને ત્રાસદાયક હતું. માતા, એના જન્મના એકાદ વરસમાં સ્વર્ગલોકમાં પહોંચી ગયેલી. પીતાએ બીજા લગ્ન કરેલાં. નવી માતા સંવેદનહીન નીકળી. નાનકડી બાલીકા પાસે ઘરનાં તમામ કાર્યો કરાવતી. પોતાના સંતાનોને સાચવવાની જવાબદારી પણ નાનકડી બાલીકાની જ રહેતી. નવી માતાની એક મુસ્કુરાહટ મેળવવા બાળકી પોતાની ક્ષમતાથીય વધુ કામ કરતી. પણ બાલીકાની મનની મનમાં જ રહેતી. નવી માતાનો વહાલ કરતો હાથ એના માથે ક્યારેય ના મુકાતો. સુખેદુ:ખે બાળપણ વીત્યું. ઘરકામનાં ઢસરડામાં ભણતરનું સપનું પુરું ના થઈ શક્યું. યુવાન થાય ના થાય ત્યાં તો સાસરે વળાવી દીધી.

નસીબજોગે મહીલાને સાસરીયાં અને પતી ખુબ સમજુ અને પ્રેમાળ મળ્યાં. પરંતુ પોતે જે ના ભણી શકી, એનાથી પોતાનાં સંતાનો વંચીત ના રહે તેની તકેદારી એણે લીધી હતી. પોતાની પહેલાં ખોળાની દીકરીએ જ્યારે કોલેજમાં એડમીશન લીધું ત્યારે માતાની છાતી ગર્વથી ફુલી નહોતી સમાતી. દીકરી સ્નાતક થઈ. એ દીવસ માતાપીતા માટે સોનાનો બની રહેલો. દીકરીએ પત્રકારત્વના ક્ષેત્રને પસંદ કરી સામયીકમાં નોકરી સ્વીકારી એ માતા માટે ગૌરવની બાબત બની. (દીકરીના લખાણની પ્રખર પ્રશંસક અને વીવેચક આજપર્યંત એની માતા બની રહી છે.) બીજાં ચારેય સંતાનોને પોતાના રસના ક્ષેત્રમાં ભણાવ્યાં. માતા- પીતાએ ધીરજ, અને કર્મયોગની શીક્ષા

સંતાનોમાં ઠાંસી ઠાંસીને ભરી.

આ માતાએ પોતાના આચરણથી સંતાનોને ગળથુંથીમાં પાયું કે, મનુષ્યનું ગૌરવ એના જન્મના કુળથી નહીં, એના વૈભવથી નહીં, એના કર્મોથી થાય છે. જ્ઞાતીપ્રથા, અંધશ્રદ્ધા અને કર્મકાંડ એ ધર્મ નથી. સર્વધર્મસમભાવ જ નહીં, સર્વધર્મ મમ:ભાવની આહલેક જગવી. એના કારણે એનાં સંતાનો મારો ધર્મ ઉંચો, તારો ધર્મ નીચો, ઉંચ-નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય, અન્ય ધર્મીઓ પ્રત્યે શંકા-કુશંકા જેવી બાબતોથી જોજનો દુર જ રહ્યાં. આ શીખ તેનાં સંતાનોમાં જ નહીં તેનાં પૌત્ર-પૌત્રીઓ, દોહીત-દોહીત્રીમાંય વણાઈ ગયાં. નાતાલની ઉજવણીની સાથે, દીપાવલીના દીવાનો ઉજાસ, હોળી-ધુળેટીનાં રંગોની મોહકતા, રમઝાનની ઈદી અને સેવૈયાની મીઠાશ, મીચ્છામી દુક્કડમ્નું પણ એટલું જ માહત્મ્ય છે તે શીરાની જેમ સંતાનોનાં જીવનમાં ઉતારી દીધું. એનાં સંતાનો માટે જીવનભરની આ બહુ મોટી ઉપલબ્ધી બની રહી.

મહીલાની દીકરી, બહેનપણીઓ, પડોશીઓ સાથે મંદીર, હવેલી, દેરાસર, ગુરુદ્વારામાં સહજપણે જતી. બહેનપણીઓ પણ દેવાલયમાં નાતાલ-પાસ્ખાની પરમપુજામાં ભક્તીપુર્વક ભાગ લેતી. પત્રકારત્વના વ્યવસાયમાં ઝંપલાવેલી એની દીકરીને એ સ્વીકારતા ખુબ જહેમત પડી કે, લોકો નાત-જાત-ઉંચ-નીચ, જેવી સંકુચીતતામાં કેટલાં અટવાયેલાં છે ! લોકોને મન ધાર્મીક હોવું એટલે કર્મકાંડમાં રચ્યાંપચ્યાં રહેવું છે.

સંતાનો માતાપીતા પાસેથી જે શીખે છે, જોવે છે, સાંભળે છે એવું જ આચરણ કરતાં શીખતાં હોય છે. અસહીષ્ણુતાનું વાતાવરણ પુરા દેશને બાનમાં લઈ રહ્યું છે ત્યારે વીચાર આવે છે કે, નાની નાની બાબતોમાં લાગણી દુભાઈ જતાં લોકોને કઈ પ્રકારની કેળવણી મળી છે ?!

હું જેની વાત કરી રહી છું. એ છે અમારી મંમી. એક રાતે અમારા પીતાએ અચાનક આ સંસારમાંથી વીદાય લઈ લીધી. કારમો કારી ઘા હતો અમારા સૌના માટે. પરંતુ અમારી મંમીએ એનેય ખમી લીધો. એમની પાંખમાં પાંચેય સંતાનોને સમાવી લીધાં. માતાએ દરેક પ્રસંગને સાંગોપાંગ રીતે પાર પાડ્યો છે. અમારા પીતાના અવસાનને ઓગણીસ વરસનાં વહાણાં વહી ગયાં છે. એમનાં સંતાનો પોતપોતાનાં સંસારમાં સુખી છે. સંતાનોનાં સંતાનોયે ઉચ્ચ શીક્ષણ અને ઉચ્ચ કારકીર્દીના માલીક બન્યાં છે. આજે મહીલા દીવસે અમારી માતાની સાથે સંસારની તમામ માતાને નત મસ્તક વંદન કરવાની તક ઝડપી લઉં છું. ❑

# ન્યાયતંત્રની નબળાઈઓ

કૃષ્ણકાંત વખારીઆ

ન્યાયતંત્રની બે નબળાઈઓ (1) ન્યાય મેળવવામાં થતો વીલંબ અને (2) ખર્ચાળ ન્યાય પ્રણાલીકા ખુબ જાણીતી નબળાઈઓ છે. આ ઉપરાંત ત્રીજી ઓછી જાણીતી નબળાઈ ન્યાયતંત્રમાં આચરાતી અપ્રામાણીકતા અંગેની છે.

ન્યાય મેળવવામાં થતાં વીલંબનો સમય કેમ ઘટાડી શકાય તે અંગે કેન્દ્ર સરકારે તજજ્ઞોના નીમેલા પંચો અને Law Commission of Indiaના ઉંડાણથી અભ્યાસ કરતાં અનેક અહેવાલો છે. આ અહેવાલોના આધારે સીવીલ પ્રોસીજર કોડ અને ક્રીમીનલ પ્રોસીજર કોડમાં સુધારાઓ પણ કરવામાં આવ્યા છે. આમ છતાં પણ વીલંબનો સમય ઘટવાને બદલે વધતો જાય છે. ન્યાયશાસ્ત્રની એક જાણીતી ઉક્તી છે : ‘Justice delayed is Justice denied' મતલબ કે વીલંબથી મળતો ન્યાય, ન્યાય ન મળવા બરાબર છે. એવા અનેક દૃષ્ટાંતો આપી શકાય તેમ છે કે વર્ષો વીત્યા પછી લાભમાં આવેલા ચુકાદાઓ પણ અર્થહીન બની જાય છે. સમગ્ર ન્યાયપદ્ધતી ધરમુળથી ફેરફાર માગે છે. ગુજરાતીમાં એક કીંવદંતી છે કે ‘આંટા ખાવાની શક્તી અને આવરદા હોય તે કોર્ટમાં જાય' મતલબ કે આવરદા (આયુષ્ય) હોય અને કોર્ટમાં ધક્કા ખાવાની તૈયારી હોય તેઓ જ કોર્ટમાં જઈ શકે. કોઈપણ પક્ષકાર કોર્ટમાં પડતી વારંવાર મુદતો અને દરેક મુદત વખતે કોર્ટમાં જાતે હાજર રહેવાની પ્રક્રીયાથી ત્રાસ અનુભવે છે.

કોર્ટોમાં પડતી મુદતો કોર્ટોના સુવ્યવસ્થીત મેનેજમેન્ટથી ઘટાડી શકાય. આપણા દેશના વીખ્યાત જ્યુરીસ્ટ અને સુપ્રીમ કોર્ટના પુર્વ ન્યાયમુર્તી સ્વ. જસ્ટીસ શ્રી કૃષ્ણ આયરે એક પ્રવચનમાં ન્યાયકોર્ટના મેનેજમેન્ટ અંગે ટીપ્પણી કરતાં કહેલ કે ‘Is Grocer's shops are better managed than courts' મતલબ કે ન્યાયકોર્ટનું વ્યવસ્થાતંત્ર કરીયાણાની દુકાનના વ્યવસ્થાતંત્ર કરતાં પણ નબળું છે. કોર્ટના વ્યવસ્થાતંત્ર અંગે એક દૃષ્ટાંત ગુજરાતની વડી અદાલતમાં દરેક કોર્ટમાં આશરે એકસો ઉપરાંતના કેસો સુનાવણી માટે હંમેશા મુકાય છે જે પૈકી વધુમાં વધુ પચાસ-સાંઠ કેસોની ખરેખર સુનાવણી થઈ શકે છે. આ કેસોમાં પક્ષકારો ગુજરાતના ખુણેખુણેથી

મુદતે કેસનો નીકાલ આવી જશે તેવી ભારે અપેક્ષા સાથે આવતા હોય છે અને વ્યક્તીદીઠ ભાડા અને ખાદ્ય ખર્ચ સાથે કમસેકમ રૂ. પાંચસોથી સાતસો ખર્ચતા હોય છે. કોર્ટના સુવ્યવસ્થીત મેનેજમેન્ટથી સુનાવણી માટે લઈ શકાય તેટલા કેસો મુકી શકાય તો પક્ષકારોના વ્યર્થ આંટા અને ખર્ચ પણ બચી શકે. આ ઉપરાંત સુવ્યવસ્થીત મેનેજમેન્ટ અંગે ઘણા સુચનો છે.

ન્યાયકોર્ટની કાર્યવાહી અદાલત ખંડમાં પક્ષકારો અને તેમના વકીલો ઉપરાંત અન્ય લોકો અને વકીલોની હાજરીમાં ચાલતી હોય છે. અદાલતનો ખંડ પક્ષકારો, વકીલો અને પક્ષકારો સીવાયના લોકો માટે પણ ખુલ્લો હોય છે. અદાલત ખંડમાં કોઈપણ વ્યક્તી કોઈપણ જાતની રોકટોક વગર પ્રવેશી શકે છે. અલબત્ત, અતી સંવેદનશીલ કેસોમાં અદાલત ખંડની મર્યાદામાં પ્રવેશ મેળવી શકાય છે. પક્ષકાર કોઈપણ મુકદ્દમાની ખુલ્લી અદાલતમાં સુનાવણી ન થાય અને બંધ બારણે સુનાવણી થાય તેમ ઈચ્છતો હોય તો ગુપ્તતા જાળવવાના કારણો દર્શાવી કોર્ટને બંધ ઓરડામાં (Hearing incamera) સુનાવણી કરવા અરજી કરી શકે છે અને કોર્ટને કારણો યોગ્ય લાગે તો બંધ ઓરડામાં સુનાવણી કરવામાં આવે છે. ખાસ કરીને પતી- પત્ની વચ્ચેની તકરારોમાં કે બળાત્કાર જેવા ગંભીર કેસોમાં આ પ્રકારની મંજુરી મેળવી શકાય છે. એકંદરે ખુલ્લી અદાલતમાં પારદર્શક રીતે કેસો ચાલે એ એક સ્વીકાર્ય સીદ્ધાંત છે, જેથી પક્ષકારો અને તેમના વકીલો સીવાય અદાલત ખંડમાં હાજર અન્ય લોકો અને વકીલો પણ કેસની તુલના કરી શકે.

ખુલ્લી અદાલતના આ સર્વ સ્વીકાર્ય સીદ્ધાંતને આજના Electonic Mediaના જમાનામાં સુપ્રીમ કોર્ટથી માંડીને જીલ્લા અદાલતોની કાર્યવાહીના ફલકને ટેલીવાઈઝ કરવામાં આવે તો અદાલતી કાર્યવાહી વધારે પારદર્શક બનશે અને કેસોના નીકાલમાં થતા વીલંબ અને ખર્ચમાં અંશત: ઘટાડો થશે. સુપ્રીમ કોર્ટની અને હાઈકોર્ટની અદાલતી કાર્યવાહી ટેલીવાઈઝ કરવા માટે મુખ્ય ન્યાયાધીશોની મંજુરી જોઈએ. મારી માહીતી મુજબ વર્ષો પહેલાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તી જે ભારતના પણ મુખ્ય ન્યાયમુર્તી છે તેમની મંજુરી માગવામાં આવેલ જે મળેલ નથી. જો અદાલતી કાર્યવાહી ટેલીવાઈઝ કરવામાં આવે તો ન્યાયમુર્તીઓ અને ધારાશાસ્ત્રીઓની, કોર્ટ કાર્યવાહી દરમ્યાન, વધારે જવાબદાર વર્તણુક જોવા મળશે.

***કાયદાઓની આ જોગવાઈઓ, આઠ-બાર મહીનામાં નીવૃત્ત થનારા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ન્યાયમુર્તીઓમાં નીવૃત્તી પછી સરકાર પાસેથી નીમણુક મેળવવા માટેની લાલસા જગાવે છે.***

ન્યાયતંત્રની ઓછી જાણીતી નબળાઈ ન્યાયતંત્રમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયમુર્તીઓમાં નીવૃત્તી પછી સરકારમાં કે અન્ય કોઈ મોટા કોર્પોરેટ હાઉસ પાસેથી લાભો મેળવવાની લાલસા અંગેની છે. અપ્રામાણીકતાના અનેક તરીકાઓ છે. નગદ નાણાની અપ્રામાણીકતા ઉપરાંત કોઈ ભાવી અપેક્ષા - લાલચ વગેરેને લક્ષમાં લઈને અપાતા ચુકાદાઓ પણ પ્રદુષીત ચુકાદાઓ ગણાય.

આ લેખકે છ એક દાયકાઓ પહેલાં વકીલાત શરૂ કરી ત્યારે આમજનતામાં ન્યાયતંત્રની પ્રામાણીકતા, તટસ્થતા તેમજ ન્યાય આપવાની ક્ષમતા અંગે ભારે પ્રતીષ્ઠા હતી. ન્યાયમુર્તીઓ - ખાસ કરીને સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયમુર્તીઓ 'Semigod' એટલે કે આદરપાત્ર દૈવી પુરુષો ગણાતા. ન્યાય આપવાનું કાર્ય દૈવી કાર્ય ગણાતું અને આ દૈવી કાર્ય પ્રામાણીકતાથી, તટસ્થતાથી અને પારદર્શક રીતે ચુકાદાઓ આપવા તે ન્યાયમુર્તીની પવીત્ર ફરજ છે તેવી માન્યતા હતી. પ્રાચીનકાળમાં એવી માન્યતા હતી કે દરેક રાજામાં દૈવી અંશ હોય છે અને તેથી શાસનના વડા તરીકે ખુદ રાજા ન્યાયમુર્તી તરીકે બેસતો અને તકરારના ચુકાદાઓ આપતો. શાસનકર્તાઓની પ્રાથમીક ફરજોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની તેમજ નાગરીકોની સલામતીનું રક્ષણ કરવાની તેમજ ન્યાય આપવાની મહત્ત્વની પ્રાથમીક ફરજ ગણાતી.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના અનેક કાયદાઓમાં એવી જોગવાઈઓ કરવામાં આવી છે કે સદરહુ કાયદાઓ હેઠળ રચવામાં આવતી ન્યાયીક ટ્રીબ્યુનલો, કમીશનો, કોર્પોરેટ સંસ્થાઓ અને પંચો વગેરેમાં હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં ન્યાયમુર્તીઓ તરીકે ફરજો બજાવી હોય તેવી વ્યક્તીઓ નીમણુકો માટે લાયક ગણાશે. આ કાયદાઓ હેઠળ નીમણુક કરવાના અધીકારો રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના હસ્તક હોય છે. અલબત્ત, કેટલાક કાયદાઓમાં એવી જોગવાઈઓ હોય છે કે નીમણુકો અંગે મુખ્ય ન્યાયમુર્તીની સાથે મસલત કરવી.

કાયદાઓની આ જોગવાઈઓ આઠ-બાર મહીનામાં નીવૃત્ત થનારા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ન્યાયમુર્તીઓમાં નીવૃત્તી પછી સરકાર પાસેથી નીમણુક મેળવવા માટેની

લાલસા જગાવે છે. જેને કારણે એ સમયગાળામાં અપાતા નીવૃત્તીના આરે પહોંચેલા ન્યાયમુર્તીઓના ચુકાદાઓ આ પ્રકારના ભાવી અપેક્ષીત, લાલસાથી પ્રદુષીત થવાનો પુરેપુરો સંભવ છે. સામાન્યત: નીવૃત્તી પછીની આ નીમણુકો જે પગાર નીવૃત્તી સમયે મળતો હોય તે પગાર અને અન્ય સવલતો (Perks) સાથે ઓછામાં ઓછા ત્રણ વરસો કે તેથી વધારાના વરસો માટેની હોય છે. આ પ્રકારની નીમણુકો મેળવવા માટે નીવૃત્તીને આરે પહોંચેલા ન્યાયમુર્તી નીમણુકનો અધીકાર ધરાવતાં સત્તાકેન્દ્રો નારાજ થાય તેવા ચુકાદાઓ આપવાની હીંમત કરતા નથી. મારા વકીલાતના લાંબા સમયગાળા દરમ્યાન આ પ્રકારના અનેક કીસ્સાઓ મારી જાણમાં આવ્યા છે, પરંતુ મેં ખુદે અનુભવેલ આઘાતજનક ચુકાદાનું એક દૃષ્ટાંત આ લેખ માટે પુરતું ગણું છું.

આજથી આશરે દસેક વરસો પહેલાં ભાજપના એક વગદાર ચુંટાયેલ ધારાસભ્યની ગુજરાત વીધાનસભામાં થયેલ ચુંટણીને Representation of Peoples' Act હેઠળની કરેલ ગેરરીતીઓના કારણોસર, ધારાસભ્યની ચુંટણીની કાયદેસરતાને પડકારતો એક કેસ નીવૃત્તીને આરે પહોંચેલા ગુજરાત હાઈકોર્ટના એક ન્યાયમુર્તી સમક્ષ હું ચલાવતો હતો. કેસના સમર્થનમાં સબળ પુરાવાઓ રજુ થયેલા અને તેથી ગભરાઈને ગુજરાત ભાજપની નેતાગીરીએ ભાજપના વગદાર ધારાસભ્યના બચાવ માટે દીલ્હીથી તેમના પક્ષના એક નામાંકીત ધારાશાસ્ત્રીને રોકેલા; અને બચાવ પક્ષની રજુઆતો પછી કેસનો ચુકાદો અમારા લાભમાં આવશે અને ભાજપના ધારાસભ્યની ચુંટણી રદ થશે તેવી માન્યતા સામાન્યત: અમારા પક્ષે તેમજ વકીલ આલમમાં પ્રવર્તતી હતી. ન્યાયમુર્તીએ તેમની નીવૃત્તીના દીવસે અમારા ગેરલાભમાં ચુકાદો આપ્યો અને ભાજપના ધારાસભ્યની ચુંટણી કાયદેસર ઠરાવી. ન્યાયમુર્તી ચુકાદાની સાંજે નીવૃત્ત થયા અને બીજા દીવસે ગુજરાતની ભાજપ સરકારમાં એક અગત્યના પંચના અધ્યક્ષ તરીકે કાર્યરત થયા. નીવૃત્ત ન્યાયમુર્તી પંચના અધ્યક્ષ તરીકે નીવૃત્તી સમયે મળતા પુરા પગાર અને અન્ય સવલતો સાથે બીજા ત્રણ વરસો માટે ગુજરાત સરકાર પાસેથી લાભ મેળવતા રહ્યા. ઘડીભરને માટે માની લઈએ કે ન્યાયમુર્તીનો ચુકાદો યોગ્ય હતો તો પણ ચુકાદો આપનાર ન્યાયમુર્તી નીવૃત્તી પછી સરકારમાં નીમણુક મેળવતા ચુકાદાની વીશ્વાસનીયતા અંગે શંકા ઉભી થાય તે સ્વાભાવીક છે. ન્યાયમુર્તીનું આ પ્રકારનું વર્તન ભારતના બંધારણે કલ્પેલ 'ન્યાય સ્વાતંત્ર્ય'ના મહામુલા સીદ્ધાંતને અનુરુપ નથી.

'Commission of Inquiry Act, 1952' હેઠળ રાજ્ય અને કેન્દ્ર સરકારો કોઈ જાહેર અગત્યની બાબતો અંગે તપાસ પંચો નીમવાના અધીકારો ધરાવે છે. આ પ્રકારના પંચોમાં સરકાર સામાન્યત: સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના ન્યાયમુર્તીઓની નીમણુકો કરતી હોય છે. કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી કે આ પ્રકારના તપાસ પંચોમાં ફરજ પરના ચાલુ ન્યાયમુર્તીઓ, નીવૃત્ત ન્યાયમુર્તીઓ કે ન્યાયમુર્તી તરીકે નીમણુક પામી શકે તેવી લાયકાત ધરાવનાર વ્યક્તીઓને જ નીમવા જોઈએ. કેટલીક રાજ્ય સરકારો કે કેન્દ્ર સરકારે સનદી અધીકારીની અધ્યક્ષતા હેઠળના પંચો નીમ્યા હોય તેવા પણ અનેક દાખલાઓ છે. ફરજ પરના ચાલુ ન્યાયમુર્તી અથવા સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના નીવૃત્ત ન્યાયમુર્તીઓના બનેલા તપાસપંચોના અહેવાલો વીશ્વસનીય બનશે તેવી માન્યતા હેઠળ જાહેર અગત્યના અત્યંત વીવાદાસ્પદ બનાવો અંગે તપાસ કરી અહેવાલો આપવા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના નીવૃત્ત ન્યાયમુર્તીઓના તપાસ પંચો નીમવાની પ્રણાલીકા કેટલાક સમયથી શરુ થઈ છે. જાહેર અગત્યના બનાવોના તપાસપંચોની વીશ્વાસનીયતા આ તપાસ પંચોમાં નીમાતી વ્યક્તીઓ તેમની સળંગ કારકીર્દીમાં તટસ્થતા, ન્યાયપ્રીયતા, નીડરતા, પારદર્શકતા અને સક્ષમપણા અંગે વીશ્વસનીયતા ધરાવતા હોવા જોઈએ. દરેક નીવૃત્ત ન્યાયમુર્તી તરીકે નીમાવાને કારણે નીડરતા, પ્રામાણીકતા અને ન્યાયપ્રીયતા માટે જાણીતા હોતા નથી. ન્યાયમુર્તી પણ આખરે એક માનવ છે અને માનવસહજ નબળાઈઓથી ઉપર ઉઠીને સબળ ચારીત્ર્યવાન ન્યાયમુર્તી તરીકેની છાપ ઉભી કરી શકે તેવા ન્યાયમુર્તીઓની તપાસપંચોમાં નીમણુકો કરવી જોઈએ. પરંતુ તેને બદલે સરકારો ન્યાયમુર્તી તરીકે કામગીરી કરી હોય તેને લક્ષમાં રાખીને તપાસપંચની વીશ્વાસનીયતા વધારવા તપાસપંચમાં નીમણુક કરે છે. તાજેતરમાં પાર્લામેન્ટમાં 2016ના ઑગસ્ટ મહીનામાં (ચોમાસુ સત્ર દરમ્યાન) નોટબંધી અંગેની માહીતી પસંદગીના વર્તુળમાં તા. 8મી નવેમ્બર, 2016 પહેલાં લીક કરી દીધાના આક્ષેપ કરતાં તપાસની માગણી કરતાં ખ્યાતનામ સાંસદ શરદ યાદવે ચર્ચા દરમ્યાન એવું જણાવેલ કે સરકાર દ્વારા નીમાતા તપાસપંચો વીશ્વસનીય હોતા નથી અને તેથી આ આક્ષેપની તપાસ સંસદની સંયુક્ત પાર્લામેન્ટરી કમીટીને સોંપવી જોઈએ.

[આગામી અંકે સમાપ્ત]

❑

# રાજકીય પક્ષો પારદર્શીતા અને જવાદેહીતા દાખવે...

લોકશાહી શાસનવ્યવસ્થામાં રાજકીય પક્ષોની મહત્ત્વની ભુમીકા છે. તેઓ ચુંટણી લડે છે, સરકારો બનાવે છે અને નીતીઓ ઘડે છે; જે નાગરીકોની સુખાકારી, તેમના અધીકારો, તેમજ રાજ્યવ્યસ્થા માટે જવાબદાર છે. રાજકીય પક્ષોને નાગરીકો સુધી પહોંચવા, સંવાદ કરવા અને લોકોને શાસનમાં જોડવા માટે નાણાકીય સંસાધનોની જરુર છે. પણ આ નાણાં મેળવવા માટેના સ્રોત અને ઉપયોગ બાબતે પારદર્શીતાનો અભાવ છે. ચુંટાઈને આવ્યા પછી તેમના કામનો હીસાબ તેઓ આપતા નથી. લોકો સાથે કોઈ સંવાદ કરતા નથી અને લોકોનું નુકસાન થાય તેવી નીતીઓ અને નીર્ણયો લે છે. લોકો પ્રત્યે તેમની જવાબદેહીતા કેવી રીતે આવે આ એક પડકારરુપ બાબત છે.

આ મુદ્દે વીગતે ચર્ચા કરવા તા. 11 ફેબ્રુઆરીના રોજ 'એસોસીયેશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ' (ADR) અને 'માહીતી અધીકાર ગુજરાત પહેલ'ના સંયુક્ત ઉપક્રમે એક સેમીનારનું આયોજન થયું. તેમાં કર્મશીલો, ચીંતકો, પત્રકારો, રાજકીય વીશ્લેષકો ઉપરાંત રાજકીય પક્ષના પ્રતીનીધીઓએ ભાગ લીધો અને તેમના વીચારો વ્યક્ત કર્યા.

પહેલાં સત્રમાં ADRના પ્રો. જગદીપ છોકરે કહ્યું કે, "રાજકીય પક્ષોએ પારદર્શીતા અને જવાબદેહીતાની બાબતમાં બીલકુલ નકારાત્મક વલણ અપનાવ્યું છે. પક્ષોએ તેમના માટે તમામ કાયદાઓમાં છુટછાટો મેળવી લીધી છે. ઈન્કમટેક્ષ કાયદામાં તેમને મળેલ તમામ ડોનેશન 'કરમુક્ત' આવક છે. 20,000થી ઉપરનું ડોનેશન હોય તો તેમણે તેના નામ સાથે યાદી રાખવી પડે. જ્યારે ADR તરફથી ઘણો સંઘર્ષ કરીને, 6 મુખ્ય રાષ્ટ્રીય પક્ષોના ઈન્કમટેક્ષ રીટર્ન મેળવ્યા ત્યારે ખ્યાલ આવ્યો કુલ આવકમાંથી સરેરાશ 70 ટકા આવક 'અજ્ઞાત સ્રોત'થી મેળવેલ છે, જે તેઓ જાહેર કરતા નથી.

"રાજકીય પક્ષો લોકો માટે કામ કરે છે તેમ કહે છે, તો તેમને લોકોને હીસાબ આપવામાં શું વાંધો છે તે સમજાતું નથી. રાજકીય પક્ષોને કરોડો રુપીયાની 'કરમુક્તી' મળે છે, કરોડો રુપીયાની જમીન, મકાનો મળે છે. તેની તમામ માહીતી એકઠી કરી કેન્દ્રીય માહીતી પંચમાં તેમને જવાબદેહી બનાવવા માંગણી કરી. તમામ પુરાવાના આધારે CICએ 6 રાષ્ટ્રીય પક્ષોને 'જાહેર સત્તામંડળ' તરીકે જાહેર કર્યા. પણ આજદીન સુધી તેમણે આ કાયદાની જોગવાઈ મુજબ જાહેર માહીતી અધીકારીની નીમણુક કરી નથી.

"બે મુખ્ય પક્ષોએ FCRA 1976ના કાયદાનો ભંગ કરી, વીદેશી નાણાં ચુંટણીમાં વાપર્યા. દીલ્હી હાઈકોર્ટે તેમની સામે પગલાં લેવા અંગે ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટે પણ દીલ્હી હાઈકોર્ટના ચુકાદાને માન્ય રાખ્યો અને 6 મહીનાની અંદર ગૃહ-મંત્રાલયને બંને પક્ષ સામે પગલાં લેવા માટે કહ્યું. પણ હજુ સુધી ગૃહ મંત્રાલયે કશું જ કર્યું નથી. તાજેતરમાં બજેટની અંદર સરકારે જે 2000 રુપીયાની મર્યાદાની વાત કરી છે તેનાથી પારદર્શીતા વધવાની નથી. માત્ર 2000થી વધુ રોકડમાં ડોનેશન આપી ન શકાય તેવી જોગવાઈની વાત કરી છે પરંતુ ઈલેક્ટ્રોલ બોન્ડ ગમે તે રકમનું હોય તેની માહીતી જાહેર કરવાની જરુર નથી. એટલે આવી રીતે ગુપ્તતા રાખીને પારદર્શીતા કે જવાબદેહીતા ન આવે. રાજકીય પક્ષોને જવાબદેહી બનાવવા માટે અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ ADR એ તેમના પ્રયત્નો ચાલુ રાખ્યા છે."

આ પ્રસંગે પુર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતાએ કહ્યું કે, "સત્તા પૈસો મેળવવા માટેનું સાધન બની જાય ત્યારે તમામ મુલ્યોનું ધોવાણ થાય છે. ગુજરાતની વાત કરીએ તો સત્તાધારી પક્ષે જાહેર સંસાધનો ખાનગી હાથોમાં મુકી દીધા. તમામ સરકારી મશીનરી, બ્યુરોક્રસીને (અધીકારી વર્ગ) પોતાના 'બ્રાંડ' માટે વાપરી લીધી. નીયમો નેવે મુકીને પૈસો ભેગો કરવા માટે સત્તાનો ઉપયોગ કર્યો. સત્તાધારી પક્ષને ગુજરાત સરકાર ડોનેશન આપે, જીલ્લાના કલેક્ટર પોતાનું અલગથી ખાતું ખોલાવી તેમાં પક્ષ માટેના અને તેમના કાર્યક્રમ માટેના પૈસા જમા કરે, તપાસ પંચ, 'કેગ' જેવા અગત્યના અહેવાલ ચુંટાયેલા લોકોથી અને જનતાથી છુપાવીને રાખે, વીધાનસભામાં તેના પર ચર્ચા ન થાય તેના માટેના સભાન પ્રયત્નો કરવામાં આવે - આવા અનેક પ્રયોગો કર્યા અને વીપક્ષ તેમાં ઘણી બાબતોમાં જોડાઈ ગયો એટલે તેમણે કોઈને જવાબદાર ઠેરવ્યા નહીં. આ પ્રયોગો લોકશાહી મુલ્યો માટે, પારદર્શીતા અને જવાબદેહીતા માટે ઘણા નુકસાનકારક છે."

જાણીતા પત્રકાર અજયભાઈ ઉમટે તેમના સંબોધનમાં કહ્યું કે, "શાસક હોય, વીપક્ષ હોય અથવા અન્ય મોટા પક્ષો હોય તેઓ લોકોથી તમામ વાત છુપાવવા માંગે છે. માહીતી અધીકાર કાયદામાં તેમને આવરી લેવાનો નીર્ણય થયો એટલે 6 પક્ષોએ એકસુરે વીરોધ કર્યો. પક્ષો તેમને ડોનેશન આપનારા મોટા કોર્પોરેટ માટે વફાદારી બતાવે છે, અને તેમને અનુકુળ નીતીઓ ઘડે છે. તમામ બંધારણીય અને કાયદાકીય સંસ્થાઓ જેવી કે યુનીવર્સીટીઓ તથા વીવીધ રાજ્યસ્તરના પંચમાં તેમને અનુકુળ તેવા માણસોની નીમણુક કરે છે જે લોકશાહી પ્રક્રીયાને ઘણું નુકસાન પહોંચાડી રહી છે. મ્યુનીસીપલ કોર્પોરેશન અને પંચાયતની ચુંટણીમાં તેમણે મતદાતા યાદીમાંથી 'કેટલાક'ના નામ છેલ્લી ઘડીએ રદ કર્યા. તેમની સામે કોઈ પગલા લેવામાં આવ્યા નહીં. હવે આ પ્રયોગ મોટા પાયે કરે તો તેમાં નવાઈ નહીં. તેના માટે તેમને

જવાબદેહી કોણ બનાવશે ? શા માટે વીપક્ષ અને અન્ય પક્ષો મતદારયાદીને ચકાસી તેને સુધારવાની પ્રકીયા હાથમાં લેતા નથી ? એવું પ્રતીત થાય છે, કે સત્તારુઢ પક્ષ અને વીપક્ષ એકબીજા સાથે મળેલા છે.''

કર્મશીલ અને સામાજીક વીશ્લેષક પ્રો. રોહીતભાઈ શુક્લએ કહ્યું કે, ''લોકો જેમને ચુંટીને મોકલે છે તેને કેવી રીતે કાબુમાં રાખીએ તે એક મોટો પ્રશ્ન છે. તેઓ બેફામ રીતે સત્તાનો ઉપયોગ કરે, કાયદાનો ભંગ કરે અને 'Un-challenged' જાય તે એક ચીંતાની બાબત છે. આપણે વધુ સારા સંકલીત અને સઘન પ્રયાસો કરવા પડશે. પણ પરીસ્થીતી ખરેખર ખુબ જ ગંભીર છે. પ્રસાર માધ્યમો, ચીંતકો, કર્મશીલો અને ખાસ કરીને સમાજે આ સ્થીતીને પડકારવા માટે સજ્જ થવું પડશે.''

બીજા સત્રમાં, રાજકીય પક્ષના પ્રતીનીધીઓને 'લોકો પ્રત્યેની તેમની જવાબદેહીતા કેટલી અને તેમના પક્ષમાં પારદર્શીતાને કેવી રીતે જુવે છે ?' તે વીષયે વાત કરવા માટે કહ્યું હતું. બીજેપીએ તેમના કોઈ પ્રતીનીધીને મોકલ્યા નહીં. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને એનસીપીના પ્રતીનીધી હાજર રહ્યા. હાજર પ્રતીનીધીઓએ તેમને આપેલ મુદ્દાઓ પર વાત કરી નહીં. પણ રાજકારણમાં નીતીમત્તા અને મુલ્યોના ધોવાણ અંગે થોડી રજુઆત કરી.

કોંગ્રેસ પક્ષમાંથી કુલદીપ શર્મા (પુર્વ IPS) એ કહ્યું કે, ''ચુંટણી પહેલાં કે પછી, રાજકીય પક્ષોએ અમલદારોને તેમની તરફેણમાં વાપર્યા અને હવે જે રીતે તેનો ઉપયોગ સત્તાને હાંસલ કરવા અને ટકાવવા થઈ રહ્યો છે તે ખરેખર એક મોટો પડકાર છે. રાજ્યની મશીનરી કાયદા, નીયમોના બદલે 'એડહોક' રીતે કામ કરે છે. ગુજરાતમાં સરકારે જે 'ફીક્સ' પગારની નોકરીના 'કોન્સ્ટેબલ'ની ભરતી કરી તે ગેરબંધારણીય છે, અને તેમ કરવાથી તંત્રમાં કાયદો, વ્યવસ્થા અને સુરક્ષીતતામાં અગત્યની ભુમીકા બજાવનાર 'મહત્ત્વના' હોદ્દાને સરકારે 'એડહોક' કર્મચારી બનાવી દીધો. ઉચ્ચ અધીકારીઓએ ધ્યાન દોર્યું પણ સત્તાધારી પક્ષે પોતાનો પાવર વાપરીને આવા નીર્ણયો લીધા. આખી લોકશાહી પ્રક્રીયાને રાજકીય પક્ષોએ મજાક બનાવીને મુકી દીધી.''

આમ આદમી પાર્ટીના કનુભાઈ કલસરીયાએ કહ્યું કે તેમના માટે કોઈપણ પક્ષના વ્યક્તીઓની પોતાની પારદર્શીતા અને જવાબદેહીતા પણ ખુબ જ મહત્ત્વની હોય છે અને તે પક્ષનું સ્વરુપ નક્કી કરે છે. વ્યક્તીગત રીતે તેઓ માને છે કે પક્ષ અને વ્યક્તીએ તેમના કામ અને નાણાનો હીસાબ આપવો જોઈએ.' તેમણે 'નીરમા' આંદોલનની વાત કરતાં વધુમાં જણાવ્યું કે, આજે પણ રાજકીય પક્ષોની લોકો પ્રત્યેની જવાબદેહીતા કેટલી છે તે એક પ્રશ્ન છે.

મહેશભાઈ પંડ્યા (રાજકીય વીશ્લેષક અને કર્મશીલ)એ તમામ રાજકીય પક્ષની પારદર્શીતા અને જવાબદેહીતા માટેની પ્રતીબદ્ધતા પર વેધક સવાલ કર્યા. તેમણે કહ્યું કે, જે પક્ષો લોકો માટે કામ કરવાના દાવા કરે છે તેમણે તેમનો 2015-16નો હીસાબ હજુ સુધી આપ્યો નથી. તેમની વેબસાઈટ પર તેમના બંધારણ મુકેલા નથી. તેમના ચુંટણી ઢંઢેરામાં આપેલા વચનો પર 'એક્શન ટેકન રીપોર્ટ' નથી. આથી તેઓ લોકો પ્રત્યે કેટલા જવાબદાર છે તે દેખાઈ આવે છે. જ્યારે એક બાજુ ટ્રસ્ટને FCRA કાયદામાં 'રાજકીય' પ્રવૃત્તી માટે ના પાડવામાં આવી છે, બીજી બાજુ FCRA કાયદામાં સુધારો લાવી પક્ષો તેમના ચુંટણી ભંડોળ માટે FCRA નો દરવાજો ખુલ્લો કરે છે. આ તેમનું ચરીત્ર દર્શાવે છે.

જાણીતા કર્મશીલ અને નયા માર્ગના તંત્રી ઈન્દુકુમાર જાનીએ કહ્યું કે, ''રાજકારણમાં આપણી પાસે એવા વ્યક્તીઓ પણ હતા કે જેઓ તેમના સમય અને નાણાનો હીસાબ નીયમીતપણે જનતા સમક્ષ મુકતા હતા. જનતાનો એક-એક પૈસો સાચવીને વાપરવાની જવાબદારી માની, દીલ્હી જવાનું હોય તો ટ્રેનમાં મુસાફરી કરતા હતા અને ઘરેથી ભાથું પણ લઈ જતા હતા. ત્યારે રાજકારણ લોકસેવાનું એક માધ્યમ હતું. હવે તે એક નફાકારક 'બીઝનેસ' છે. આજે આ પડકારરુપ પરીસ્થીતીમાં આવા 'રોલ મોડેલ' અને તેમના મુલ્યો કેવી રીતે પાછા લાવવા ? આ એક ચીંતાની બાબત છે. વળી, રાજકીય પક્ષોમાં જ આંતરીક લોકશાહી નથી તેનું શું ?''

ચર્ચામાં વધુમાં ચુંટણી વખતે જે કર્મચારી અને અધીકારી વર્ગ કામ કરે છે તેમની 'ઈન્કવાયરી અંગેની' માહીતી જાહેર કરવા અંગેનું પણ સુચન થયું. રાજકીય પક્ષો તેમને અનુકુળ હોય તેવા અધીકારી- કર્મચારીઓને મહત્ત્વની ભુમીકાઓ આપતા હોય છે; તેમને કેવી રીતે જવાબદેહી બનાવવા ? આ પણ એક સવાલ છે... રાજકીય પક્ષો રસ લેવા માંગતા નથી અને કશું જ મક્કમ કહેવા ઈચ્છતા નથી. પણ લોકોએ, નાગરીક સમાજે, વીવીધ સંગઠનોએ આ મુદ્દાની ચર્ચા ચાલુ રાખવી જોઈએ તેવી માંગણી સાથે સેમીનારનું સમાપન થયું.

| | |
|---|---|
| **પંક્તી જોગ** | મેજર જનરલ (રીટાયર્ડ) અનીલ વર્મા |
| કાર્યકારી મંત્રી | પ્રમુખ, |
| માહીતી અધીકાર ગુજરાત પહેલ | એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ |

❑

# રે... પાણી !

સાણંદ, બાવળા ને વીરમગામ તાલુકાના ખેડુતોની પાણીની માગણી લઈને નીકળેલી રેલી પર પોલીસે લાઠીચાર્જ કર્યો, ટીયરગેસ છોડ્યો ! મત લેવા હોય ત્યારે 'જગતનો તાત' ને પાણી માગવા આવે તો ધોકા ! બોટાદ તાલુકાના ગોમા ડેમમાં પાણી નાખવાની, વાવડીનું તળાવ ભરવાની, નાવડા નીચેવાસના ખેડુતોની, શેત્રુંજીના જમણા કાંઠાના છેડાના ખેડુતોની, ધોલેરામાં ભાલના ખેડુતોની તો ખેડા જીલ્લામાં કપકડવંજ તાલુકાના ખેડુતોની, ઠેર ઠેર પાણીની માગણી તીવ્ર થતી જાય છે. સરકાર સાંભળતી જ નથી ! આશા હતી કે નર્મદાની નહેર આવશે ને ગુજરાતની ધરતીની તરસ છીપાશે ! એને માટે તો સૌ મથ્યા તા'! ખેડુતો'ય બસો ભરી ભરીને છેક ફેરકુવા ગ્યા તા હોં, ધરતીની તરસ છીપાવવાને ને લીલીછમ કરવા, મબલખ પાક લણવા ને બે'પાંદડે થવાનાં સપનાં આંખોમાં સજીને...

ઑગસ્ટ 2002માં સાબરમતી રીવર ફ્રન્ટમાં માતે નર્મદે અવતર્યાં, સરસ્વતીએ ગુજરાતના કહેવાતા સંતો સંગ પુજાણાં ને સુકી બનાસમાંય રેલાયાં, એવા ફોટા છાપાં ભરી ભરીને છપાયા. આજે ક્યાં ? સુકી સરસ્વતી, સુકી બનાસ ને ગામે ગામે નર્મદાનાં પાણીની મોંકાણ. તે હેં મા, તમે ક્યાં ખોવાણાં ? અમને નો'તી ખબર કે તમે શે'ર શોભાવવા સાબરમતીએ છલકાશો, 'ગીફ્ટ' સીટીએ 'ભેટ' ધરાશો ને ઉદ્યોગે ઉદ્યોગે રેલાશો ! અમ ભોળાંએ તો તમારી વાટે પેઢીઓ કાઢી તોય તમે ના આવ્યાં !

પાળીયાદ પાસેનો ગોમા ડેમ ભરાય તો આસપાસના 30 ગામોનાં પાણીનાં તળ ઉંચાં આવે, ઓછા વરસાદના અછત વીસ્તારમાં કંઈકેય રાહત થાય. નાવડા નીચેવાસના ખેડુતોને ખાતરીબંધ પાણી અપાય તો એ બે પાંદડે થાય એવી જ રીતે કપડવંજ તાલુકામાં તળાવ ભરાય તો 10-12 ગામની ખેતી બચે. એવી જ રીતે શેત્રુંજીના જમણા કાંઠાના ખેડુતો સાથે ઓરમાયું વર્તન બંધ થાય તો એમનોય રોટલો બચી જાય. પણ અહીં ગરીબ કે ખેડુતના રોટલાની ચીંતા ચુંટણી સીવાય કોણ કરે ? એ બધા માગણી લઈને સતત ધક્કા ખાધા કરે છે, કોણ સાંભળે ?

જે સાણંદ, બાવળા અને વીરમગામ તાલુકાનાં ગામડાંના ખેડુતો રેલી લઈને પાણી માગવા નીકળ્યા એ માગી માગીને શું માગે છે ? નર્મદાનું પાણી જ તો માગે છે. ગામડાંમાં ગયો ત્યારે મેં નજરે જોયેલી નહેર છે, નામ - ઘોડા ફીડ. ઘણી જુની છે, ક્યારે, કોણે બનાવી, રાજાએ બનાવી કે અંગ્રેજોએ, ખબર નથી. ખેડુતોના કહેવા મુજબ, નાનપણથી જોઈએ છીએ. કડી પાસેના થોળ તળાવ પાસેથી શરુ થઈને છેક નળસરોવર સુધી જાય છે. અગાઉનાં વરસોમાં મહેસાણા જીલ્લાના કડી વીસ્તારમાં વધારે વરસાદ થાય તો એ પાણી આ નહેર વાટે વહીને નળસરોવરમાં ઠલવાતું. રસ્તામાં આ બધાં ગામોને જરુરી સીંચાઈ પુરી પાડતું, કોઈ નુકસાન કરવાને બદલે ઉપયોગી થાતું. વરસાદ ઘટ્યો છે, વચ્ચે આડશો ઉભી થઈ છે અને નહેરમાં આવતું પાણી સાવ જ નહીંવત્ થઈ ગયું છે. કૃષ્ણ કમોદ ચોખા, ઘઉં પકવતો આ વીસ્તાર પાણીના અભાવે ઉજડી રહ્યો છે, ખેડુતો પાણીના અભાવે દર વરસે બરબાદી તરફ ડગલું આગળ વધે છે. એમની માગણી એટલી જ છે કે આ ઘોડાફીડ કેનાલમાં નર્મદાનું પાણી નાખે તો 32-35 ગામની ખેતી, ખેડુતો આબાદ થાય. આ જ માગણી એ લોકો વારંવાર સત્તાધીશો આગળ કરતા રહ્યા છે, કોઈ સાંભળતું નથી. આટલી વાત લઈને નીકળેલા ખેડુતોએ અમદાવાદ ને ગાંધીનગર તો દુર, સાણંદ પહોંચતાં પહેલાં ટીયરગેસ, લાઠીઓ ને પોલીસ કેસ ઝેલવાં પડ્યાં !

આ સરકાર 'લાઠીમાર' થઈ ગઈ છે. પાટીદાર, ઓ.બી.સી., દલીત કે ખેડુત આંદોલન હોય. સત્ય એના પક્ષે નથી ને અસત્ય લાઠી સીવાય મનાવી શકાતું નથી. વાત કરવાની નૈતીક હીંમત નથી એટલે કોઈ કાર્યક્રમ માટે મંજુરી આપતા નથી. છતાં વેદના વ્યક્ત કરવા નીકળો તો, હરીફરીને લાઠીચાર્જ પર આવી અટકે છે. લાઠીને બળે કેટલા દીવસ ટકાશે ?

ગમે તેટલા જુલમ કરો, હીસાબ તો આપવો જ પડશે કે ઉદ્યોગોને ફાળવાયેલા 0.20 મીલીયન એકર ફીટ પાણી કરતાં 0.05 મીલીયન એકર ફીટ વધારે, કુલ 0.25 મીલીયન એકરફીટ પાણી કેમ આપો છો ? (આ આંકડો 2014નો છે, તાજો આંકડો મળતો નથી), હજી વધારે પાણી ઉદ્યોગો માટે ફાળવવાની લાગણી નોકરશાહો કોના ઈશારે વ્યક્ત કરે છે ? નહેરમાં 40 ટકાથી વધારે પાણી ખોવાય છે એ ક્યાં, કયા ઉદ્યોગોમાં જાય છે ? હાલ ઉદ્યોગોને કુલ કેટલું પાણી અપાય છે ? છેક કચ્છ પાકીસ્તાન સરહદ સુધી ને સૌરાષ્ટ્રમાં જામનગરના દરીયાકાંઠાના ઉદ્યોગો સુધી નર્મદાનાં પાણી પહોંચી શકે છે તો વચ્ચેનાં ખેતરો સુધી આટઆટલી માગણી છતાં કેમ નહીં ?

ટીયર ગેસ, લાઠીચાર્જ અને પોલીસ કેસ છતાં, નાની કીશોલના આત્મારામભાઈ સાથળ પર પોલીસ મારના લીલાછમ સોળ બતાવીને કહે છે કે હજી ફરી રેલી તો કાઢવી જ છે, પાણી તો લેવું જ છે. એમને મારીને અમારા મત લેવા છે, એમ થોડા જ આપીશું ? પાણી મેળવવા માટેની મક્કમ ખેડુતોની મક્કમતા જોઈને લાગે છે કે સરકારે જવાબ આપવો તો પડશે જ. લાઠીનો જવાબ તો 'મત' જ છે ને ચુંટણી ઢુંકડી છે !

ને હજીય વીશ્વાસ તો અકબંધ છે જ કે 'મા નર્મદે આવશે હોં !' ... મા, આવશો ને ?

**– સાગર રબારી**

❑

# વ્યારાનો વીશીષ્ટ ગાંધી મેળો

મેળો એટલે મેળો. ગુજરાતમાં ઠેકઠેકાણે મેળા યોજાતા હોય છે. તે આપણી સંસ્કૃતી છે. થાનગઢ પાંચાળ પ્રદેશમાં આવેલું છે, ત્યાં તરણેતરનો મેળો યોજાય છે. વીદેશીઓ પણ તે મેળો જોવા આવે છે. નીશાળોમાં વીજ્ઞાનમેળો યોજાય છે, જેમાં વીદ્યાર્થીઓ વૈજ્ઞાનીક પ્રયોગો અને પોતાની કૃતીઓ રજુ કરતા હોય છે. તા. 11-12 ફેબ્રુઆરીએ મેં વ્યારાના ગાંધી મેળાની મુલાકાત લીધી. આ મેળો વીશીષ્ટ છે... સ્વ. નારાયણભાઈ દેસાઈ કૃત ‘વેડછીનો વડલો’માં આ મેળા અંગે નોંધાયું છે :

**“... ગાંધી સ્મરણનું વધુ પ્રગટ પગલું જુગતરામભાઈએ વીનોબા પાસેથી ઉપાડ્યું. વીનોબાએ ગાંધીજીની શ્રાદ્ધ સભાઓમાં એવી લાગણી વ્યક્ત કરી કે ગાંધીજીના સ્મરણમાં દર વરસે મેળાઓ ભરાવા જોઈએ અને એમાં પોતાની શ્રદ્ધાંજલી તરીકે લોકો એક એક સુતરની આંટી આપે... ગાંધીસ્મરણના મેળા થવા લાગ્યા તે પહેલાં વેડછી ક્ષેત્રમાં અવારનવાર ખાદી મેળાઓ ભરાતા. આને તેમણે ગાંધીમેળા જોડે જોડી દીધા અને ગાંધી મેળાઓએ વેડછી ક્ષેત્રમાં વર્ષોવર્ષ અપુર્વ ઉત્સાહથી ઉજવાતા ઉત્સવોનું સ્થાન લીધું...”**

આ દૃષ્ટીએ ગાંધી મેળો અન્ય મેળાઓ કરતાં વીશીષ્ટ છે. સુરત-તાપી જીલ્લાનો 68મો ગાંધી મેળો ગ્રામ સેવા સમાજ સંચાલીત દક્ષીણાપથ વીદ્યાલય - વ્યારા ખાતે યોજાઈ ગયો. ગુજરાત ખેત વીકાસ પરીષદમાં માનદ્ કો-ઓર્ડીનેટર તરીકે જોડાયા બાદ નવી પ્રવૃત્તીઓ, નવા પરીચયો અને સ્થળોની મુલાકાતથી હું એક જાતની ધન્યતા અનુભવું છું. સૌ પ્રથમ સુરેન્દ્રનગર જવાનું થયું અને ત્યાં પુ. નાગજીભાઈ દેસાઈનો પરીચય થયો; સંસ્થાની પ્રવૃત્તીઓ દ્વારા ઘણું જાણવાનું મળ્યું. ત્યારબાદ સીસ્ટર નીવેદીતા ફાઉન્ડેશનના કાર્યક્રમમાં રાજકોટ જવાનું થયું, પછી તા. 11-12 ફેબ્રુઆરીએ વ્યારા ખાતે ગાંધી મેળામાં ભાગ લીધો.

અમદાવાદમાં ગાંધી આશ્રમ (મુળ નામ હરીજન આશ્રમ)ની નજીક જ રહું છું, નાનપણથી ખાદીનાં કપડાં પહેરું છું, અનેક ગાંધીજનો સાથે મારો પરીચય... છતાં ગાંધી મેળો પહેલી વાર જોયો... મુ. ઝીણાભાઈ દરજીની કર્મભુમીમાં પહેલી વાર જવાનું થયું.

11મીએ સવારે હું મેળામાં પહોંચ્યો ત્યારે પીઢ ગાંધીવાદી રમેશભાઈ સંઘવી (કચ્છ) તેમનું વક્તવ્ય આપી રહ્યા હતા. મંચ પર સર્વશ્રી અમરસીંહભાઈ ચૌધરી, ભીખુભાઈ અને કોકીબેન વ્યાસ, અરવીંદભાઈ દેસાઈ, ગણપતભાઈ ગામીત, માધુભાઈ સહીત અનેક મહાનુભાવો બીરાજમાન હતા. રમેશભાઈ મહાત્મા ગાંધીના જીવનને કેન્દ્રમાં રાખીને વાત કરતાં હતા. નઈ તાલીમ, ખાદી-ગ્રામોદ્યોગ, ગ્રામ સ્વરાજ પર એમણે ખાસ ભાર મુક્યો : “ગાંધીવીચાર અને રચનાત્મક કામો સાથે આપણે આગળ વધવાનું છે. ગરીબ બાળકોને શીક્ષણ આપતી આ નઈ તાલીમની સંસ્થાઓ ટકાવી રાખવાની છે. આવી સંસ્થાઓને ટકાવવાનું દીવસે દીવસે મુશ્કેલ થતું જાય છે. આપણે અસ્તીત્વ ટકાવવા ઘવાવું પડશે. સાપ સાથે લડાઈ કરતા કરતા નોળીયો ઘવાય છે, લોહીલુહાણ થાય છે આપણે પણ આ સંઘર્ષમાં ઘવાવું પડશે... ત્યારે આ બાળકોનો વીકાસ થશે. આ ભુમી જુગતરામભાઈ જેવા ઋષીપુરુષની છે, તેમણે આ વીસ્તારમાં શીક્ષણના દીપ પ્રગટાવ્યા છે અને આ આદીવાસી સમાજનો વીકાસ કર્યો છે.”

બપોર પછી અશોકભાઈ ચૌધરીના નેજા હેઠળ યુવાસંમેલન યોજાયું. તેમાં આદીવાસીઓના પ્રશ્નો, જંગલની જમીનો ફોરેસ્ટ એક્ટ હેઠળ તે ખેડનારાને મળે તેની ચર્ચા થઈ. અહીં મને ધોડીયા પટેલથી લઈને ચૌધરી, ગામીત, વસાવા, હળપતી, ડાંગી વગેરે સમાજના લોકો, જુદા જુદા પોષાકોમાં જોવા મળ્યા. આદીવાસીઓની આગવી સંસ્કૃતી વ્યક્ત કરતા નૃત્યો-ગીતો જોવા-સાંભળવા મળ્યા. પછી બાળસંમેલન શરુ થયું. આશરે 300 બાળકોએ પોતાનો કાર્યક્રમ રજુ કર્યો. આ સંમેલનનું સંચાલન મનીષભાઈ મીસ્ત્રીએ કર્યું, જેમાં સ્વાતીબહેન મુખ્ય મહેમાનપદે હતાં. બાળકીઓએ કેસુડાનાં ફુલો ભરાવ્યા હતા. આ બાળકો જુદી જુદી આશ્રમશાળામાંથી આવ્યા હતા. ગીત, નૃત્ય, રમતગમત વગેરેથી વાતાવરણ ઉલ્લાસમય બની ગયું. બાળકો ભુંગળા (પીપુડી) અને ઢોલ વગાડતા હતા... વાતાવરણમાં કલશોર વ્યાપી ગયો.

બીજા દીવસે સવારે પ્રભાતફેરી થઈ, સમગ્ર વ્યારામાં ફર્યા. તેમાં ભાગ લીધો. સ્વ. નારાયણભાઈ દેસાઈના ગાંધીકથાના ગીતો ગવાયા. પછી મહીલા સંમેલન યોજાયું. તૃપ્તીબહેને જંગલની જમીનના દાવાઓ અંગે અગત્યની જાણકારી આપી, જેમણે દાવા ન કર્યા હોય તેમને માર્ગદર્શન આપ્યું... ગાંધીમેળામાં આશરે 17 લાખ રુપીયાની ખાદીનું વેચાણ થયું અને 28 હજાર રુપીયાના પુસ્તકો વેચાયા. સાંજે ચાર વાગ્યે સમુહકાંતણ થયું. એક વીદ્યાર્થી પાસેથી રેંટીયો લઈને હું પણ કાંતવા બેઠો. કાંતણયજ્ઞ પછી સર્વધર્મ પ્રાર્થના થઈ. સહુ ગાંધીમગ્ન થઈ ગયા... ‘વૈષ્ણવજન તો તેને કહીએ...’ ગવાયું. આમ બે દીવસનો ગાંધી મેળો સંપન્ન થયો.

**– રશ્મીન રાઠોડ**

❑

# પત્ર-સાર

ભારતની વસ્તી હાલ સવા અબજની થઈ છે. તે એક અબજની હતી ત્યારે બે કરોડથી વધુ સરકારી નોકરોને નીભાવતી. સરકારની આવકના દરેક રુપીયામાંથી 67 પૈસા આ બે કરોડના પગાર ચુકવવામાં વપરાતા. ભુતકાળના સરકારી નોકરોનાં પેન્શનો પાછળ વરસે 15 હજાર કરોડથી વધુ રકમ ત્યારે ખરચાતી. સરકારી નોકરીયાતોની સંખ્યા અને તેમનાં પગાર- ભથ્થાંની રકમ વધે છે, તેમ પ્રજા ઉપર કરવેરાનો બોજો પણ વધતો જાય છે. ભારતના સરેરાશ પુરુષ-સ્ત્રી-બાળક દીઠ 1980માં રુ. 292 કરવેરા રુપે વસુલ થયેલા, 2000ના વરસમાં રુ. 3,217... આ આંકડો 2016ની સાલમાં કેટલે પહોંચ્યો હશે ?

**- મહેન્દ્ર મેઘાણી**

[લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. 23 (સરદારનગર), ભાવનગર-364001]

ઉંઝાજોડણી સ્વીકારી છે તે ગમ્યું. પ્રથમ પરીષદમાં હું હાજર હતો. મારું તમામ લખાણ આ જ જોડણીમાં થાય છે. મુ. શ્રી રામજીભાઈ ગઢા આવેલ. અમારો પત્રવ્યવહાર ચાલુ છે. એક દીવસ એવો જરુર ઉગશે કે નવી જોડણી માન્ય થશે. અંકમાં લેખો-વીગતો સુંદર ઢબે રજુ થાય છે. સત્ય આધારીત સમાજરચનાના ઉદ્દેશમાં તમારો પ્રયત્ન સરાહનીય છે. સૌનાં કલ્યાણમાં જ મારું ભલું છે - આ સત્ય માનવને ક્યારે સમજાશે ? જ્યારે આ ગુણ 100 ટકા જીવનમાં સ્થપાશે ત્યારે 'વીશ્વમાનવ' યુગ સ્થપાશે.

**- લવજીભાઈ ચૌધરી**

[દીવ્યશાંતી, મુ. ગઢા, તા.જી. મહેસાણા-384001]

ટેક્નોલોજીએ માણસને આંધળી ઝડપ આપી અને એ ઝડપને કારણે તેણે સમય સાથે સ્પર્ધા શરુ કરી. દીવસ-રાત તે સમયને આંબવા મથતો રહે છે અને પરીણામે તે રઘવાયો થઈને જીવે છે. હાંફે છે ! પૈસા માટે, પ્રસીદ્ધી માટે, પદ માટે તે સતત દોડ્યાં કરે છે. પણ તેનાં કારણે તેનાં હાથમાંથી શું છુટી જાય છે તે વીચારતો નથી. મહાનગરોની તો આ રીત-રસમ જ થઈ ગઈ.

તમે જ વીચારો ક્યારે તમે નીરાંતે બેસીને પરીવાર સાથે વાતો કરી ? ક્યારે સૌ સાથે વાતો કરતાં - કરતાં જમ્યાં, ક્યારે આકાશનાં તારાઓ સાથે બાળપણનાં રોમાંચને યાદ કર્યો કે પછી ચાંદામામાની ખબર પુછી. ક્યારે મનગમતું પુસ્તક વાંચ્યું કે પછી મઘમઘતાં ફુલોની, નવરંગી પતંગીયાઓની નજાકતતા વીશે ધ્યાન કર્યું. છેલ્લે ક્યારે મોબાઈલને બંધ કરી થોડા કલાકો માત્ર સ્વ સાથે વીતાવ્યાં. વીચારવું પડશેને. નાની-નાની ખુશીઓ માટે મોટા કામને ભુલાવી દીધું એમ ન વીચારશો. ટેક્નોલોજી ખરાબ છે કે ઘણું છીનવી લે છે તેમ કહેવાનો સહેજેય આશય નથી કારણ કે તેનો ઉપયોગ આપણાં પર આધાર રાખે છે.

પણ તોયે સમયને આંબવાની દોડમાં ભાગ લઈને તમે તમારાં શરીરને, પરીવારને, મુલ્યોને તો અન્યાય નથી કરી રહ્યાંને ? અને મહેનતનો ક્યારે ય શોર્ટકટ નથી જ. આ યુગે મહેનતને સહેલી ચોક્કસ કરી દીધી છે. પણ સહેલાઈથી પ્રાપ્ત થતું સહેલાઈથી જતું પણ રહે છે. જીવન માટે નાની-નાની ખુશી મોટા કામ કરે છે. સુખને ખેંચી લાવે છે એટલે આપણે કયા રસ્તે ચાલવું છે તે વીચારવું જ રહ્યું.

**- કાજલ જોષી**

[મુ. બોરલા, પો. બેલા, તા. તળાજા-364150]

ગુજરાતમાં અને દેશમાં ચાલતી ઘટનાઓ વીશે 'સાંપ્રત'માં રજુ થતા સમાચારો સાથે 'અમને તો હવે વાઈબ્રન્ટ શબ્દ સાંભળતાં જ ધ્રુજારી ચડે છે' વાક્ય સ્પર્શી ગયું. પ્રખર રેશનાલીસ્ટ બાબુભાઈ વીશે ઘનશ્યામ શાહનો લેખ-કાવ્યો દ્વારા સ્મરણાંજલી અપાઈ તે ગમ્યું. સ્ત્રીઓની રોજગારી ઘટી રહી છે તેની વાસ્તવીકતા ગાર્ગી વૈદ્યે સમજાવી છે.

યશવંત મહેતાની 'દયા અને ન્યાય'ની નાની નાની કથાઓ આજના સમયમાં લોકોને પ્રેરણા પુરી પાડશે. 'નર્મદા-આંદોલન : ત્રીસ વર્ષનું તપ' આનંદ મઝગાંવકર અને લખન મુસાફીરની રજુઆત અને સરકાર સામેની ટક્કર દીલને સ્પર્શી ગઈ. 'પેઢામલીમાં ગ્રામવીકાસનું સુંદર કાર્ય'માં કીરણ ચાંપાનેરીએ જલદીપ અને સ્નેહલના કાર્ય વીશેની વાત કરી છે. મહાદેવભાઈ દેસાઈ સમાજ સેવા એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ જલદીપ અને સ્નેહલને ખુબ ખુબ અભીનંદન...!

'અન્યાય સામે મોરચો' માંડનાર ઝેહરા સાઈકલવાળાએ જીવનમાં સતત સમાજ સામે ઝઝુમવું પડ્યું. એમનું સંઘર્ષમય જીવન આજની મહીલાઓને પ્રેરણારુપ સાબીત થશે. દેવજી થાનકી, જગદીશ દેસાઈ અને આત્મારામ ડોડીયાની કવીતાઓ દીલને હલબલાવી ગઈ.

**- જેતસીભાઈ ગ્રામશીલ્પી**

[ચલાદર, પો. ચાત્રા, તા. ભાભર-385320]

❑

# નવું વાચન

***એક સ્ત્રીનું વીચાર મંથન :*** *બકુલા ઘાસવાલા, પ્રકાશક : શ્રીમતી આર. ડી. ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ, 883, ડાયમંડ ચોક, ભાવનગર, મુલ્ય : રૂ. 25.*



પુસ્તકમાં 18 પ્રકરણ છે. તેમાંથી કેટલાક લેખરુપે સામયીકોમાં પ્રગટ થયાં છે. પુસ્તકની પ્રસ્તાવનામાં બકુલાબહેન લખે છે :

'સ્ત્રીની બુદ્ધી પગની પાનીએ...' એવી કહેવત પ્રચલીત બની હશે ત્યારથી સ્ત્રી વીચારી શકે એ વીચાર પર પુર્ણવીરામ મુકાયું હશે એવી ભ્રમણાની શક્યતા છે જ... વૈજ્ઞાનીક અને મનોવૈજ્ઞાનીક સંશોધનોના તારણોમાં પડ્યા વગર મારે અનુભવથી કહેવું છે કે સ્ત્રી તરીકે, સ્ત્રીની દૃષ્ટીથી, મગજ અને મનના સમન્વયથી હું કર્મશીલ, લેખીકા અને ગૃહીણી રહી છું. જે વીચારોથી મારું ઘડતર થયું છે, મેં મનોમંથન કર્યું છે, જેને અક્ષરદેહ આપ્યો છે, આચરણનો પ્રયાસ કર્યો છે, અનુભવથી જે પામી છું તેને આ પુસ્તક દ્વારા પ્રસ્તુત કરું છું.'

બકુલાબહેન લેખીકા હોવાની સાથોસાથ કર્મશીલ પણ છે, 'અસ્તીત્વ' સંસ્થા ચલાવે છે. એટલે સ્ત્રીઓ પ્રત્યે આચરાતી હીંસા, સામાજીક માન્યતાઓ, આદીવાસી વીસ્તારના પ્રશ્નો, સ્ત્રીશીક્ષણ, નારી આંદોલનનાં ગીતો વગેરે વીષયો પર એમની કલમ ચાલી છે. બાળ વેશ્યાગીરીનું નીવારણ અને ભોગ બનતી બાળાઓના પુન:સ્થાપનથી લઈને કુંવારીમાતાની સમસ્યા વીશે પણ અહીં ચર્ચા થઈ છે... પુસ્તકને ભાવભીનો આવકાર.

***નીષ્કર્ષ*** *(આસ્વાદ લેખોનો સંગ્રહ) : સંધ્યા ભટ્ટ, મુખ્ય વીક્રેતા : જ્ઞાનમંદીર પ્રકાશન, 1760, ગાંધી રોડ, બાલાહનુમાન પાસે, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 120.*




કવયીત્રી, લેખીકા અને વીવેચક દક્ષાબહેન વ્યાસે સંધ્યાબહેન ભટ્ટનો પરીચય આપતાં લખ્યું છે :

'સંસ્કારનગરી સુરતમાં જન્મેલાં, ઉછરેલાં અને વીદ્યાભ્યાસની સાથે સાથે સાંસ્કૃતીક પ્રવૃત્તીઓનીય દીક્ષા પામેલાં સંધ્યાબહેન ભટ્ટ વ્યવસાયે અંગ્રેજી વીષયનાં તેજસ્વી અધ્યાપીકા છે, પતી જયકર પંડ્યા પણ એ જ વીષયના. બંને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલીમાં સાથે કામ કરે. સાહીત્યસર્જનની શરુઆત એમણે કવીતાથી કરી (સંગ્રહ - 'સ્પર્શ આકાશનો'). ગઝલ અને સોનેટ એમના મનગમતા કાવ્ય પ્રકાર...'

'નયા માર્ગ'માં પણ સંધ્યાબહેનની કૃતીઓ પ્રગટ થતી રહે છે. આ સંગ્રહ વીશે દીવંગત રમણ પાઠકે (ગુજરાતમીત્ર : 17-8-2013) લખેલું :

'છેલ્લાં ફક્ત કે માંડ આઠ-દશ વર્ષમાં જ પ્રા. સંધ્યા ભટ્ટે સર્જનક્ષેત્રે પ્રકાંડ પ્રગતી કરી છે. 'પ્રકાંડ' એટલે વેગીલી તો ખરી જ ઉપરાંત 'ગુણવત્તા'માંય પ્રશસ્ય. એમાંય પાછું વૈવીધ્ય...'

જુદી જુદી કૃતીઓ વીશે લેખીકાનાં નીરીક્ષણો :

• રસાળ શૈલીમાં લખાયેલી આ નવલકથા લેખીકાની આંતરપ્રતીતીમાંથી જન્મી છે એવું લાગ્યા વીના રહેતું નથી. ('અખેપાતર', લે. બીંદુ ભટ્ટ)

• વાર્તાને અંતે નાથીનાં નવાં લુગડાંથી શણગારીને ઝમકુને વળાવતાં મનોરદા અને તેમનાં પત્નીનું ચીત્ર સંતર્પક બની રહે છે. હવે પછી આવનારી કીર્તીદા નવલકથાના અણસારા સર્વપ્રથમ આ કૃતીમાં મળે છે. ('વળામણાં' - લઘુનવલ - લે. પન્નાલાલ પટેલ)

• શાળામાં શીક્ષક તરીકે અને ત્યાર પછી કોલેજમાં અધ્યાપક તરીકે કાર્ય કરી ચુકેલા અને હવે નીવૃત્ત જીવન ગાળતા કવી, જીવનને તેની સમગ્રતાથી ઓળખે છે. અને તેનાથી પણ આગળ કહીએ તો જાતને પીછાણવાની તેમને ગરજ છે. ['જીંદગી' (ગઝલસંગ્રહ), લે. આહમદ મકરાણી] તેથી કહે છે :

**હું ભલે આખું જગત જાણું નહીં,**
**જાતને જાણી શકું એ જ્ઞાન દે.**

• આ સંપાદન મહદ્અંશે સંપુર્ણ બની શક્યું છે, તેનું કારણ પુર્વે રચાયેલા મીરાંકાવ્યોનો સમાવેશ. ['મોંઘેરી મીરાત મીરાં' (મીરાં વીષયક કાવ્યોનું સંપાદન), સં. : પ્રદીપ રાવલ. 'સુમીરન']

***શીવભુમીનો સાદ... :*** *પ્રજ્ઞા પટેલ, પાર્શ્વ પબ્લીકેશન, મીઠાખળી, નંદન કોમ્પ્લેક્ષ, અમદાવાદ-380006, મુલ્ય : રૂ. 300.*



'ઢગલાબંધ' તસવીરો સહીત 340 પૃષ્ઠોનો આ ગ્રંથ સુંદર વાચનયાત્રા કરાવે છે. પ્રજ્ઞા પટેલે નાટક, બાળકાવ્યો - વાર્તાઓ વગેરે મળીને 12 ઉપરાંત પુસ્તકો પ્રગટ કર્યાં છે. પદ્મશ્રી કુમારપાળ દેસાઈ આ ગ્રંથને આવકારતા લખે છે :

'...લેખીકાના આલેખનમાં એક ઔચીત્ય જોવા મળે છે, જેને કારણે એમનો હસતો-રમતો પ્રવાસ દીર્ઘ વર્ણનોમાં અટવાઈ જતો નથી. સાહીત્યીક શૈલી

પ્રયોજીને એને ભારેખમ બનાવ્યો નથી અને એ જ રીતે ધર્મગ્રંથોના કે શાસ્ત્રોના ઉલ્લેખોની ભરમારથી એને વાસ્તવથી અળગો કર્યો નથી. આમ છતાં જ્યાં જરુર પડી ત્યાં એ પાવન પર્વતોનું ભાવપુર્ણ વર્ણન મળે છે અને એનો વાચકને સાક્ષાત્કાર થાય તે માટે જરુરી વીગતો પણ મળે છે.'

અહીં પાંચ યાત્રાઓની જાણકારી અપાઈ છે : (1) કૈલાસ-માનસરોવર યાત્રા, (2) મણીમહેશની યાત્રા, (3) શ્રીખંડ કૈલાસની યાત્રા, (4) અમરનાથ યાત્રા અને (5) ગીરનારની લીલી પરકમ્મા... પુસ્તક સાથેના પત્રમાં પ્રજ્ઞાબહેન લખે છે :

'મને તો હીમાલય પ્રત્યે અપાર પ્રેમ, ખેંચાણ. તેથી દર વર્ષે અચુક જાઉં. યાત્રા નીમીત્તે આંતરીક સૌંદર્ય, રસ્તા, જનજીવન, લોકો વગેરે સાથે નજીકથી જોડાવાનો લાભ મળે. ફોટોગ્રાફી ગમે, એનો પણ આનંદ લઈ શકાય. શ્રદ્ધાના જોરે જ આવી વીકટ યાત્રાઓ થઈ શકે. મન-શરીરની પણ ચકાસણી થઈ જાય !...'

એકવાર પ્રજ્ઞાબહેનની શ્રદ્ધાની કસોટી પણ થઈ ગઈ ! 'ધવલ બરફ વચ્ચે થીજી ગયેલી પળો' પ્રકરણમાં એમને પુનર્જીવન પ્રાપ્ત થયાની માહીતી મળે છે. શ્રીખંડ કૈલાસનાં દર્શન કરી છેલ્લા પડાવે જઈ રહ્યા હતા. જુજ ભાવીકો આ યાત્રાએ જતા હોય છે. લેખીકાનો પગ અચાનક લપસ્યો, સ્હેજ હલવા જાય તો તરત લપસવા લાગે; સહયાત્રીઓને બુમ પાડી... ભરતભાઈ ઈજાગ્રસ્ત હોવા છતાં, માટીના ભાગમાંથી પરત ફર્યા. એમના પગ પકડી માંડ માંડ ઉભા થયા પણ પછી તો બંને બે કલાક ધ્રુજતા શરીરે મદદની બુમો પાડતાં ઉભા રહ્યા... દુર દુર બે યાત્રીઓ નજરે પડ્યા. બે યુવાનો બરફના મેદાનમાં રમતા-દોડતા-લપસતા આવી રહ્યા હતા. પ્રજ્ઞાબહેને એમાંના એક યુવાનનો હાથ જ પકડી લીધો... 'ભૈયા, અબ આપ હી મુઝે ઠીકાને તક પહુંચાઓ...' માંડ માંડ ગ્લેશીયર્સ પાર કરી, છેલ્લા પડાવે પહોંચ્યા... આ લખનાર તો નીરીશ્વરવાદી છે પરંતુ લેખીકાની યાત્રા વીશેની સમજ સાથે સંમત :

'યાત્રા - એક અનુભુતી, સ્વ-સાક્ષાત્કારની ઉપલબ્ધી - એમાં પ્રગટતી પ્રસન્નતા. મન- હૃદયના એકલ ઝરુખે બેસી જાત સાથે સંવાદની એક પળ અને યાત્રા એટલે બસ ચાલ્યા જ કરીએ, ભળ્યા જ કરીએ એ ઘટના. પંથ બદલાય, પ્રવાસી બદલાય, પડાવ બદલાય અને મંજીલ બદલાય તો પણ યાત્રા ચાલુ હોય.'

કદાચ એટલે જ કુમારપાળ દેસાઈએ એમના લખાણનું શીર્ષક આપ્યું છે : યાત્રાનો ઉત્સવ !

***પર્યાવરણ વાવો, માનવ ઉગાડો :*** *ડૉ. મીતા હરીશ થાનકી, પ્રકાશક : ગુર્જર, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 140.*



પર્યાવરણ, એક સમાસથી બનેલો શબ્દ છે. 'ભગવદ્ગોમંડળ'માં તે શબ્દ નથી પરંતુ આજે તે સમગ્ર જીવસૃષ્ટીના અસ્તીત્વની દૃષ્ટીએ અત્યંત મહત્ત્વનો શબ્દ છે; માત્ર માનવીના જ જીવન પુરતો નહીં... પુસ્તકના 37 પ્રકરણના દરેક પાને પર્યાવરણના જતન અને સંવર્ધનની ચીંતા જોવા મળે છે. લોકપ્રીય કટારલેખીકા ડૉ. મીતા થાનકીના અભ્યાસ-લેખો અનેક સામયીકો, વર્તમાનપત્રોમાં પ્રગટ થતાં રહે છે. મીતાબહેને એમની મથામણ આ શબ્દોમાં વ્યક્ત કરી છે :

'ભારતીય સંસ્કૃતી તો હરહંમેશ પર્યાવરણની પુજક રહી છે. ભારતના આર્ષદૃષ્ટા ઋષીમુનીઓએ પૃથ્વી, આકાશ, વાયુ, સુર્ય, પાણી, પર્વતો, નદીઓ, વનસ્પતી અને પશુ- પંખીઓ એ સર્વને દેવ ગણ્યાં છે. તેમ છતાં ભારતની ગણના સૌથી વધારે પ્રદુષીત રાષ્ટ્ર તરીકે થાય એ આપણી કમનસીબી જ ગણાય ને ! આ કલંક દુર કરવા અને ભારતની ભાવી પેઢીને પર્યાવરણ સંરક્ષણ અંગે સભાન બનાવવાના વીરાટ કાર્યમાં આ પુસ્તકના લેખો થોડા અંશે પણ મદદરુપ પુરવાર થશે તો આ સમગ્ર લેખન પ્રક્રીયા સાર્થક થશે.'

પર્યાવરણની સમસ્યા અંગે સભાન થવાની સાથોસાથ સક્રીય થવું પડશે તે આ પુસ્તકનો સંદેશ છે.

***અંતર્નાદ*** *(એક નૃત્યમય જીવન) : મૃણાલીની સારાભાઈ, અનુવાદક : બકુલા ઘાસવાલા, ગુર્જર પ્રકાશન (સરનામું ઉપર મુજબ), મુલ્ય : રૂ. 475.*

**'અનુવાદ-ભાવાનુવાદ કરતાં ઝીલાયેલી અનાહતનાદની અપ્રતીમ ગુંજ : અંતર્નાદ'** શીર્ષકથી લખાયેલી પ્રસ્તાવનાનો આરંભ અનુવાદક આ શબ્દોમાં કરે છે :

પ્રકૃતીના અનંત સ્વરુપને માણવાની નીજી ઉત્કંઠા, એના લયને પામીને અનુભુતીની જીવંત અભીવ્યક્તી દ્વારા એને ચીરંતન અમરતા બક્ષવાની સહજ, આકંઠ ઈચ્છાનું મુર્તીમંત પ્રતીબીંબ એટલે નૃત્યાંગના મૃણાલીની - અમ્માજીની આત્મકથા - અંતર્નાદ. અંગ્રેજી ભાષામાં લખાયેલી આ આત્મકથાનું શીર્ષક છે, 'The voice of the heart.'

**'અંતર્નાદ'** : 336 પૃષ્ઠોનો આ ગ્રંથ આપણને કેટકેટલી સફર કરાવે છે ! કેરળના પાલઘાટ જીલ્લાનું ગામ શેખરીપુરમ્થી શરુ કરીને, ગુરુદેવ ટાગોરના સાંનીધ્યમાં




શાંતીનીકેતન લઈ જાય છે; પછી અમેરીકા, બેંગ્લોર, અમદાવાદ, કેમ્બ્રીજ, પેરીસ, ઈજીપ્તથી લઈને મેક્સીકો - જાપાન - ચીન... વીવીધ સ્થળોની મુલાકાત અને સાથોસાથ લેખીકાની આંતરસંપદા સમૃદ્ધ થતી જાય છે. વળી, મૃણાલીનીબહેન અને વીક્રમ સારાભાઈ બંને આંતરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત પ્રતીભાઓ. પોતપોતાનાં ક્ષેત્રમાં સીદ્ધીનાં શીખરે પહોંચેલા. ભરતનાટ્યમ્, કથકલી જેવાં નૃત્ય પ્રકારોમાં પ્રાવીણ્ય; અનેક નૃત્યનાટીકાઓ - ‘સોલો’ પરફોર્મ્સ દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કરી દેવા; ‘દર્પણ’માં બાળકોને અપાતી તાલીમ - એની બોલતી તસવીરો... અંતરને સતત ભીંજવતું રહે એવું ગદ્ય. અહીં ગાંધીજી અને મૃદુલા સારાભાઈ છે; તો મૃણાલીની બહેનનાં બહેન કેપ્ટન લક્ષ્મી અને સુભાષચંદ્ર બોઝ પણ છે. ભારતના તમામ રાષ્ટ્રપ્રમુખો, જવાહરલાલ નેહરુ, ઈન્દીરા ગાંધી, મોરારજી દેસાઈ વગેરે અનેક નેતાઓની તસવીરો છે. આજકાલ જોવા મળે છે તેમ નરી આત્મરતી કે આત્મશ્લાઘા માટે નહીં પર એક અવીસ્મરણીય કાલખંડના હીસ્સારુપે આ ગ્રંથનું પ્રાગટ્ય થયું છે.

હવે કેટલુંક ‘અમ્મા’ના શબ્દોમાં :

• થોડા મહીના પછી 1941માં 7 ઑગસ્ટે ગુરુદેવનું કલકત્તામાં અવસાન થયું. એ શ્રાવણની પુર્ણીમાનો દીવસ હતો. મને એ સમાચાર ચેન્નાઈમાં મળેલા. આમ તો અંતકાળની જાણ હતી, છતાં પણ એ વસમી ઘડી હતી. તેઓ મારા ગુરુ હતા. એમની છત્રછાયા દરેક અર્થમાં મારા પર હતી, એમની નૃત્યનાટીકાઓ મારા કાર્યક્ષેત્રનું પ્રેરણાસ્રોત હતી, તેઓ પયગંબર હતા. એમની નવલકથામાં ‘ગોરા’ દ્વારા જે શબ્દ એમણે કહેલા તે આજે પણ એટલા જ અનુરુપ છે :

‘આજે હું ખરેખર ભારતીય છું... હીન્દુ, મુસલમાન કે ઈસાઈ પ્રત્યે મારામાં કોઈ ભેદભાવ નથી. આજે ભારતની કોઈ પણ નાત એ મારી નાત છે. અને બધાનું અન્ન એ મારું અન્ન છે...’

સાચે જ કેવો અણમોલ મંત્ર...


નૃત્ય માટે તૈયાર થતાં

• વીક્રમના મોટાભાઈ સુહૃદ અને એમનાં ભાભી મનોરમા રજા ગાળવા બેંગલોર આવ્યાં હતાં. ઘરે જઈને એમણે બધાંને વાત કરેલી કે વીક્રમ મારી સાથેની મૈત્રી વીશે ગંભીરતાથી વીચારે છે. આ જ સમયે મજુર-ચળવળના નેતા ખંડુભાઈ દેસાઈ પણ બેંગલોર આવ્યા હતા, એમણે વીક્રમનાં ફોઈ અનસુયાબહેનને કહેલું કે એમને પણ વીક્રમની આંખોમાં એક અનોખી ચમક દેખાઈ, જેનાથી એમને એવું જરુર લાગ્યું કે એની જીંદગીમાં કોઈનું ખાસ સ્થાન છે. અનસુયાફોઈ પણ અમદાવાદમાં મજુર-ચળવળ સાથે સક્રીય હતાં. જોકે મને તો વર્ષો પછી આ બધી વાતની ખબર પડેલી. સુહૃદ અને મની (મનોરમાનું હુલામણું નામ) બન્નેએ મને હુંફ અને પ્રેમથી આવકારી જમણનું નોતરું આપેલું. મને બન્ને સાથે વાત કરવાની મજા પડેલી - ખાસ કરીને સુહૃદ સાથે. બન્નેની સંપુર્ણ ભારતીય સંસ્કારી રીતભાતથી હું તો મોહીત જ થઈ ગયેલી. મારા પરીવારની વૈચારીકતા એટલી ભારતીય ન હતી, જેની મને ચાહત હતી. આ એવા યુવાનો હતા જે પરદેશ ભમીને વૈચારીક ઘડતરથી સંપુર્ણ ભારતીય રહી શક્યા હતા. એવી દુનીયાના તેઓ હતા, જેની મને શોધ હતી. બન્ને સંસ્કૃતીના સમન્વયના સાચા રાહબરો !


ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર સાથે

• ચેન્નાઈના મારા ઘરે જ્યારે હું ચોકલીંગમ્ પીલ્લઈ પાસે તાલીમ લેતી હતી ત્યારે વીક્રમ દર અઠવાડીયે મને મળવા આવતા... તટમંદીરમાં અમે સમુદ્રની ઉછળતી તરંગલીલા માણતાં હતાં ત્યારે બન્ને ગાઢ મૌન-સમાધીમાં ડુબી ગયાં.... મારી અનીર્ણયાકતા તો હજીયે રહી હોત, પણ 1942માં ગાંધીજીના ‘ભારત છોડો આંદોલન’નાં પડઘમ બજ્યાં...

• મારાં મમ્મી તો ચળવળમાં અગ્રેસર થઈ ચુક્યાં હતાં, એટલે હું પણ સક્રીય તો હતી જ. કોંગ્રેસ કાર્યકર્તાઓની સતત મીટીંગ અમારા ઘરે થતી રહેતી. વાતાવરણમાં સતત ઘમસાણ રહેતું.

• વીક્રમના પરીવારના એક પણ સભ્યની હાજરી વગર લગ્ન થયાં, કારણ કે ચોતરફ વાતાવરણમાં

અંધાધુંધી હતી... 3 સપ્ટેમ્બર, 1942ના રોજ સાદાઈથી અમારાં લગ્ન થયાં... વીક્રમનાં માતાજીએ મોકલાવેલી શ્વેત સાડી અને ફુલોના દાગીનાથી સજીધજી હું ચોરીમાં બેઠેલી. મારૂં 'તાલી' (મંગળસુત્ર) સરસ મઝાના લક્ષ્મીના પેન્ડન્ટ સાથે શોભતું હતું, વીક્રમ એ બેંગ્લોરથી લાવેલા. વીક્રમ સાથે ફક્ત એક જ પ્રતીનીધી તે એમના ડ્રાઈવર લાલા ઈન્કૈયા, જે પહેલાં એમની અને પછી મારી સાથે પણ વફાદારીથી રહ્યા...

બસ, અહીં છ પ્રકરણ પુરાં થાય છે... કુલ પ્રકરણ 27 છે... લગ્ન પછી દામ્પત્યજીવન શરુ થાય છે. નૃત્યપ્રયોગો, વીદેશપ્રવાસો, 'દર્પણ'ની સ્થાપના, પુત્ર કાર્તીકેય 'અંતર્મુખ' જ્યારે મલ્લીકા 'બહીર્મુખ', શક્ય હોય ત્યાં સુધી એવું ગોઠવાતું કે બાળકો નાનાં હતા ત્યારે માતા- પીતા પૈકી એક ઘરે હોય જ; કુટુંબજીવનનાં સંઘર્ષો, 29 ડીસેમ્બરે વીક્રમ સારાભાઈનું થુમ્બા ખાતે ઉંઘમાં જ મૃત્યુ, કરુણાન્તીકાઓની ઘટમાળ અને એક યુગનો અંત... તાલબદ્ધ પ્રવાહમાં જીવનકથા આગળ વહેતી રહે છે. અમ્મા અને મલ્લીકાબહેને ચીનમાં ભારતનું પ્રતીનીધીત્વ કર્યું. પછી તો મલ્લીકા ઉપરાંત એમનાં બાળકો રેવંત અને અનાહીતાએ પણ નૃત્યપ્રવૃત્તીનું સાતત્ય જાળવી રાખ્યું. '2004માં અમે ચારે જણે અમારા જીવન-કાર્યોની નૃત્યરુપે રજુઆત કરેલી' એ બીના 'અમ્મા' માટે હૃદયસ્પર્શી... અંતીમ વાક્યો :

• 'શું જીવન અર્થસભર છે ? તમારી પરીપુર્ણતા શેમાં ?' લોકો મને પુછે છે. 'તમે પ્રસીદ્ધીના શીખરે છો, તમે નૃત્યનાં દેવીથી ઓળખાઓ છો, હજી શા માટે જાતને પરીશ્રમીત રાખો છો ?' મારી પાસે જવાબ નથી. હું એમને કઈ રીતે સમજાવું કે હું ત્યારે જ હું છું જ્યારે હું નૃત્યમય રહું છું. હું ફક્ત ત્યારે જ 'હું છું' જ્યારે હું નૃત્ય કરું છું. હું અનંત બની રહું છું, જ્યારે હું નૃત્ય કરું છું. મૌન એ જ મારો ઉત્તર. ગતી એ જ મારો પ્રતીભાવ.

હું જે છું તે આ કાળખંડનું અમુર્ત સ્વરુપ, રહસ્યાંકીત પ્રતીકની ધરતીનું સંતાન, મારા ભુતકાળ, વર્તમાન અને ભવીષ્યનાં સંચીત કર્મોના જાગ્રત ચૈતન્યથી સમયાતીત. અવકાશની પેલે પાર, એ પડઘાય


બાળકો સાથે વાર્તા


જ્યારે લેખિકા પ્રવાસ પર હતા ત્યારે...

કે પછી દૃશ્યમાન થાય...

આ પુસ્તક એટલે કલા અને વીજ્ઞાનથી રસાયેલું જીવન... બંનેનો અદ્ભુત સમન્વય ! યોગાનુયોગ આ લખાણ શીવરાત્રીની રજામાં અર્ધો દીવસ પ્રીન્ટીંગ પ્રેસ ચાલુ છે ત્યારે કમ્પોઝ થઈ રહ્યું છે... નૃત્ય સાથે નટરાજ કુદરતી રીતે યાદ આવે... અને યાદ આવે સત્યમ્ શીવમ્ સુંદરમ્... હાલની વૈશ્વીક પરીસ્થીતીમાં કલ્યાણની કામના કરવાની ઈચ્છા થાય - શીવમ્ !

- ઈ૦

❑

**'નયા માર્ગ'ની માલીકી તથા બીજી માહીતી અંગે નીવેદન**
**[ફોર્મ-4]**

| | | |
|---|---|---|
| 1. | પ્રકાશનનું સ્થળ | : નયા માર્ગ કાર્યાલય, ખેતભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ-380027. |
| 2. | પ્રકાશનની અવધી | : પાક્ષીક (તા. 1 અને 16 દર મહીને). |
| 3-4 | મુદ્રક-પ્રકાશકનું નામ | : ઈન્દુકુમાર જાની |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ઉપર 1 મુજબ. |
| 5. | તંત્રીનું નામ | : ઈન્દુકુમાર જાની |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ઉપર 1 મુજબ. |
| 6. | માલીકનું નામ | : 'નયા માર્ગ' ટ્રસ્ટ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ઉપર 1 મુજબ. |

હું, ઈન્દુકુમાર જાની, આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વીગતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

તા. 1-3-2017 (સહી) ઈન્દુકુમાર જાની
**પ્રકાશક**

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 1-3-2017

# કાવ્યોમાં સાંપ્રત

## ગઝલ

આ મંગળફેરા ફરવાનું છે તારુંમારું સહીયારું,
આ એકબીજાને જડવાનું છે તારુંમારું સહીયારું.

આ ગઢની રાંગે ઝુલવાનું છે તારુંમારું સહીયારું,
ને ધજા બની ફરફરવાનું છે તારુંમારું સહીયારું.

છો બીજ બનીને ફેંકાણાં'તાં નોખે નોખાં ક્યાંના ક્યાં,
પણ વૃક્ષ બનીને ફળવાનું છે તારુંમારું સહીયારું.

આ અંધારાના કીસ્સા પાછળ સુરજ હો કે હું કે તું,
પણ દીવો થઈને ઠરવાનું છે તારુંમારું સહીયારું.

આ છીપ શંખ હોડી મોજાં હલ્લેસાં દરીયા વડવાનલ,
કે છોળ બનીને ઉડવાનું છે તારુંમારું સહીયારું.

આ પોતપોતાના લખચોરાસી ચક્કરનો છે ચકરાવો,
પણ અધવચાળે મળવાનું છે તારુંમારું સહીયારું.

**- મધુમતી મહેતા**

[સૌજન્ય : 'નામ તારું રુદ્રાક્ષ પર', ઈમેજ પબ્લીકેશન્સ, મુંબઈ / અમદાવાદ]

## કોણ સાંભળે છે ?

અહીં તો
સફળ થયેલાઓના નામો જ
અંકીત થાય છે.
બાકીના નામોની નોંધ પણ ક્યાં હોય છે -
શોષીત, અભાવગ્રસ્ત
નગ્ન શીશુ, અર્ધ કે વીવસ્ત્ર નારીદેહ, શ્રમીક પુરુષ
બેકાર યુવાન, બીમાર કે વીકલાંગ / દીવ્યાંગ ?
નહીં અંકુરીત થયેલા બીજની માફક
દટાઈ રહે છે જમીનમાં.
હવા, પાણી અને પ્રકાશના અભાવમાં,
ટીમરુના પાનમાં કે મહુડાની ગંધમાં.
આદીવાસીના નાચ અને ગાનમાંથી
હુ હુ કરે છે તેમની વ્યથા / અને પીડા...
કોણ સાંભળે છે
પ્હાડ ? / નહીં ?
પ્હાડ ઉઘાડા થઈ ગયા છે.
નદીઓ સુકાઈ ગઈ છે.

**- ડૉ. કાલીન્દી પરીખ**

[અમરેલી (મો) 94291 39145]

## શીક્ષણ સહાયકો

કામનો કલ્લાક પુરો ને પુરું વેતન મળે નહીં
શું વીચાર્યું છે અમારું ? જો પછી પેન્શન મળે નહીં !

એટલું ઓછું છે વળતર એટલે સાદા છીએ
કે અમારી જીંદગીમાં કોઈ'દી ફેશન મળે નહીં !

છોકરાંને શીખવાડું સ્ટ્રેસનું મેનેજમેન્ટ ને
ના એક પણ એવો દીવસ હો ટેન્શન મળે નહીં !

આપણે તો એટલામાં રાજી એ શીખવું કવીતા
બહુ બધાં બીલ હાથમાં જો હોય તો પેશન મળે નહીં !

એક મહીને ઘરમાં આવી જતું તો આવતું
માસ બીજે ક્યાંયથી ઉધારમાં રેશન મળે નહીં !

ગુરુજી સૌ કાઢી બળાપો સમસમીને રહી જતાં
પણ ઉપરવાળાને કદીયે ક્યાંયથી લેશન મળે નહીં !

**- પારુલ નાયક**

(અમદાવાદ : મો. 94094 08469)

## દાદી

શ્રાવણની એક સવારે
આવી ચડ્યું બારણે
સાધુઓનું ટોળું ટહેલ નાખતું
વીંટો વાળેલી નાની થેલી બતાવીને કહે
માઈ, ઈતના અનાજ કા દાન કર
તેરા ભંડાર ભરા રહેગા
ઈશ્વર ભલા કરેગા તેરા.
કરીયાણાની દુકાન પર
વેપારીને થેલી આપીને / કહે દાદી
ભરી દે ભાઈ આ થેલીમાં
સમાય તેટલું અનાજ, સાધુ માટે,
વેપારી થેલીમાં અનાજ નાખતો જાય તેમ
થેલી મોટી થતી જાય / વીંટો વાળેલી થેલી
ખાસ્સી મોટી થતી જોઈને
વેપારી જુએ દાદી સામે,
દાદી હસતા હસતા કહેતા જાય
ભાઈ ચીંતા ના કર તું
ભરી દે થેલી તું તારે
આ તો આપનારા પણ તે જ
અને માંગનારો પણ તે જ...

**- આત્મારામ ડોડીયા**

[અમદાવાદ, મો - 94083 91181]

❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001